

# ન્યુઝ 4 કચ્છ

'વાત કચ્છીયતની'

RNI No. GujGuj/2023/87263 તંત્રી : જય દિનેશભાઇ દવે News4Kutch Daily

**સુવિચાર**
મુર્ખાઓ પાસેથી વખાણ સાંભળવા કરતા, બુદ્ધિશાળી વ્યક્તિ નો ઠપકો સાંભળવો ફાયદાકારક છે!

News Help Line : 78 74 88 99 33

વર્ષ: ૦૨ અંક : ૩૬ તા.૨૩.૦૮.૨૦૨૪, શુક્રવાર પાના: ૬ કિંમત: રૂા.૧ રજી.ઓફિસ: ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 36 Dt. 23-08-2024, Friday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


# કોલકાતા કાંડમાં પોલીગ્રાફી ટેસ્ટની મંજૂરી : ડોક્ટરોની હડતાળ સમેટાઇ

કોલકાતાની આર.જી.કર મેડિકલ કૉલેજ માં મહિલા ટ્રેની ડૉક્ટર પર દુષ્કર્મ બાદ હત્યા કરવાના કેસમાં કોર્ટ દ્વારા મહત્વનો નિર્ણય લેવાયો છે.આ સાથે ૧૧ દિવસથી વિરોધ કરી રહેલા ડોક્ટરોની હડતાલ સમેટાઇ છે. સુપ્રીમ કોર્ટે આ કિસ્સામાં નારાજગી વ્યક્ત કરી હતી સાથે સીબીઆઇએ આજે મહત્વપુર્ણ રીપોર્ટ રજુ કરી આ કિસ્સામાં ગેંગરેપ ન થયો હોવાનો રીપોર્ટ આપ્યો છે. સાથે કોર્ટે ચાર ડોક્ટરોના પૉલીગ્રાફી ટેસ્ટ માટે મંજુરી આપી છે બીજી તરફ દેશમાં દુષ્કર્મના અન્ય કિસ્સાઓ પણ સામે આવ્યા

કોલકાતા, તા.૨૨

પશ્ચિમ બંગાળમાં કોલકાતાની આર.જી.કર મેડિકલ કોલેજમાં મહિલા ટ્રેની ડોક્ટર પર દુષ્કર્મ બાદ હત્યા કરવાના કેસની તપાસ કરી રહેલી સીબીઆઈએ ચોંકાવનારો ખુલાસો કર્યો છે. સીબીઆઈની તપાસ મુજબ મહિલા ડોક્ટર સાથે દુષ્કર્મ થયું નથી અને આ કાંડમાં માત્ર એક જ આરોપી સંજય રોય સામેલ છે.દરમિયાન સીબીઆઈએ મહિલા ડોક્ટર પર બળાત્કાર અને હત્યાના કેસમાં સ્ટેટસ રિપોર્ટ સુપ્રીમ કોર્ટમાં રજૂ કર્યો હતો.રિપોર્ટમાં સીબીઆઈએ કહ્યું છે કે કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજ કેસમાં ક્રાઈમ સીન સાથે છેડછાડ કરવામાં આવી હતી. આ સમગ્ર મામલાને ઢાંકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.સીબીઆઈએ અંતિમ સંસ્કાર બાદ એફઆઈઆર દાખલ કરવા પર પણ સવાલો ઉઠાવ્યા હતા. ૨૦ ઓગસ્ટના રોજ સુપ્રીમ કોર્ટે આરજી કાર કોલેજની ઘટના પર સુઓ મોટુ સંજ્ઞાન લીધું હતું અને સુનાવણી કરી હતી. આ જ સુનાવણી દરમિયાન કોર્ટે સીબીઆઈ અને બંગાળ સરકારને આ ઘટનાની તપાસ અંગેનો સ્ટેટસ રિપોર્ટ કોર્ટમાં રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો.સીબીઆઈએ સીસીટીવી ફૂટેજની પણ તપાસ કરી છે, જેમાં જે બિલ્ડિંગમાં ડોક્ટરની હત્યા કરવામાં આવી, ત્યાં આરોપી જતો પણ જોવા મળ્યો હતો. આરોપ ીની હોસ્પિટલના તમામ વિભાગોમાં પહોંચ હતી. ઘટના સ્થળ પરથી તેના બ્લૂટૂથ હેડસેટ મળ્યા બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી. સીબીઆઈએ આ કેસમાં અન્ય લોકો સામેલ હોવા અંગેની તપાસ પૂરી કરી નથી. સીબીઆઈ ફોરેન્સિક રિપોટ-'ના અંતિમ નિર્ણય લેવા નિષ્ણાંતોને




રિપોર્ટ મોકલે તેવી સંભાવના છે. આ પહેલા એક ડોક્ટરે દાવો કર્યો હતો કે, પીડિતા સાથે સામુહિક દુષ્કર્મ આચરાયું હશે.હિલા ટ્રેની ડોક્ટર પર દુષ્કર્મ બાદ હત્યા કરવાના કેસમાં કોર્ટ દ્વારા મહત્વનો નિર્ણય લેવાયો છે. કોર્ટે આ કેસની તપાસ કરી રહેલી સીબીઆઈને મેડિકલ કૉલેજના પૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષ, એક સિવિક વોલેન્ટિયર અને ચાર જૂનિયર ડૉક્ટ-રોનો પોલીગ્રાફ ટેસ્ટ કરવા મંજૂરી આપી છે.મેડિકલ કૉલેજના સેમિનાર હોલમાંથી મહિલા ડૉક્ટરનો મૃતદેહ મળ્યા બાદ સંદીપ ઘોષણની શંકાસ્પદ ભૂમિકાની ઘણી ફરિયાદો સામે આવી હતી. આ કાંડમાં હોસ્પિટલના જૂનિયર ડૉક્ટરો ન્યાયની માંગણી કરી રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા.

## અંતે ડૉક્ટરોની હડતાળ સમેટાઈ

કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજ હોસ્પિટલમાં થયેલા ટ્રેઈની ડોક્ટર ના રેપ-હત્યા કેસમાં સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જે બાદ એઈમસના ડોક્ટરોએ ૧૧ દિવસથી ચાલી રહેલી હડતાળ સમેટી લીધી હતી. સીજેઆઈએ કોલકાતાની ઘટના પર સુનાવણી દરમિયાન કહ્યું- ડોક્ટરો કામ પર પાછા ફરે, અમે નેશનલ ટાસ્ક ફોર્સ બનાવી છે. ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશન (એફઆઈએમએ) એ ગુરુવારે સુપ્રીમ કોર્ટ ના હાકારાત્મક નિર્ણયને પગલે કોલકાતામાં એક ડોક્ટર પર બળાત્કાર અને હત્યાના વિરોધમાં બોલાવવામાં આવેલી તેની ૧૧ દિવસની હડતાલને સમાપ્ત કરવાનો નિર્ણય કર્યો. દિવસની શરૂઆતમાં સર્વોચ્ચ અદાલતે વિરોધ કરી રહેલા ડોકટરોને ફરીથી કામ શરૂ કરવા કહ્યું હતું અને તેમને ખાતરી આપી હતી કે તેઓ ફરીથી જોડાયા પછી કોઈ પ્રતિકૂળ પગલાં લેવામાં આવશે નહીં. "#FAIMAએ ભારતના મુખ્ય ન્યાયાધીશના સકારાત્મક નિર્દેશોને પગલે હડતાળને પાછી ખેંચવાનો નિર્ણય લીધો છે. અમે વચગાળાના રક્ષણ માટેની અમારી પ્રાર્થનાની સ્વીકૃતિ અને હોસ્પિટલોમાં સુરક્ષા વધારવા માટેના જરૂરી પગલાંને આવકારીએ છીએ. સંયુક્ત, અમે કાનૂની લડત ચાલુ રાખીશું, "FAIMAએ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું. સુપ્રિમ કોર્ટની અપીલને પગલે કોલકાતાની ઘટના અંગે ઘણા રેસિડેન્ટ ડોક્ટર્સ એસોસિએશને (RDAs)એ તેમની હડતાળને પાછી ખેંચી લીધા પછી તરત જ આ પગલું આવ્યું છે.

## કોર્ટ-પુર્વ જજો દુષ્કર્મ કેસોથી નારાજ

પશ્ચિમ બંગાળનાં કોલકાતાની આર.જી.કર મેડિકલ કોલેજમાં મહિલા ટ્રેની ડોક્ટર પર દુષ્કર્મ બાદ હત્યા કેસે સમગ્ર દેશને હચમચાવી મૂક્યો છે. ત્યારે સ્થાનીક કોર્ટથી લઇ સુપ્રીમ કોર્ટ આવા મામલાને લઇને નારાજ જોવા મળી રહી છે. સીજેઆઇએ આકરી ટીપ્પણી સાથે કોર્ટમાં સુનવણી કરી હતી કોલકાતા રેપ-મર્ડર કેસને લઈને દેશમાં આક્રોશ છે. દેશના દરેક ભાગમાં મહિલાઓની સુરક્ષા માટે લોકો રસ્તા પર ઉતરી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. મહિલાઓની સુરક્ષા પર લોકો સતત સવાલો પૂછી રહ્યા છે. આ મામલામાં હવે હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશો અને પૂર્વ બ્યુરોક્રેટ્સ સહિત અનેક અગ્રણી વ્યક્તિઓએ કોલકાતાની પુત્રી માટે ન્યાયની માગ કરી છે. બુધવારે કોલકાતામાં બનેલી ઘટના અંગે તેમણે કહ્યું કે આ ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી દીધો છે. પશ્ચિમ બંગાળના નીતિ નિર્માતાઓએ આના પર જલદીથી નિર્ણાયક પગલાં લેવા જોઈએ. લગભગ ત્રણસો ન્યાયાધીશો, ભૂતપૂર્વ અમલદારો, વરિષ્ઠ અધિકારીઓ અને ભૂતપૂર્વ લશ્કરી અધિકારીઓએ આ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે તાલીમાર્થી ડૉક્ટરનો રેપ અને હત્યા એ પશ્ચિમ બંગાળમાં બગડતા સામાજિક-સાંસ્કૃતિક પરિદ્રશ્ય અને મહિલાઓ દ્વારા સામનો કરવામાં આવતા ગંભીર જોખમોની યાદ અપાવે છે. તેમણે કહ્યું કે, આવી ઘટનાઓ સરકારની જવાબદારીની અભાવને છતી કરે છે. તેમણે આ ઘટનાને લઈને રાજ્ય સરકારની કાર્યવાહી પર ઘણા સવાલો ઉઠાવ્યા અને કહ્યું કે શરૂઆતમાં તેને આત્મહત્યા કહેવામાં આવી હતી. મહારાષ્ટ્રના થાણે જિલ્લાના બદલાપુરમાં બે બાળકીઓના યૌન શોષણની ઘટના પર દરેક લોકો ગુસ્સે છે.

## ક્યારે અટકશે દુષ્કર્મના કિસ્સા

એક તરફ પચ્છિમ બંગાળથી લઇ મહારાષ્ટ્રમાં દુષ્કર્મના કિસ્સાઓ સામે આવ્યા છે જેને લઇને દેશમાં રોષ છે. તે વચ્ચે આવા સીલસીલા અટકી રહ્યા નથી તે વચ્ચે ઝાંસી જિલ્લાના એક ગામમાં રહેતી ૧૭ વર્ષની છોક-રીને ગામના ત્રણ યુવકો કારમાં આવ્યા અને તેનું અપહરણ કર્યું. ત્રણેય તેના પર સામૂહિક બળાત્કાર કર્યો અને તેને કફોડી હાલતમાં મૂકીને ભાગી ગયા. જ્યારે પીડિતા તેના ઘરે જવાની હિંમત કરી શકી ન હતી, ત્યારે તે સવારે લગભગ ૧૧ વાગ્યે તેની માસીના ઘરે પહોંચી હતી અને તેણીની આપવીતી વર્ણવી હતી.તો બીજી તરફ મહારાષ્ટ્રના થાણે જિલ્લાના બદલાપુરમાં બે બાળકીઓના યૌન શોષણની ઘટના પર હાઈકોર્ટની ફટકાર લગાવી શાળા પણ સુરક્ષિત નથી, ૪ વર્ષની બાળકીને પણ બક્ષવામાં આવી નથી તેવા સવાલો સાથે ઝાટકણી કાઢી હતી. ન્યાયાધીશે કહ્યું કે જો શાળાને પોસ્કો એક્ટ વિશે ખબર હતી અને તેણે કાર્યવાહી ન કરી તો શું તેમની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી છે? જી પીડિતા વિશે એફઆઈઆરમાં કંઈ લખવામાં આવ્યું નથી. કોર્ટે કહ્યું કે આ ખૂબ જ ગંભીર ગુનો છે.પોલીસ આ બાબતને ગંભીરતાથી કેવી રીતે લેતી નથી. અમે જાણવા માંગીએ છીએ કે તમે શાળાની છોકરીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કયા પગલાં લઈ રહ્યા છો? છોકરીઓની સુરક્ષા સાથે બિલકુલ બાંધછોડ કરી શકાય નહીં. આ હવે સામાન્ય બાબત બની ગઈ છે. જ્યાં સુધી જોરદાર વિરોધ ન થાય ત્યાં સુધી તંત્ર કામ કરતું નથી. શું તમે કહેવા માગો છો કે જ્યાં સુધી લોકો રસ્તા પર નહીં ઉતરે ત્યાં સુધી તપાસ ગંભીરતાથી નહીં થાય?કોર્ટે પીડિતાઓની ઉંમર પૂછી હતી

## કાઝી હવે આસામમાં મુસ્લિમોના લગ્નની નોંધણી કરાવી શકશે નહીં

સીએમ સરમાએ એવો પણ દાવો કર્યો હતો કે અગાઉ સગીરોના લગ્ન પણ કાઝી દ્વારા રજીસ્ટર કરવામાં આવ્યા હતા, પરંતુ પ્રસ્તાવિત બિલ આવા કોઈપણ પગલા પર પ્રતિબંધ મૂકશે. કેબિનેટના નિર્ણયને ટાંકીને તેમણે કહ્યું કે, 'હવે સગીરોના લગ્નનું રજિસ્ટ્રેશન બિલકુલ નહીં થાય. અમે બાળ લગ્નની દુષ્ટ પ્રથાને ખતમ કરવા માંગીએ છીએ. ,આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમાએ બુધવારે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર આવતીકાલે (ગુરુવારે) શરૂ થતા ચોમાસુ સત્ર દરમિયાન વિધાનસભામાં એક નવું બિલ રજુ કરશે, જેમાં મુસ્લિમ પર્સનલ લોની કેટલીક જોગવાઈઓ રદ કરવામાં આવશે. નિષ્ણાતોનું કહેવું છે કે જો તે પાસ થઈ જશે તો યુનિફોર્મ સિવિલ કોડની દ્રષ્ટિએ તે એક મોટું પગલું હશે.મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ કહ્યું છે કે રાજ્યમાં મુસ્લિમોના લગ્ન અને છૂટાછેડાની ફરજિયાત સરકારી નોંધણી કરવામાં આવશે. આ માટે બિલ આવશે. તેમણે કહ્યું, 'પહેલાં, મુસ્લિમ લગ્નો કાઝી દ્વારા રજીસ્ટર કરવામાં આવતા હતા, પરંતુ આ નવું બિલ એ સુનિશ્ચિત કરશે કે સમુદાયમાં થતા તમામ લગ્ન સરકારમાં રજીસ્ટર થશે.'આ દરમિયાન સરમાએ એવો પણ દાવો કર્યો હતો કે અગાઉ સગીરોના લગ્ન પણ કાઝી દ્વારા રજીસ્ટર કરવામાં આવ્યા હતા, પરંતુ પ્રસ્તાવિત બિલ આવા કોઈપણ પગલા પર પ્રતિબંધ મૂકશે. કેબિનેટના નિર્ણયને ટાંકીને તેમણે કહ્યું કે, 'હવે સગીરોના લગ્નનું રજિસ્ટ્રેશન બિલકુલ નહીં થાય. અમે બાળ લગ્નની દુષ્ટ પ્રથાને ખતમ કરવા માંગીએ છીએ. તેથી, લગ્નની નોંધણી સબ-રજિસ્ટ્રાર કચેરીમાં કરવામાં આવશે. સરમાએ એવો પણ દાવો કર્યો હતો કે અગાઉ સગીરોના લગ્ન પણ કાઝી દ્વારા રજીસ્ટર કરવામાં આવ્યા હતા.

## અદાણીની ઈજારાશાહી મુદ્દે સીસીઆઈ જેવી સંસ્થાઓ કેમ નિષ્ક્રિય: કોંગ્રેસ

અદાણીના મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કરતાં કોંગ્રેસે સવાલ કર્યો હતો કે પીએમના ગાઢ મિત્રનું અદાણી ગ્રૂપ એક પછી બીજી કંપનીઓ ખરીદીને મહત્વના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રોમાં ઈજારાશાહી ઊભી કરે છે અને ગ્રાહકોના ભોગે ભાવવધારો કરે છે ત્યારે ભારતીય સ્પર્ધા પંચ શા માટે નિષ્ક્રીય બની જાય છે. કોંગ્રેસના જનરલ સેક્રેટરી ઈન્ચાર્જ કોમ્યુનિકેશન્સ જયરામ રમેશે જણાવ્યું હતું કે ભારતીય સ્પર્ધા પંચે રિલાયન્સ-ડિઝનીના સૂચિત મર્જરથી સ્પર્ધામાં ઘટાડો થશે તેવી ચિંતા વ્યક્ત કરી છે. વડાપ્રધાનના અન્ય ફેવરિટ બિઝનેસ ગ્રૂપની કંપનીઓ એકપછી બીજી કંપનીઓને હસ્તગત કરીને વિવિધ ઉદ્યોગોમાં સ્પર્ધામાં ઘટાડો કરી રહ્યા છે તે અંગે વિચારણા કરવાની હિંમત દાખવવાનો સીસીઆઈ માટે આ યોગ્ય સમય છે. ચોક્કસ મર્યાદા કરતાં વધુના તમામ મર્જર અને એક્વિઝિશન માટે કાનૂની રીતે સીસીઆઈની મંજૂરી જરૂરી છે. આમ છતાં અદાણી ગ્રૂપના તમામ એક્વિઝિશનને મંજૂરી આપવામાં આવી છે અને ગ્રૂપે ધાકધમકી અને બળજબરીપૂર્વક બંદરો, એરપોર્ટ્સ, પાવર અને સિમેન્ટ જેવા ક્ષેત્રોમાં ઈજારાશાહી બનાવી છે, જેને સત્તાનું સમર્થન છે. તાજેતરના વર્ષોમાં સીસીઆઈએ વર્ચસ્વના કથિત દુરુપયોગ માટે ઘણી સ્થાનિક અને વૈશ્વિક કંપનીઓને પેનલ્ટી ફટકારી છે.

## રાજસ્થાનમાં ભારે વરસાદને લઈને એલર્ટ, ૨૪-૨૬ ઓગસ્ટે વાદળો તબાહી મચાવશે

રાજસ્થાનમાં વરસાદી મોસમ ચાલુ છે જ્યાં છેલ્લા ૨૪ કલાકમાં કોટા અને અજમેર સહિત ચાર જિલ્લામાં ભારે વરસાદ નોંધાયો છે. હવામાન કેન્દ્ર, જયપુરના જણાવ્યા અનુસાર, ગુરુવારે સવારે ૮.૩૦ વાગ્યા સુધી છેલ્લા ૨૪ કલાકમાં, પશ્ચિમ રાજસ્થાનમાં કેટલાક સ્થળોએ અને પૂર્વી રાજસ્થાનમાં ઘણા સ્થળોએ ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો છે. આ સમયગાળા દરમિયાન રાજસમંદ, બારાન, કોટા અને અજમેર જિલ્લામાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ નોંધાયો છે. અજમેરના નસીરાબાદમાં સૌથી વધુ ૮૯ મીમી વરસાદ થયો હતો. એ જ રીતે રાજસમંદ જિલ્લાના ખમનોરમાં ૭૭ મિ.મી., નાથદ્વારામાં ૬૮ મિ.મી., કોટાના દેવગઢમાં ૬૭ મિ.મી. અને બારાણમાં ૬૫ મી.મી. વરસાદ પડ્યો. ઉદયપુર, ટોંક, સિરોહી, કરૌલી, જોધપુર, ડુંગરગઢ અને ચિત્તોડગઢ જિલ્લામાં ઘણી જગ્યાએ ભારે વરસાદ થયો હતો. તે જ સમયે, આજથી પૂર્વ રાજસ્થાનમાં ફરીથી ભારે વરસાદ શરૂ થવા જઈ રહ્યો છે. હવામાન વિભાગે આજે પૂર્વ રાજસ્થાનના ૧૦ જિલ્લામાં ભારે વરસાદની ચેતવણી આપી છે. તેમાંથી ઉદયપુર, રાજસમંદ, પ્રતાપગઢ, કોટા, ઝાલવાડ, ડુંગરપુર, ચિત્તોડ ગઢ, બુંદી, ભીલવાડા અને બાંસવાડા માટે ભારે વરસાદની યલો એલર્ટ જારી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર નવી હવામાન પ્રણાલીના પ્રભાવને કારણે આગામી એક સપ્તાહ સુધી પૂર્વ રાજસ્થાનના ઘણા ભાગોમાં ચોમાસું સક્રિય રહેવાની શક્યતા છે. આ સમયગાળા દરમિયાન, ભરતપુર, જયપુર, અજમેર, કોટા, ઉદયપુર વિભાગના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે કેટલાક સ્થળોએ મધ્યમથી ભારે વરસાદની સંભાવના છે.

## હવે શેખ હસીના વિરુદ્ધ સરઘસ પર હુમલાનો આરોપ

ઢાકા, તા.૨૨

બુધવારે બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીના અને અન્ય ૮૬ લોકો વિરુદ્ધ સિલ્હેટ શહેરમાં એક સરઘસ પર હુમલો કરવા બદલ કેસ નોંધવામાં આવ્યો હતો, જેમાં ઘણા લોકોને ગોળી વાગી હતી અને મોટી સંખ્યામાં ઘાયલ થયા હતા. આ હુમલો ૪ ઓગસ્ટના રોજ થયેલા ભારે વિરોધ દરમિયાન થયો હતો. તેમની હકાલપટ્ટી બાદ હવે શેખ હસીના સામે નોંધાયેલા કેસોની સંખ્યા વધીને ૩૩ થઈ ગઈ છે.જાતિયતાબાદી છાત્ર દળના સિલ્હેટ શહેર એકમના કાર્યકારી પ્રમુખ ઝુબેર અહેમદે સિલહટ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ સુમન ભુઈયાની કોર્ટમાં કેસ દાખલ કર્યો છે. આ કેસમાં હસીનાની બહેન શેખ રેહાના પણ આરોપી છે.ડેઈલી સ્ટાર અખબાર અનુસાર, કેસમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે આરોપીઓએ ૪ ઓગસ્ટના રોજ સિલ્હેટ શહેરના બંદરબજાર વિસ્તારમાં બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી અને તેની સાથે જોડાયેલા સંગઠનો દ્વારા આયોજિત એક શાંતિપૂર્ણ રેલી પર હુમલો કર્યો હતો, જેમાં ઘણા લોકો ઘાયલ થયા હતા.આ મામલામાં અવામી લીગના જનરલ સેક્રેટરી અને ભૂતપૂર્વ રોડ ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર ઓબેદુલ કાદર, ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અસદુઝમાન ખાન, ભૂતપૂર્વ વિદેશ પ્રધાન હસન મહમૂદ, ભૂતપૂર્વ કાયદા પ્રધાન અનીસુર રહેમાન અને વડા પ્રધાનના ભૂતપૂર્વ સલાહકાર સલમાન એફ રહેમાનના નામ સામેલ છે.

## ભારત હંમેશા માનવતા માટે કામ કરે છે : મોદી

નવી દિલ્હી, તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોલેન્ડની બે દિવસીય મુલાકાતે પહોંચ્યા છે. અહીં પીએમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે મોન્ટે કેસિનો યુદ્ધ સ્મારક નજીક વલીવડે-કોલ્હાપુર શિબિરની સ્મારક તકતી પર શ્રદ્ધાંજલિ આપી, જેનું ઉદ્ઘાટન નવેમ્બર ૨૦૧૭માં થયું હતું. વડાપ્રધાન મોદીની પોલેન્ડની મુલાકાત છેલ્લા ૪૫ વર્ષમાં ભારતીય વડાપ્રધાનની પ્રથમ મુલાકાત છે. પોલેન્ડમાં તેમના રોકાણ દરમિયાન પીએમ મોદી પોલેન્ડના રાષ્ટ્રપતિ એન્ડ્રેજ સેબેસ્ટિયન ડુડાને મળશે. આ સાથે તેઓ પોલેન્ડના વડાપ્રધાન ડોનાલ્ડ ટસ્ક સાથે દ્વિપક્ષીય વાતચીત કરશે.પોલેન્ડની રાજધાની વોર્સોમાં ભારતીય સમુદાયના લોકોને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે તમે બધા પોલેન્ડના જુદા જુદા ભાગોમાંથી આવ્યા છો. દરેકની ભાષા, બોલી, ખોરાક અલગ અલગ હોય છે. પરંતુ દરેક વ્યક્તિ જોડાયેલ છે. તમે અહીં આટલું સુંદર સ્વાગત કર્યું છે. આ સ્વાગત માટે હું તમારા બધાનો, પોલેન્ડના લોકોનો ખૂબ ખૂબ આભારી છું.



તમે લોકો છેલ્લા એક અઠવાડિયાથી ભારતીય મીડિયા પર પ્રભુત્વ જમાવી રહ્યા છો. પોલેન્ડના લોકોની ખૂબ ચર્ચા થઈ રહી છે. અને પોલેન્ડના વિષય પર પણ ઘણું કહેવામાં આવી રહ્યું છે. મીડિયામાં કહેવામાં આવી રહ્યું છે કે ૪૫ વર્ષ બાદ કોઈ ભારતીય વડા પ્રધાન પોલેન્ડ આવ્યા છે. હું ઘણી સારી વસ્તુઓ કરવા માટે નસીબદાર છું.તેણે કહ્યું કે થોડા મહિના પહેલા જ હું ઓસ્ટ્રિયા ગયો હતો. ચાર દાયકા પછી કોઈ ભારતીય વડાપ્રધાન પણ ત્યાં પહોંચ્યા હતા. દાયકાઓથી ભારતના કોઈ વડાપ્રધાન આવા ઘણા દેશોમાં પહોંચ્યા નથી. પરંતુ હવે સંજોગો અલગ છે. દાયકાઓ સુધી ભારતની નીતિ તમામ દેશોથી સમાન અંતર જાળવી રાખવાની હતી, જ્યારે આજે ભારતની નીતિ તમામ દેશોની નજીક બનવાની છે. આજનો ભારત દરેક સાથે જોડાવા માંગે છે, આજનો ભારત દરેકના વિકાસની વાત કરે છે, આજનો ભારત સૌની સાથે છે, દરેકના કલ્યાણ વિશે વિચારે છે. અમને ગર્વ છે કે આજે વિશ્વ ભારતને વિશ્વ ભાઈ તરીકે સન્માનિત કરી રહ્યું છે.વડાપ્રધાને કહ્યું કે અમારા માટે આ રાજકારણનો મામલો નથી. તેના બદલે તે સંસ્કૃતિ વિશે છે. જેઓને ક્યાંય સ્થાન ન મળ્યું, ભારતે તેમને પોતાના હૃદયમાં અને દેશમાં સ્થાન આપ્યું છે. આ આપણી સંસ્કૃતિ છે, જેના પર દરેક ભારતીયને ગર્વ છે. પોલેન્ડ તેનું ભાગીદાર રહ્યું છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જ્યારે પોલેન્ડ મુશ્કેલીઓથી ઘેરાયેલું હતું, જ્યારે પોલેન્ડની હજારો મહિલાઓ અને બાળકો આશ્રય માટે સ્થળે સ્થળે ભટકી રહ્યા હતા ત્યારે જામ સાહેબ, દિગ્વિજયસિંહ રણજીતસિંહ જાડેજા જી આગળ આવ્યા.

## ફાર્મા કંપનીમાં ભયાનક વિસ્ફોટ, ૧૮ કર્મચારીઓના મોત, ૩૬ ગંભીર

આંધ્રપ્રદેશ, તા.૨૨

આંધ્રપ્રદેશના અનાકપલ્લે અચ્યુતાપુરમમાં બુધવારે એક મોટી દુર્ઘટના થઈ. અહીં બપોરના સમયે એસેન્શિયા કંપનીના ફાર્મા યુનિટ માં વિસ્ફોટ બાદ ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દરમિયાન યુનિટમાં કામ કરતા ૬૦ જેટલા કર્મચારીઓ આગની લપેટમાં આવી ગયા હતા. જેમાંથી અત્યાર સુધીમાં ૧૮ કર્મચારીઓના મોત થયા છે, જ્યારે ૩૬ ગંભીર રીતે ઘાયલ છે. આગની માહિતી મળતા જ ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટના સ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. ગંભીર રીતે ઘાયલ કર્મચારીઓને અલગ-અલગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. દુર્ઘટના વિશે માહિતી આપતા, અનાકપલ્લે અચ્યુતાપુરમ પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું કે બુધવારે અચ્યુતપુરમ ફાર્મા SEZમાં એસેન્ટિયા એડવાન્સ્ડ સાયન્સ પ્રાઈવેટ લિમિટેડમાં સેંકડો કર્મચારીઓ કામ કરી રહ્યા હતા. બપોરે લગભગ ૧.૩૦ વાગ્યે લંચ દરમિયાન અચાનક કંપનીના ફાર્મા યુનિટમાં જોરદાર વિસ્ફોટ થયો હતો.

વિસ્ફોટ થતાની સાથે જ અચાનક આગ ફાટી નીકળી હતી. આખું યુનિટ ધુમાડાથી ભરાઈ ગયું હતું. શું થયું તે કર્મચારીઓ સમજી શક્યા નહીં. તે પોતાનો જીવ બચાવવા બહાર દોડ્યો, પરંતુ ધુમાડા વચ્ચે તેને બહાર નીકળવાનો દરવાજો મળ્યો નહીં અને તે અંદર ફસાઈ ગયો. પોલીસ અધિકારીએ જણાવ્યું કે વિસ્ફોટના અવાજથી નજીકના ગામોના લોકો પણ ગભરાઈ ગયા હતા. આ અંગે ગામના લોકોએ જાતે જ પોલીસને જાણ કરી હતી. માહિતી મળતાં જ પોલીસની ટીમ સાથે ફાયર બ્રિગેડની ૧૧ ગાડીઓ આગ ઓલવવા માટે પ હોંચી હતી. ઘટનાસ્થળેની સ્થિતિ ખૂબ જ ભયાનક હતી. તરત જ બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી.

## જમ્મુ-કાશ્મીર ચૂંટણીમાં ગઠબંધન લડશે : રાહુલના મોદી પર પ્રહાર



જમ્મુ, તા.૨૦

જમ્મુ કાશ્મીર અને હરિયાણા વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર કરી દેવાઈ છે. ત્યા બીજીતરફ કોંગ્રેસે લોકસભા બાદ વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી ભાજપ ને ટેન્શન આપવાની કામગીરી શરૂ કરી દીધી છે. આગામી મહિને જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી યોજાય,તે પહેલા કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સે ગઠબંધન કર્યું છે. એટલું જ નહીં પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી પણ ગઠબંધનમાં સામેલ થાય તેવા અહેવાલો છે. નેશનલ કોન્ફરન્સના પ્રમુખ અને પૂર્વ મુખ્યમંત્રી ફારૂક અબ્દુલ્લા કોંગ્રેસ સાથે ગઠબંધન કરવાની જાહેરાત કરી છે. લોકસભાના વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી જમ્મુ-કાશ્મીરની મુલાકાતે ગયા હતા, જે દરમિયાન બંને પાર્ટીઓ વચ્ચે ગઠબંધન અંગે સમજૂતી થઈ છે. જમ્મુ-કાશ્મી-રની મુલાકાત દરમિયાન રાહુલ ગાંધી, કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને ફારુક અબ્દુલ્લા વચ્ચે બેઠક યોજાઈ હતી, જેમાં પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે, તમામ ૯૦ બેઠકો પર લડીશું. કોંગ્રેસ, સીપીઆઈએમ અને એનસી એક સાથે છે. તેમણે પીડીપી અંગે કહ્યું કે, કોઈપણ પક્ષ માટે દરવાજા બંધ નથી.કોંગ્રેસે જમ્મુ કાશ્મીરની જવાબદારી સુખજિંદર સિંહ રંધાવાને સોંપી છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું, જો અમે જમ્મુ-કાશ્મીરની ચૂંટણી જીતીવા મેદાને ઉતરશુ જ પરિણામો અમારા માટે અગત્યના છે.

### રાહુલે કહ્યુ મોદીનો કોન્ફિડેન્સ તોડી નાખ્યો

જમ્મુ અને કાશ્મીરમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીની તાડામાર તૈયારીઓ વચ્ચે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી ગુરુવારે શ્રીનગર પહોંચ્યા હતા. અહીં તેમણે કોંગ્રેસના કાર્યકર્તાઓને સંબોધિત કર્યા હતા. તેમણે લોકોને ખાતરી આપી કે તેમની સમસ્યાઓનું નિરાકરણ કરવામાં આવશે અને કોંગ્રેસ પક્ષ તેમની સાથે છે. આ મુલા-કાત દ્વારા કોંગ્રેસે સંકેત આપ્યો કે તેઓ આગામી ચૂંટણીમાં જમ્મુ-કાશ્મીરની સ્થિતિને ગંભીરતાથી લેશે અને પાર્ટી કાર્યકર્તાઓની મહેનત અને સન્માનની રક્ષા કરશે. પોતાના સંબોધનમાં રાહુલ ગાંધીએ લોકસભા ચૂંટણીના પરિણામોનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે ભારત ગઠબંધનથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આત્મવિશ્વાસ નષ્ટ થઈ ગયો છે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ શ્રીનગરમાં પાર્ટી કાર્યકર્તાઓને કહ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરનું પ્રતિનિધિત્વ કરવું અને એને રાજ્યનો દરજ્જો પાછો અપાવવો એ સૌથી મહત્ત્વપૂર્ણ છે. મારે અહીંથી લોહીના સંબંધો છે. આવી સ્થિતિમાં અમને આશા છે કે ચૂંટણીમાં લોકો અમને ચોક્કસ સમર્થન આપશે. નફરતના બજારમાં આપણે પ્રેમની દુકાન ખોલવી પડશે.

## એર ઈન્ડિયાની ફ્લાઈટમાં બોંબની ધમકીથી અફરાતફરી

કેરળ, તા.૨૨

મુંબઈથી તિરુવનંતપુરમ જતી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં બોંબ હોવાની ધમકી મળ્યા બાદ સુરક્ષા તપાસ માટે પ્લેનને આઈસોલેશન બેમાં લઈ જવામાં આવી હતી અને અને તમામ મુસાફરોને બહાર કાઢવામાં આવ્યા હતા. પ્લેનમાં બોંબની ધમકી સવારે ૭.૩૦ વાગ્યે આપવામાં આવી હતી. ૭ મિનિટ બાદ સમગ્ર એરપોર્ટ પર ઈમરજન્સી જાહેર કરવામાં આવી હતી. પ્લેન સુરક્ષિત રીતે લેન્ડ કરવામાં આવ્યું અને તેને આઈસોલેશન બેમાં લઈ જવામાં આવી હતી. આ પછી, તમામ મુસાફરોને બહાર કાઢીને વિમાનની તપાસ કરવામાં આવી હતી, જેમાં કંઈ મળ્યું ન હતું. આ દરમિયાન કોઈને ઈજા કે કોઈ પ્રકારનું નુકસાન થયું નથી. એરપોર્ટ પર તમામ સેવાઓ પહેલાની જેમ જ રાબેતા મુજબ ચાલી રહી છે.

એરપોર્ટ મેનેજમેન્ટનું કહેવું છે કે, ફોન કોલ દ્વારા આ ખોટી માહિતી આપ વામાં આવી હતી. આ એક હોક્સ કોલ છે, પરંતુ તમામ સુરક્ષા પ્રોટોકોલનું પાલન કરવામાં આવી રહ્યું છે. ફ્લાઈટ-ને આઈસોલેશન બેમાં લઈ જવામાં આવી હતી અને સુરક્ષા તપાસ હાથ ધરવામાં આવી હતી, તમામ મુસાફરોને સલામત રીતે નીચે ઉતારવામાં આવ્યા હતા. પ્લેન તિરુવનંતપુરમ એરપોર્ટની નજીક પહોંચ્યું ત્યારે પાયલટે બોંબની ધમકી વિશે જાણ કરી. વિમાનમાં ૧૩૫ મુસાફરો સવાર હતા. ધમકી કોણે અને કેવી રીતે આપી તે અંગે હજુ સુધી માહિતી મળી નથી. એઈમ્સ અને સફદરજંગ સહિતની અનેક હોસ્પિટલો અને દિલ્હીના એક મોલને મંગળવારે ૨૦ ઓગસ્ટના રોજ બોંબની ધમકીના ઈમેલ મળ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, ઈમેલમાં AIIMS, સફદરજંગ, અપોલો, મૂળચંદ, મેક્સ અને સર ગંગારામ હોસ્પિટલ સહિત લગભગ ૫૦ સરકારી-ખાનગી હોસ્પિટલોની યાદી હતી. બપોરે ૧૨:૦૪ વાગ્યે મોકલવામાં આવેલ ઈમેલમાં લખ્યું હતું કે, "અમે તમારી બિલ્ડીંગની અંદર ઘણા વિસ્ફોટકો લગાવ્યા છે.

## આજનું રાશિફળ

**મેષ :**

આજના દિવસે સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. તમારા પર કુટેવોની અસર છોડી શકતા લોકોથી દૂર રહો. આજે પ્રેમમાં તમારે ભાગ્યવંત દિવસ છે. તમે લાંબા ગાળાથી જેની કલ્પના કરી રહ્યા હતા એ તમારી કલ્પનાઓની પૂર્તિ કરી તમારૂં પ્રિય પાત્ર તમને સરપ્રાઈઝ આપશે. અન્ય દેશોમાં વ્યાવસાયિક સંપર્કો વિકસાવવા માટે આ અદભુત સમય છે. તમારા સમય ની કિંમત સમજો, એવા લોકો ની વચ્ચે રહેવું જેની વાતો તમે સમજી નથી શકતા તો તે ખોટું છે. આવું કરવા થી તમને ભવિષ્ય માં મુશ્કેલીઓ સિવાય કંઈ નહીં મળે.

**વૃષભ :**

આજના દિવસે સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. તમારા પર કુટેવોની અસર છોડી શકતા લોકોથી દૂર રહો. આજે પ્રેમમાં તમારે ભાગ્યવંત દિવસ છે. તમે લાંબા ગાળાથી જેની કલ્પના કરી રહ્યા હતા એ તમારી કલ્પનાઓની પૂર્તિ કરી તમારૂં પ્રિય પાત્ર તમને સરપ્રાઈઝ આપશે. અન્ય દેશોમાં વ્યાવસાયિક સંપર્કો વિકસાવવા માટે આ અદભુત સમય છે. તમારા સમય ની કિંમત સમજો, એવા લોકો ની વચ્ચે રહેવું જેની વાતો તમે સમજી નથી શકતા તો તે ખોટું છે.

**મિથુન :**

આજના દિવસે તમારામાંના કેટલાકને આજે મહત્વના નિર્ણયો લેવાની ફરજ પડશે જે તમને તાણગ્રસ્ત અને ઉદ્દીગ્ન કરી મુકશે. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે? તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. એકાએક થયેલો રૉમેન્ટક મેળાપ તમને મૂંઝવી નાખશે. ઑફિસમાં આજે તમારા અભિગમ તથા કામની ગુણવત્તામાં સુધારાનો અનુભવ તમે કરશો. સંવાદ સાધવાની કળા આજે તમારૂં સુદૃઢ પાસું રહેશે. આજે તમને અનુભૂતિ થશ કે તમારી જીવનસંગિની માટે તમારૂં મહત્વ કેટલું છે.

**કર્ક :**

આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. તમારી બારીમાં ફૂલો મૂકી તમારો પ્રેમ દર્શાવો. આ રાશિ ના વેપારીઓ ને આજે વેપાર માટે અણધારી મુસાફરી કરવી પડી શકે છે. આ મુસાફરી તમને માનસિક તાણ આપી શકે છે. નોકરીપેશા લોકો ને ઓફિસ માં ચુગલખોરી કરવા થી બચવું જોઈએ? તમારા વડે આજ ના દિવસ માં એવા કામ કરવા માં આવશે જેના વિષે તમે ઘણી વાર વિચારો છો પરંતુ કરવા માટે અસમર્થ હતા.

**સિંહ :**

આજના દિવસે તમારા વિચારોને કેટલાક હકારાત્મક વિચારોમાં વાળો કેમ કે તમે ભયના ડરામણા દૈત્ય સામે લડી રહ્યા છો, અન્યથા તમે આ કટ્ટર દૈત્યના નિષ્ક્રિય તથા આસાન ભોગ બની જશો. જે લોકો પોતાના નજીકીઓ અથવા સંબંધીઓ જોડે ભાગીદારી માં વેપાર કરી રહ્યા છે. તેમને આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે નહીંતર આર્થિક નુકસાન થયી શકે છે. તમારી લાગણીઓ પર અંકુશ મુકવો તમારી માટે મુશ્કેલ થઈ પડશે-પણ તમારી આસપાસના લોકોને કનડતા નહીં અન્યથા તમે એકલા પડી જશો. તમારે તમારી શ્રૃંગારિક કલ્પનાઓ વિશે વધુ સપનાં જોવાની હવે જરૂર નથી, કેમ કે આજે તેમના સાકાર થવાની શક્યતા છે. કામના સ્થળે જો તમે વધુ પડતા ઉતાવળા કે ઉત્સાહી બનશો તો ગુસ્સાનું વર્ચસ્વ વધશે-કોઈપણ નિણર્ણય લેતા પહેલા અન્યોની જરૂરિયાતોને સમજવાનો પ્રયાસ કરો.

**કન્યા :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. તમારી કોઈ જૂની બીમારી તમને આજ હેરાન કરી શકે છે જેના લીધે તમને હોસ્પિટલ જવું પડી શકે છે અને તમારું ઘણું ધન પણ ખર્ચ થયી શકે છે. જીવનસાથી તમારી સંભાળ લેશે. થોડા ઘણાં સંઘર્ષ છતાં, આજે તમારૂ પ્રેમ જીવન સારૂ રહેશે અને તમે તમારા જીવનસાથી ને ખુશ રાખવા માં સમર્થ હશો. વ્યાપારી ભાગીદારો સહકારપૂર્વક વર્તશે અને તમે સાથે મળીને અધૂરાં કાર્યો પૂરાં કરશો. તમારા ઘર ના સભ્ય આજે તમારી સાથે સમય વિતાવવા માટે આગ્રહ કરી શકે છે, જે તમારો થોડો સમય બગાડે છે. આજે તમે તમારા જીવનસાથી સાથે ઊંડી ભાવનાઓ ધરાવતી વાતચીત કરશો એવી શક્યતા છે.

**તુલા :**

આજના દિવસે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે. પ્રપોઝ કર્યા બાદ તમને કદાચ જબરજસ્ત અનુભૂતિ થશે કેમ કે તેનાથી તમારા પરનો બોજો ઉતરી ગયાનું તમે અનુભવશો. આ રાશિ ના જાતકો ને કાર્યક્ષેત્ર માં જરૂર થી વધારે બોલવા થી બચવું જોઈએ નહીંતર તમારી છબી ઉપર ખરાબ પ્રભાવ થાય છે. આ રાશિ ના વેપારીઓ ને આજેકોઈ જુના નિવેશ ના લીધે ખોટ થવા ની શક્યતા છે. જેઓ ઘર ની બહાર રહે છે આજે તે તેમના બધા કાર્ય પૂર્ણ કર્યા પછી, સાંજે ઉદ્યાન માં અથવા એકાંત સ્થળે સમય વિતાવવા નું પસંદ કરશે.

**વૃશ્ચિક :**

આજના દિવસે મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં. કાર્યક્ષેત્ર માં પ્રેમ પ્રસંગ થી બચો નહીંતર બદનામી થયી શકે છે. જો તમે કોઈ ની જોડે સંકળાવા માંગતા હો તો ઓફિસ થી અંતર રાખીનેજ એમની જોડે વાત કરો. આજે રાત્રે તમારા જીવનસાથી સાથે મુક્ત સમય ગાળતાં વખતે, તમને લાગે છે કે તમારે તેમને વધુ સમય આપવો જોઈએ. આજે તમે અથવા તમારા જીવનસાથી પલંગમાં ઈજાગ્રસ્ત થઈ શકો છો, આથી એકમેક સાથે નજાકતથી વર્તજો.

**ધન :**

આજના દિવસે એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે. તમારી જાતને હકારાત્મક વિચારસરણી સાથે બીમારી સામે લડવા પ્રેરો. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. ભૌતિક અસ્તિત્વનું હવે કોઈ મહત્વ નથી, કેમ કે તમે એકમેકને એકબીજાના પ્રેમમાં જ અનુભવો છો. આજે ઓફિસ માં તમને સારા પરિણામ નહિ મળશે? તમારું કોઈ ખાસ આજે તમારી જોડે વિશ્વાસઘાત કરી શકે છે. જેના લીધે તમે દિવસભર પરેશાન રહી શકો છો? આજે તમે ઘર ના નાના સભ્યો સાથે પાર્ક અથવા શોપિંગ મોલ માં જઈ શકો છો.

**મકર :**

આજના દિવસે તમારા નકારાત્મક વિચારો માનસિક બીમારીનું સ્વરૂપ લઈ લે તે પૂર્વે જ તમારે તેમનો નાશ કરવો જોઈએ. તમને સંપૂર્ણ માનસિક સંતોષ આપે એવી કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઈને તમે તેમનાથી મુક્તિ પામી શકો છો. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો? પરિવારના સભ્ય ોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. તમારૂં ધૂંધળું જીવન તમારા જીવનસાથીને ટૅન્શન આપશે. જમીનને લગતા મોટા સોદા પાર પ ડવાની સ્થિતિમાં તમે હશો તથા મનોરંજક પ્રૉજેક્ટમાં અનેક લોકોને સાંકળો. ટૅક્સ તથા વીમાને લગતી બાબતમાં ધ્યાન આપવાની જરૂર પડશે. તમારા જીવનસાથીની માગણીઓ તમને થોડી તાણ આપી શકે છે.

**કુંભ :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. સમજદારીપૂર્વક રોકાણ કરો. મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે. સાંજ માટે કશું ખાસ આયોજન કરો અને તેને થઈ શકે એટલું રૉમેન્ટિક બનાવવાનો પ્રયાસ કરો. અન્ય દેશોમાં વ્યાવસાયિક સંપર્કો વિકસાવવા માટે આ અદભુત સમય છે. પરિવાર ની જરૂરિયાતો ને પૂર્ણ કરતી વખતે, તમે ઘણીવાર તમારી જાત ને સમય આપવા નું ભૂલી જાઓ છો. પરંતુ આજે તમે સૌથી દૂર રહી પોતાના માટે સમય કાઢી શકશો? તમે તમારા જીવનસાથી સાથે આજે ફરી જૂના સુંદર અને રોમેન્ટિક દિવસોને માણશો.

**મીન :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. તમારી હાજરી તમારા પ્રિયપાત્ર માટે આ વિશ્વ યોગ્ય સ્થળ બનાવશે. તમે જે હંમેશાં કરવા માગતા હતા એ કામ કરવાની તક તમને આજે મળી શકે છે. તમારી પાસે સમય હશે પરંતુ આ હોવા છતાં તમે એવું કંઈ પણ કરી શકશો નહીં જે તમને સંતોષ આપે. તમારા જીવનસાથી આજે થનગનાટ અને પ્રેમથી છલોછલ હશે.

*કચ્છ સંગ્રહાલય દ્વારા આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત આંતરરાષ્ટ્રીય યુવા દિવસ, સ્વતંત્રતા દિવસ તથા વિશ્વ ફોટોગ્રાફી દિવસને સાંકળીને મારૂ કચ્છ: કલા, કલાકાર અથવા કારીગર સાથે આખો દિવસ વિષય પર ફોટોગ્રાફી હરીફાઈ, યોજવમાં આવી હતી. જેના વિજેતાઓનું સન્માન તેમજ શ્રેષ્ઠ કૃતિઓનું એક્ઝિબિશન આજે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું*

# વિશ્વ ફોટોગ્રાફી દિવસે શ્રેષ્ઠ કૃતિઓએ ઉપસ્થિતોનુ મન મોહી લીધુ !





ભુજ તા.૨૨

કચ્છ સંગ્રહાલય દ્વારા આયોજીત ફોટોગ્રાફી હરીફાઈ, તથા એક્ઝિબિશન મહાનુભાવોની હાજરીમાં ખુલ્લુ મુકવામાં આવ્યું હતું ૯ ઓગસ્ટ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન કચ્છના વિવિધ સ્પર્ધકોએ પોતાની પસંદગીના કલા,કલાકાર કે કારીગર સાથે આખા દિવસ દરમિયાનની અહમ ભુમિકા દર્શાવતી ઓછામાં ઓછા ૨ થી ૫ ફોટોગ્રાફ સાથે પોતાની અનુભૂતિ શબ્દોમાં મુકી ફોટોગ્રાફીના માધ્યમથી રજુઆત કરવાની હતી. દરેક સ્પર્ધકે ગુગલ ફોર્મ ભરી પોતાનો ફોટોગ્રાફ જોડી હરીફાઈમાં ભાગ લીધો હતો જેને સોશિયલ મીડિયા પેજ પર પોસ્ટ કરવાનું હતું. આ સ્પર્ધામાં ફોટોગ્રાફી અને કચ્છના કલા વારસા ક્ષેત્રના નિષ્ણાંતો એવાં પ્રોફેશનલ ફોટોગ્રાફર સમીર ભટ્ટ, ફોટોગ્રાફર પ્રકાશ ભટ્ટ, આર્કિટેકચર રાજસિંહ ગોહિલ પ્રસિદ્ધ લેખક અને શિક્ષણવિદ્ સંજય ઠાકર અને અર્થકવેક મ્યુઝિયમ સ્મૃતિવનના ડાયરેકટર મનોજ પાંડે નિર્ણાયક સમિતીમાં રહ્યા હતા અને તેમના દ્વારા શ્રેષ્ઠ ફોટોગ્રાફસની પંસદગી કરવામાં આવી હતી. નિર્ણાયક સમિતી દ્વારા આ સ્પર્ધાના વિજેતાઓને " બેસ્ટ ઓફ મારું કચ્છ ૨૦૨૪ નું ઓનલાઈન કચ્છ સંગ્રહાલય, ભુજના સોશિયલ મીડિયા પેઈજ Kachchhmuseumin પર જાહેર કરવામાં આવ્યા હતા.આ સ્પર્ધામાં ૩૩ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો જેમાંથી બેસ્ટ ૬ જેટલા ફોટોગ્રાફરની તસવીરો પસંદ કરવામાં આવી હતી તો આ ઉપરાંત સમિતિ દ્વારા પસંદગી પામેલ ૨૨ જેટલા સ્પર્ધકોના ફોટોગ્રાફસનું પ્રદર્શનનું ઉદ્દઘાટન તથા સ્પર્ધકોના ઈનામ વિતરણનો કાર્યક્રમ ક્રાંતિગુરુ પંડિત શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિ.ના ઉપકુલપતિ ડૉ. મોહન પટેલની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો.

## શ્રેષ્ઠ ૬ ફોટોગ્રાફરે બાજી મારી

એક વૃક્ષ ભારત મા કે નામ અભિયાનને ધ્યાને રાખીને પ્લાન્ટેશનના દ્વારા કરવામાં આવી હતી બાદમાં આ સ્પર્ધામાં શ્રેષ્ઠ ૬ ફોટોગ્રાફરમાં કરણ ઠક્કર, રમેશ પોમલ, સિધ્ધાર્થ રાઠોડ, મિલન બરાડ, મનન ઠક્કર અને નિખિલ નાગડાની તસવીરોને શ્રેષ્ઠ તસવીરો જાહેર કરવામાં આવી હતી અને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. શ્રેષ્ઠ સ્પર્ધકોને સર્ટિફિકેટ તથા ઈનામ વિતરણ અતિથિઓના હસ્તે કરાવવામાં આવ્યું હતું. સર્વ અતિથિઓ અને દર્શકોએ કલા,કલાકાર અથવા કારીગર સાથે આખો દિવસ ને પ્રદર્શિત કરતાં કલા વારસો સાંસ્કૃતિક, સ્થાપ ત્યો, કુદરતી દશ્યો આધારિત વિવિધ ફોટોગ્રાફસને નિહાળ્યા હતા તેમજ ફોટોગ્રાફસની દૃષ્ટિથી નિહાળ્યાનો આનંદ ઉઠાવ્યો અને ખુદના દૃષ્ટિકોણથી રૂબરુ થયા હતા. કચ્છ મ્યુઝિયમ ખાતેનું આ ખાસ પ્રદર્શન ૨૨થી ૨૪ ઓગસ્ટ, સુધી સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધી નિઃશુલ્ક નિહાળી શકાશે. કચ્છ સંગ્રહાલયના મુલાકાતીઓ તથા કચ્છના રહેવાસીઓ કચ્છના વિવિધ ફોટોગ્રાફસ જોઈને આનંદની લાગણી અને અનુભૂતિ સાથે સંગ્રહાલય સાથે જોડાય, પોતાની ધરોહરની ધન્યતાને પીંછાણે, એક ભારત શ્રેષ્ઠ ભારતની ભાવના કેળવે અને યુગ યુગીન વિકસીત ભારતના ભવ્ય વિરાસત તરફ પ્રેરાય, તેવા સંનિષ્ઠ પ્રયત્નો સભર આ પ્રવૃત્તિ સંપન્ન કરવામાં આવી હતી તેવું કચ્છ મ્યુઝિયમના કયુરેટર બુલબુલ હિંગ્લાજીયાએ જણાવ્યું હતું.

## શ્રેષ્ઠ ફોટોગ્રાફરની બોલતી તસ્વીરો

ફોટોગ્રાફર કરન ઠક્કરે પોતાની પાંચ તસવીરો અંગે વાત કરી હતી "કચ્છી કળાનું અમૂલ્ય વારસો: ૪૦૦ વર્ષ જૂની કળાનું જતન કરતી નારી"મારુ કચ્છ, જ્યાં મહેનત અને કળાને ગાઢ સંબંધ છે. આ ૫ તસવીરોમાં ૪૦૦ વર્ષ જૂની રોગાન કળામાં કાર્યરત એક મહેનતકશ મહિલા કલાકાર દ્વારા એક કલાકૃતિ માટે થતી પ્રક્રિયા દર્શાવવામાં આવી છે. આ કળા કચ્છની ધરોહર છે. પ્રથમ તસવીરમાં, મહિલા કલાકાર તેના પરંપરાગત ઢબે રંગો તૈયાર કરતી દેખાય છે. બીજી તસવીરમાં, તે પથ્થરનો ઉપયોગ કરીને રંગને રચતી, કઠિન શ્રમના પરિણામ તરીકે કળાની શરૂઆત કરે છે. ત્રીજી તસવીરમાં, તે મહેનત અને સમર્પણથી કળાના રંગોથી કિસ્સાઓને રૂપ આપે છે. ચોથી તસવીરમાં, તે કળાના ઊંડા અને સચોટ જીણવટભર્યા કામ સાથે શ્રેષ્ઠ કૃતિઓનું નિર્માણ કરતી દેખાય છે. અંતિમ તસવીરમાં મારા કચ્છની કળા કે જે અમૂલ્ય વારસો છે તે આ નારીના હાથમાં સલામત છે, જે પેઢીઓ સુધી જીવંત રહે તેવા પ્રયત્નો કરી રહી છે.તો ફોટોગ્રાફર રમેશ પોમલે સુગરી પક્ષી દ્વારા પોતાના માળા બનાવવાની પ્રક્રિયા તેમજ તેના બચ્ચાઓને ભોજન આપવાની પ્રક્રિયા તેમજ વિવિધ તેની દિવસ દરમિયાનની ગતીવિધી પોતાના કેમેરામાં કેદ કરી હતી અને કુદરતની રીતે પક્ષીને કલાકાર ગણીને મારું કચ્છ વિષય પર પોતાની પાંચ તસવીરો અને સ્ટોરી લાઈન સબમીટ કરાવી હતી જેને પણ શ્રેષ્ઠ ૬ કૃતિમાં પસંદગી કરવામાં આવી હતી.

# મુંદ્રા અદાણી પોર્ટએ ગુણવત્તા પ્રદર્શનમાં મેદાન માર્યુ !

ભુજ તા.૨૨

ભારતની સૌથી મોટી સંકલિત પરિવહન યુટિલિટી અને વૈવિધ્યસભર અદાણી સમૂહનું એક અંગ અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિ.એ ગુણવત્તાની બાબતમાં પણ મોખરે છે.

તાજેતરમાં અમદાવાદ ખાતે આયોજીત કન્વેન્શન ઓન ક્વોલિટી કોન્સેપ્ટ્સ ૨૦૨૪માં મુંદ્રા પોર્ટને સર્વોચ્ચ ગોલ્ડ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. અમદાવાદ ચેપ્ટર કન્વેન્શન ઓન ક્વોલિટી કોન્સેપ્ટ્સ ૨૦૨૪ (AHCCQC ૨૦૨૪)માં મુંદ્રા પોર્ટે મેદાન માર્યુ છે. મુંદ્રા પોર્ટેની ટીમ ૧૩ ગોલ્ડ અને ૨ સિલ્વર ટ્રોફી મેળવી અવ્વલ રહી છે. ગર્વની બાબત એ પણ છે કે APSEZ મુન્દ્રાને સૌથી વધુ ભાગીદારી અને જ્યુરી મેમ્બર તરીકેના યોગદાન માટે વ્યક્તિગત પુરસ્કારો પણ મળ્યા છે. AHCCQC ૨૦૨૪માં વિવિધ ઉદ્યોગોના ૩૦૦ થી વધુ વ્યાવસાયિકોની ૭૦ થી વધુ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં KAIZEN, LQC, LSC, સિક્સ સિગ્મા ક્વોલિટી સર્કલ અને ૫જી કેસ સ્ટડીઝ જેવી વિવિધ શ્રેણીઓ રાખવામાં આવી હતી. સરેરાશ ગુણાંક વિવિધ ટ્રબલ શૂટીંગ અને પ્રેઝન્ટેશન સ્કીલના અસરકારક ઉપયોગના આધારે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. ૭૦ થી વધુ ટીમો અને ૩૦૦ ગુણવત્તાયુક્ત વ્યાવસાયિકોની કટ્ટર સ્પર્ધા વચ્ચે મુંદ્રા પોર્ટની ટીમોએ અસાધારણ સમસ્યાનું નિરાકરણ અને પ્રસ્તુતિ કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું.આ સિદ્ધિ APSEZની શ્રેષ્ઠતા પ્રત્યેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.આંતરરાષ્ટ્રીય ફોરમમાં દેશનું પ્રતિનિધિત્વ કરતી QCFI ભારતમાં ક્વોલિટી સર્કલ મૂવમેન્ટનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા છે. મુન્દ્રા પોર્ટ જહાજો માટે સૌથી ઝડપી ટર્ન અરાઉન્ડ સમયનો રેકોર્ડ ધરાવે છે. ગ્રાહકલક્ષી અભિગમ સાથે ઓપરેશનલ કાર્યક્ષમતામાં સુધારા પર ધ્યાન કેન્દ્રિત કરીને તેણે નવા બેન્ચમાર્ક સ્થાપ્યા છે. અદાણી પોરટ સેઝની ઉપલબ્ધિ વૈશ્વિક બજાર અને ભૌગોલિક રાજકીય અસ્થિરતાને કારણે ઝડપી ગતિશીલ ફેરફારોને સ્વીકારવાની અને ટકાઉ વૃદ્ધિ તરફ તેની સફર ચાલુ રાખવાની ક્ષમતાને રેખાંકિત કરે છે.





# જૂના ભીમાસરમાં ૧.૧૯ લાખનો ગેરકાયદે તેલનો જથ્થો મળી આવ્યો



ગાંધીધામ તા.૨૨

અંજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગેરકાયદેસર રીતે સંગ્રહ કરેલ સી.પી.યુ.ઓઈલનો જથ્થો ગાંધીધામ લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ઝડપી પાડ્યો છે.

એલ.સી.બી. ટીમ અંજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન મળેલ બાતમી આધારે કરેલી કાર્યવાહીમાં, જુના ભીમાસર ઝંડીયાપીરની મજારથી દક્ષિણે એક મકાનમાંથી આધાર પુરાવા વગરનો જથ્થો અલગ અલગ સી.પી.યુ. તેલ લીટર:૧૭૭૫ જથ્થો કિ.રૂ. ૧,૧૯,૯૨૫ મળી આવ્યો હતો, આ જથ્થો ચોરીથી મેળવી સંગ્રહ કરેલ હોવાનું જણાઈ આવતા તે કબ્જે કરી આગળની કાર્યવાહી માટે અંજાર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવેલ હતો.

આ જથ્થો કોણે સંગ્રહ કરેલ તે આરોપીનું નામ પોલીસ યાદીમાં જણાવાયું ન હતું.આ કામગીરી લોકલ કાઈમ બ્રાન્ચના ઈન્સપેકટર એન.એન.ચુડાસમા, સબ ઈન્સ.એમ.વી.જાડેજા તથા એલ.સી.બી. સ્ટાફ દ્વારા કરવામાં આવેલ હતી.

**આગામી સમયમાં પ્રાકૃતિક કૃષિ એ એક મજબૂત વિકલ્પ બનશે**

# જમીનની તંદુરસ્તી, ફળદ્રુપતા જાળવવા, પ્રાકૃતિક કૃષિમાં દેશી ગાયનું અનેરું મહત્વ

ભુજ તા.૨૨

કૃષિ ક્ષેત્રે સકારાત્મક પરિવર્તનો આવી રહ્યા છે, રાજ્યમાં ખેડૂતો પરંપરાગત કૃષિ છોડી ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવા તરફ વળી રહ્યા છે ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિમાં દેશી ગાયનું અનેરું મહત્વ છે જમીનના ભૌતિક અને જૈવિક સ્વાસ્થ્યની ખામીને કારણે,જમીનમાં પોષક તત્વોની ઉણપ ન હોવા છતાં સારું ઉત્પાદન મેળવવામાં મુશ્કેલી થાય છે. જમીનમાં છોડને યોગ્ય પ્રમાણમાં ભેજ અને પોષક તત્વો ઉપલબ્ધ નથી થઈ શકતા, અને વરાપ તથા ભેજનું નિર્માણ નથી થઈ શકતું. જો જમીનના જૈવિક સ્વાસ્થ્યમાં સુધારો થાય તો ઓછા પ્રમાણમાં પોષક તત્વો ઉપલબ્ધ થવા છતાં પણ સારું ઉત્પાદન લઈ શકાય છે પ્રાકૃતિક કૃષિ પધ્ધતિમાં આ ગુણ આપમેળે જ જમીનમાં ઉપલબ્ધ થઈ જાય છે જમીન ચકાસણીમાં એ પણ સામે આવ્યું છે કે, ઘણા પોષક તત્વો જમીનના નીચેના સ્તરોમાં જમા થઈ જાય છે નીચેના સ્તરની જમીન અન્નપૂર્ણા છે. નીચેની જમીનમાંથી ઉપરની જમીનના સ્તર પર પોષક તત્વ લાવવાનું કાર્ય પાનખરમાં ખરેલા જૈવિક પદાર્થના વિઘટક કેશાકર્ષક શક્તિ દ્વારા અને આપણાં દેશી અળસિયા કરે છે. અળસિયા તેમને ખેંચીને ઉપર લઈ આવીને પોતાના માધ્યમથી મૂળને ઉપલબ્ધ કરાવવાનું મહાન કાર્ય પાર પાડે છે. જો તમે જમીન પર પડેલ દેશી ગાયનું છાણ ઉઠાવશો તો તમે જોશો કે, છાણની નીચે જમીનમાં બે-ચાર છિદ્રો છે, આ છીદ્રો દેશી અળસિયા કરે છે તેનો મતલબ એ છે કે, દેશી ગાયના છાણમાં અળસિયાઓને ઉપર ખેંચી લાવવાની અદ્દભૂત તાકાત છે દેશી ગાયના એક ગ્રામ છાણમાં ખોરાક બનાવનાર અતિ ઉપયોગી ૩૦૦ થી ૫૦૦ કરોડ જીવાણું હોય છે.

વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવે તે માટે રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને રાજ્ય સરકાર દ્વારા પ્રયત્નો કરવામાં આવે છે,જમીનની તંદુરસ્તી અને ફળદ્રુપતા જાળવવા માટે અને એક પ્રકારે લોકોને વિવિધ પ્રકારના રોગોથી બચવા માટે આગામી સમયમાં પ્રાકૃતિક કૃષિ એ એક મજબૂત વિકલ્પ બનશે.

### એક એકર જમીન માટે કેટલું છાણ જોઈએ ?

એક મહિનાની અંદર ઓછામાં ઓછું એક વખત પ્રતિ એકરમાં ૧૦ કિલોગ્રામ દેશી ગાયનું છાણ ઉપયોગમાં લેવું જરુરી છે. એક દેશી ગાય એક દિવસમાં ૧૧ કિલોગ્રામ છાણ,એક દેશી બળદ એક દિવસમાં ૧૩ કિલોગ્રામ છાણ અને એક ભેંસ એક દિવસમાં ૧૫ કિલોગ્રામ છાણ આપે છે, એક દેશી ગાયનું એક દિવસનું છાણ એક એકર જમીન માટે એક મહિના માટે પૂરતું છે,એક દેશી ગાય થકી ૩૦ એકર જેટલી જમીનમાં ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ કરી શકાય છે.

# ભુજમાં શહેર ભાજપ અને ડોક્ટર સેલ દવારા નિશુલ્ક મેડિકલ કેમ્પ યોજાયો

ભુજ તા.૨૨

આઝાદીના ૭૮માં પર્વ નિમિતે કચ્છ જિલ્લા ભાજપ દવારા જિલ્લા અધ્યક્ષ દેવજી વરચંદના વડપણ હેઠળ, જિલ્લાના તમામ ૧૭ મંડળો ખાતે લોકોની આરોગ્યની સુખાકારી અને તંદુરસ્તી માટે મેડિકલ કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત ભુજ શહેર ખાતે ભુજ શહેર ભાજપ અને ડૉક્ટર સેલ દવારા એક નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી વરચંદે જણાવ્યું હતું કે, રાજકીય સાથે સામાજીક પ્રવૃતિયો દ્વારા સતત લોકો સાથે રહી લોકોના જનમાનસ સાથે સામિપ્ય કેળવવું એ ભાજપના કાર્યકર્તાનો મૂળભૂત સિદ્ધાંત છે,હાલ વર્ષાઋતુમાં ઋતુજન્ય રોગચાળાનું પ્રમાણ સ્વાભાવિક પણે વધારે હોય ત્યારે આ પ્રકારના મેડિકલ કેમ્પ લોકો માટે સાચા અર્થમાં આશીર્વાદ રૂપ પુરવાર થતા હોય છે,અને આ ભારતીય જનતા પાર્ટીનો મૂળ ઉદેશ્ય છે. આયોજિત આ કાર્યક્રમમાં ભુજ વિસ્તારના ધારાસભ્ય કેશુ પટેલ ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે નલિયા ખાતે પ્રદેશ મહામંત્રી અને સાંસદ વિનોદ ચાવડા તેમજ વિવિધ તાલુકા મંડળોમાં ધારાસભ્યો પ્રદ્યુમનસિંહ જાડેજા, અનિરુદ્ધ દવે, ત્રિકમ છાંગા, માલતીબેન મહેશ્વરી, વિરેન્દ્રસિંહ જાડેજા, તેમજ મંડળ પ્રમુખો, મોરચાના હોદેદારો, કાર્યકરો, મેડિકલ ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત



રહયા હતા.

ભુજ શહેર ભાજપના કેમ્પમાં ડોક્ટર સેલના ડો.ધર્મેશ પટેલ,ડો.રૂપાલી મોરબીયા,ડો.હિરલ ભટ્ટ, ડો.હેમાલી ચંદે સહિતનાએ હાજર રહી આયોજન સાંભળ્યું હતું, કાર્યક્રમનું સંચાલન મહામંત્રી જયદીપસિંહ જાડેજાએ સંભાળ્યું હતું. પક્ષના જિલ્લા મહામંત્રીઓ દિલીપ શાહ,નરેન્દ્ર પ્રજાપતિ, જિલ્લા ઉપપ્રમુખ ડૉ.મુકેશ ચંદે,શહેર ભાજપ અધ્યક્ષ બાલકૃષ્ણ મોતા, નગરપાલિકા અધ્યક્ષ રશ્મિબેન સોલંકી, ઉપ પ્રમુખ ઘનશ્યામ ઠક્કર, ચેરમેન મહીદીપસિંહ જાડેજા, કમલ ગઢવી, કશ્યપ ગોર, મનુભા જાડેજા, નિકુલ ગોર, સાવીબેન જાટ, હર્ષદ ઠક્કર, રવિન્દ્ર ત્રવાડી, હિરેન રાઠોડ, જીતુભા ઝાલા,દિપાલીબેન,મંદાબેન, પૂજાબેન ઘેલાણી, આશિકાબેન ભટ્ટ, ઉપસ્થિત રહ્યા હતા, આભાર વિધિ શહેર ઉપપ્રમુખ જયંત ઠક્કરે કરી હોવાનું જિલ્લા મીડિયા સહ ઈન્ચાર્જ ચેતન કતીરાની યાદી માં જણાવાયું હતું.

# પાન્ધ્રો પ્રોજેક્ટમાં લાગતા વળગતાને નિયમો નેવે મૂકી નોકરી અપાય છે ?

ભુજ તા.૨૨

જી.એમ.ડી.સી લિગ્નાઈટ પાન્ધ્રો પ્રોજેક્ટમાં ઈથોસ એચ.આર મેનેજમેન્ટ એન્ડ પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ કંપની સાથે જી.એમ.ડી.સી.ના પાન્ધ્રો પ્રોજેક્ટના અધિકારીઓની મિલીભગતથી, સગા વહાલા અને ઓળખીતા પારખીતા વ્યક્તિઓની ભરતી કરવામાં આવતી હોવાનો આક્ષેપ કરી આ ષડ્યંત્ર રોકવા માંગ કરાઈ છે.

લખપત તાલુકાના ઉમરસરના વતની લાખિયારજી જાડેજાએ જી.એમ.ડી.સી. મેનેજીંગ ડિરેક્ટરને આ સંદર્ભે પત્ર દ્વારા કરેલી રજૂઆતમાં જણાવાયું હતું કે, જી.એમ.ડી.સી લિગ્નાઈટ પ્રોજેક્ટ પાન્ધ્રોમાં ઈથોસ એચ.આર મેનેજમેન્ટ એન્ડ પ્રોજેક્ટસ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં વર્ષ ૨૦૨૪ના એકમ ખાતે નવી ભરતી ઓનલાઈન વેકેન્સી ટેન્ડર પાડયા વગર જ કરવામાં આવી રહી છે, તે દાળમાં કઈક કાળું હોય તેવું સ્પષ્ટ જણાય છે, જી.એમ.ડી.સી પ્રોજેક્ટ પાન્ધ્રો પર કામ કરતા એપ્લોયીના સગાવાલા કે ઓળખીતા વ્યક્તિઓની અંદરખાને ભરતી કરવામાં આવી છે, જેમાં પાન્ધ્રો પ્રોજેક્ટમાં ફરજ બજાવતા અને રીટાયર થયેલા અધીકારીઓના સંતાનો અને સગાવાલાને નોકરીમાં લગાડવામાં આવે છે, સ્થાનિક યોગ્યતા ધરાવતા ઉમેદવારોને પ્રથમ પ્રાયોરીટી આપવી જોઈએ જે નથી અપાતી અને રાજકીય વગ ધરાવતા નેતાઓની ભલામણ વાળા વ્યક્તિઓને જ નોકરી રાખવામા આવે છે,જે લોકોએ ગ્રેજ્યુએશન ડીપ્લોમાં, ડીગ્રી, એમ. એસ.ડબ્લ્યુ, પી.એચ.ડી, સી.એ. કરેલ છે, તેવા સ્થાનિક સક્ષમ ઉમેદવારોને તાલુકા કે જિલ્લા બહાર નોકરી કરવા જવું પડે છે, અથવા તો ઘરે બેસવાનો વારો આવે છે. સ્થાનિક લોકોને રોજગાર નથી મળતો જે નબળી પરિસ્થિતિના લોકો છે, તેમને રોજગાર આપવામાં ભેદભાવ દાખવામાં છે. કંપનીમાં કામ કરતા તમામ કામદારો, અધિકારીઓ, મેનેજરો ઈન્જીનીયરોના નિયમ મુજબ કોઈ પોલીસ વેરીફીકેસન કર્યા વગર જ જી.એમ.ડી.સી લિગ્નાઈટ પ્રોજેક્ટના અધિકારોએ ભરતી કરી હોવાનો ગંભીર આક્ષેપ પણ આ પત્રમાં કરાયો છે.

આ અનુસંધાને હેડ ઓફીસની ટીમ મોકલી નિષ્પ ક્ષ તપાસ કરવાની અરજદારે માંગ કરી છે. જોકે ઘણાં સમયથી છાશવારે ભરતી પ્રક્રિયામાં મારા તારાની નિતી અપનાવી સ્થાનિક ઉમેદવારોને અન્યાય થતો હોવાની ફરિયાદો છાસવારે ઉઠતી રહી છે, પણ કોઈ ઠોસ કાર્યવાહી થઈ હોય તેવું જાણવા નથી મળતું.

# FILMY ગપશપ

## ‘હનુ-માન’ ફિલ્મનો ૩ડી અવતાર, ઓક્ટોબરમાં ફિલ્મ ફરી રિલીઝ થશે

મુંબઈ, તા.૨૨

પ્રશાંત વર્માની ‘હનુ-માન’ ૨૦૨૪ના વર્ષની સૌથી મોટી હિટ પુરવાર થઈ છે. ઓક્ટોબર મહિનામાં તેને જાપાનમાં રિલીઝ કરવાનું આયોજન છે ત્યારે આ સમયગાળામાં તેના 3D અવતારને ભારતમાં રિલીઝ કરવાનો નિર્ણય લેવાયો છે. ડાયરેક્ટર પ્રશાંત વર્માએ જણાવ્યું હતું કે, ફિલ્મનું ૩ઙ વર્ઝન તૈયાર થઈ ગયું છે અને ‘હનુમાન’ના ઈન્ટરનેશનલ વર્ઝન્સ પણ હવે ૩ડીમાં જ રિલીઝ થશે. આ સાથે ભારતમાં પણ સિલેક્ટેડ સ્ક્રિન્સમાં તેને ફરી રિલીઝ કરવામાં આવશે.

જાપાનમાં ‘RRR’ અને ‘ કલ્કિ’ જેવી સાઉથની ફિલ્મો સફળ રહી છે. આ અંગે વાત કરતાં પ્રશાંતે કહ્યું હતું કે, એક સમયે પશ્ચિમી દેશોમાં નોર્થની ફિલ્મોનો પ્રભાવ વધારે હતો. જો કે હિન્દી ફિલ્મોમાં પશ્ચિમી જગતનું અનુસરણ પાછલા દસકાથી વધ્યું છે. સાઉથ ઈન્ડિયન ફિલ્મો સેન્સિબિલિટી હજુ જાપાન અને કોરિયાની લાગણીને વધારે સ્પર્શે છે. ફિલ્મ સારી હોય તો જાપાની ઓડિયન્સ તેને વધાવવા તૈયાર હોય છે. પ્રશાંત માને છે કે, ઓડિયન્સને પોતાની ભાષામાં સબ ટાઈટલ હોય તો અન્ય ભાષાની ફિલ્મ જોવામાં તકલીફ પડતી નથી. ઓડિયન્સને ડબિંગ વર્ઝન ખાસ પસંદ આવતું નથી.

અગાઉ ૧૨ જાન્યુઆરીએ જાપાનમાં રહેતા તેલુગુ ઓડિયન્સ માટે તેને રિલીઝ કરાઈ હતી, પરંતુ પ્રમોટર્સે મોટા પાયે રિલીઝની તૈયારી બતાવતાં જાપાનમાં તેને ઓક્ટોબર મહિનામાં રિલીઝ કરાશે.


## અભિનેત્ર કંગનાનો દાવો : ધ ડાયરી ઑફ વેસ્ટ બંગાળ’ ફિલ્મના દિગ્દર્શક ગાયબ

મુંબઈ, તા.૨૨

ફિલ્મ ‘ધ ડાયરી ઑફ વેસ્ટ બંગાળ’ના ડિરેક્ટર સનોજ મિશ્રા ગુમ થઈ ગયા છે. કંગનાએ આ દાવો કર્યો છે. બોલિવૂડ અભિનેત્રી અને સાંસદ કંગના રનૌતે તેના ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી શેર કરી અને તેને શોધવાની વિનંતી કરી. કંગનાએ જણાવ્યું કે બંગાળ સરકાર દ્વારા તેની સામે કેસ દાખલ કરવામાં આવ્યો, ત્યારબાદ તે કોલકાતા ગઈ અને ત્યારથી તે ગુમ છે. ડિરેક્ટરની પત્નીએ કંગનાને મદદ માટે વિનંતી કરી છે. કંગનાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં સનોજ મિશ્રાનો ફોટો અપલોડ કર્યો અને લખ્યું- આ સનોજ કુમાર મિશ્રા છે. તેમણે પશ્ચિમ બંગાળની ડાયરી નામની ફિલ્મનું દિગ્દર્શન કર્યું છે. આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયા બાદ મમતા બેનર્જી સરકારે તેમની સામે કેસ દાખલ કર્યો હતો. કોર્ટમાં સુનાવણી માટે તે ૧૪ ઓગસ્ટે કોલકાતા ગયો હતો. અને ત્યારથી ગુમ છે. તેની પત્ની મને રોજ ફોન કરે છે. ગઈકાલે રાતથી તેની હાલત ખૂબ જ ખરાબ છે અને તે પણ બંગાળ જવા રવાના થઈ ગઈ છે. હું મમતા બેનર્જીને વિનંતી કરું છું કે તેઓ તેમની મદદ કરે અને તેમના પતિને શોધે.



તમને જણાવી દઈએ કે, થોડા દિવસો પહેલા સનોજે પણ પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરીને પોતાનો ડર વ્યક્ત કર્યો હતો. સનોજ ગુરુ સ્વામી રામ ભદ્રાચાર્યજીના આશીર્વાદ લેવા ચિત્રકૂટ આવ્યો હતો. તેણે આ પોસ્ટમાં ડર પણ વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે તેની સાથે કંઈપણ થઈ શકે છે. સનોજે લખ્યું- મિત્રો, હું તમારા બધાની માફી માંગુ છું. આજે મારો જન્મદિવસ હતો, આ પ્રસંગે હું મારી ટીમ સાથે ૩૦મી ઓગસ્ટે રિલીઝ થનારી મારી ફિલ્મ માટે આશીર્વાદ લેવા ચિત્રકૂટ આવ્યો હતો. જગત ગુરુ સ્વામી રામ ભદ્રાચાર્યજીએ ફિલ્મનું ટ્રેલર રિલીઝ કર્યુ અને જ્યારે તેમને ખબર પડી કે આજે મારો જન્મદિવસ છે, ત્યારે તેમણે સભા પછી તેમના રૂમમાં વિશેષ પૂજા કરી હતી. હું આ ફિલ્મને લઈને સરકારી દબાણ અને દમનકારી નીતિનો શિકાર બન્યો છું અને ભાંગી પડ્યો છું. હું તમને ક્યારેય નકારાત્મક વાત નહીં કહીશ, પણ હું ઘણી મુશ્કેલીમાં છું. મારી સાથે ગમે ત્યારે કંઈ પણ થઈ શકે છે. હું તમારા અભિનંદન સંદેશાઓનો જવાબ આપી શક્યો નથી, તેથી જ હું ચારે બાજુથી દબાણ હેઠળ છું.



અંકિતાની આ તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઈ રહી છે.અંકિતા સારી રીતે જાણે છે કે તેના ચાહકોને કેવી રીતે પ્રભાવિત કરવા. પોતાના હોટ ફોટો અને બિકીની લુકથી લોકોને દિવાના બનાવનાર અંકિતા દવે આ દિવસોમાં પોતાની તસવીરોને કારણે ચર્ચામાં છે.



ફાતિમાના પિતા હિન્દુ છે. અભિનેત્રીના પિતાનું નામ વિપિન શર્મા છે.જ્યારે ફાતિમાની માતા મુસ્લિમ છે. તેની માતાનું નામ રાજ તબસ્સુમ છે જે શ્રીનગરની છે. ફાતિમા સના શેખે ફિલ્મી દુનિયાનો રસ્તો પસંદ કર્યો. તેણે આમિર ખાનની બ્લોકબસ્ટર ફિલ્મ ‘દંગલ’થી ઘણી ખ્યાતિ મેળવી હતી.

## ક્રાઈમ-થ્રિલર ફિલ્મ ‘ધ બકિંગહામ મર્ડર્સ’નું ટીઝર રિલીઝ કરાયુ



મુંબઈ, તા.૨૨


બોલિવૂડની બેબો એટલે કે કરીના કપૂર ખાન ફરી એકવાર સિલ્વર સ્ક્રીન પર ચમકવા માટે તૈયાર છે. કરીનાની ક્રાઈમ-થ્રિલર ફિલ્મ ‘ધ બકિંગહામ મર્ડર્સ’નું ટીઝર ૨૦ ઓગસ્ટ, મંગળવારે રિલીઝ કરવામાં આવ્યું છે. ટીઝર જોયા બાદ આ ફિલ્મ માટે ચાહકોની ઉત્સુકતા ઘણી વધી ગઈ છે. આ ફિલ્મમાં કરીનાનો એક અલગ જ અવતાર જોવા મળશે. કરીનાના ફેન્સ આ ફિલ્મની ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હતા.કરીના કપૂર ખાન ફિલ્મ ‘ધ બકિંગહામ મર્ડર્સ’માં બ્રિટિશ-ભારતીય ડિટેક્ટીવ સાર્જન્ટ જસમીત ભામરાના રોલમાં જોવા મળશે. લગભગ ૧ મિનિટના ટીઝરમાં ફિલ્મની સ્ટોરી લાઈનનો અંદાજ લગાવી શકાય છે.

## રશ્મિકાની ‘પુષ્પા ૨’ અને ‘છાવા’ વચ્ચે સીધી ટક્કર

મુંબઈ, તા.૨૨

એક મોટી ફિલ્મ રિલીઝ થતી હોય એ વીકેન્ડમાં બીજી મોટી ફિલ્મના મેકર્સ પોતાની ફિલ્મ રિલીઝ કરવાનું ટાળતાં હોય છે, જેથી બેમાંથી એક પણ ફિલ્મોને નુકસાની વેઠવી પડે નહીં. પરંતુ હવે જે બે ફિલ્મોની સૌથી વધુ ચર્ચા છે અને જેની સૌથી વધુ રાહ જોવાઈ રહી છે, તેવી બે ફિલ્મો એક સાથે રિલીઝ થવા જઈ રહી છે. વિકી કૌશલની ‘છાવા’ અને અલ્લુ અર્જુનની ‘પુષ્પા ૨ – ધ રૂલ’ વચ્ચે મોટો ક્લેશ થશે કારણ કે આ બંને ફિલ્મો ૬ ડિસેમ્બરના રોજ રિલીઝ થવાની છે.

આ બંને ફિલ્મો એવી છે કે જેમાં ઈન્ડસ્ટ્રીના બે મોટાં સ્ટારની પણ એકબીજા સાથે ભીડાશે. આ વાતથી તેમના ફૅન્સ અને મોટા પડદે મોટી ફિલ્મો જોવાના શોખીન લોકો ઘણા ઉત્સાહમાં છે. સાથે સૌથી મહત્વની વાત એ છે કે આ બંને ફિલ્મોમાં રશ્મિકા મંદાના લીડ રોલમાં છે. પુષ્પામાં તો તેને દર્શકો જોઈ જ ચૂક્યા છે, ‘છાવા’માં પણ તે લીડ રોલમાં છે. આમ ફૅન્સનો રશ્મિકાની ચાંદી જ ચાંદી હોવાનું કહી રહ્યાં છે. રશ્મિકાએ ‘ગુડ બાય’ ફિલ્મથી હિન્દી ફિલ્મોમાં ડેબ્યુ કર્યું હતું, પરંતુ એ ફિલ્મ ચાલી નહોતી. તેથી તેની પણ ખાસ નોંધ લેવાઈ નહીં. પરંતુ તેણે ખુબ સક્રીય રીતે હિન્દી ફિલ્મો સાઈન કરવાનું ચાલુ રાખ્યું.



તેણે હિસ્ટોરીકલ ફિલ્મ ‘છાવા’ સાઈન કરી, જે પણ હવે ‘પુષ્પા’ની સાથે જ રિલીઝ થશે. ત્યારે તેના પ્રશંસકોમાં એવી પણ ચર્ચા છે કે હિસ્ટોરિકલ ફિલ્મમાં તેને પોતાની અભિનય ક્ષમતા દર્શાવવાની વધુ તક મળશે. ‘પુષ્પા ૨-ધ રુલ’ એ ૨૦૨૧માં આવેલી બ્લોક બસ્ટર સુપર હીટ ફિલ્મ ‘પુષ્પાઃ ધ રાઈઝ’ની સિક્વલ છે, પહેલી ફિલ્મ આખા દેશમાં ધુમ મચાવી દીધી હતી. આ ફિલ્મથી જ એક અલગ પ્રકારનો ફૅન બેઝ તૈયાર થયો હતો. ત્યારે તેની સિક્વલ પાસેથી પુશ્પાના રાજની અને તેની જાહોજલાલી સાથેની રસપ્રદ સ્ટોરીની અપેક્ષાઓ ફૅન્સને છે. ડિરેક્ટર સુકુમારની પુષ્પા ૨ એક પહેલી ફિલ્મ કરતાં પણ મોટી હિટ ફિલ્મ બનશે તેવી આશા છે. બીજી તરફ ‘છાવા’ એક ઐતિહાસિક ફિલ્મ છે. જેમાં વિક્કી કૌશલ શિવાજી મહારાજના પુત્ર છત્રપતિ સંભાજી મહારાજના રોલમાં જોવા મળશે, આ ફિલ્મમાં પણ રશ્મિકા મંદાના લીડ રોલમાં છે, જે પહેલી વાર કોઈ ઐતિબાસિક ફિલ્મમાં કામ કરી રહી છે અને યેસુબાઈના રોલમાં જોવા મળશે. આ ફિલ્મનું ટીઝર લોંચ થયું ત્યારથી જ સોશિયલ મીડીયા પર તેના વખાણ અને ચર્ચા ચાલી રહ્યા છે.

તેઓ ભારે ઉત્સુકતાથી ફિલ્મ રિલીઝ થાય તેની રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મમાં અક્ષય ખન્ના ઔરંગઝેબના પાત્રમાં છે અને સંગીત એ આર રહેમાને આપ્યું છે, આ બાબતે પણ ફૅન્સમાં ઉત્સુકતા વધારી છે. ‘પુષ્પા’ પહેલાં ૧૫ ઓગસ્ટે રિલીઝ થઈ જવાની હતી, તેમાં પહેલાં પણ રિલીઝ ડેટમાં ફેરફાર થયા હતા, પરંતુ હવે તેની રિલીઝ ડેટ બદલાશે નહીં તેવું મેકર્સ દ્વારા વચન આપવામાં આવ્યું છે, સાથે જ છાવા માટે પણ અન્ય કોઈ યોગ્ય રિલીઝ ડેટ ન મળતાં તે પણ ૬ ડિસેમ્બરે જ રિલીઝ થશે ત્યારે ‘છાવા’ને ‘પુષ્પા’ જેવી મોટી ફિલ્મ સાથે રિલીઝ કરવાનો નિર્ણય એક અતિ મહત્વાકાંક્ષી નિર્ણય ગણાઈ રહ્યો છે. પુષ્પા જેવી લોકપ્રિય ફિલ્મ છતાં છાવાના મેકર્સને વિશ્વાસ છે કે તેમની ફિલ્મનું પ્રોડક્શન અને તેમની ફિલ્મની સ્ટોરી દર્શકોને થિએટર સુધી જરૂર ખેંચી લાવશે. ત્યારે હવે આ બંને ફિલ્મો બોક્સ ઓફિસ પર શું કમાલ બતાવશે, તે જોવાનું છે.



શ્રદ્ધા કપૂરની ‘સ્ત્રી ૨’ ખૂબ હિટ થઈ છે. આ જ કારણ છે કે ઈન્સ્ટાગ્રામ પર શ્રદ્ધાના ફૉલોઅર્સની સંખ્યા વધી ગઈ છે. એમાં પણ રેકૉર્ડ કરતાં શ્રદ્ધાએ લોકપ્રિયતામાં દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પણ પાછળ છોડી દીધા છે.



તસવીરમાં જાસ્મિન વાલિયા બિકીની પહેરીને પોઝ આપતી જોવા મળી રહી છે.આ તસવીરમાં જાસ્મિન તેના લોંગ લેગ્સને ફ્લોન્ટ કરતી જોવા મળી રહી છે.આ તસવીરમાં જાસ્મીન વાલિયા પોતાની કિલર સ્ટાઈલથી ચાહકોના હોશ ઉડાવી રહી છે.

## લોંગ વીકેન્ડ અને તહેવારોનો લાભ લેવા ‘કલ્કિ’ની ઓટીટી રિલીઝ પોસ્ટપોન

મુંબઈ, તા.૨૨

સ્વાતંય દિનથી લઈને રક્ષાબંધન સુધીના લોંગ વિકેન્ડ અને તહેવારોનો માહોલ છતાં બે તેલુગુ ફિલ્મો ‘ડબલ ઈસ્માર્ટ’ અને ‘મિસ્ટર બચ્ચન’ ખાસ કશું ઉકાળી શકી નહોતી. તેથી લગભગ ૬૦ જેટલાં થિએટર્સમાં ‘કલ્કિ’ ફરી રિલીઝ કરવામાં આવી છે. તેનાથી ફરી ડિસ્ટ્રીબ્યુટર્સ અને ફિલ્મ મેકર્સને થોડી કમાણી પણ થઈ છે. સામે ‘મિસ્ટર બચ્ચન’ અને ‘ડબલ ઈસ્માર્ટ’ની સ્થિતિ પહેલાં કરતાં પણ કફોડી થઈ હતી. એક ડિસ્ટ્રીબ્યુશન સાથે સંકલાયેલા સૂત્રના જણાવ્યા અનુસાર, “કલ્કિના માથાદીઠ ૧૦૦ રૂપિયા પણ ટિકિટ હોય તો પણ દર્શકોએ ઘણા શહેરો અને નાના ગામોમાં મોટી સંખ્યામાં જઈને આ સાઈ-ફાઈ થ્રિલરની મજા માણી હતી અને ઘણા સિંગલ સ્ક્રીન થિએટર્સમાં મોટી સંખ્યામાં લોકોએ આ ફિલ્મ જોઈ છે.” નાગ અશ્વિનની આ ફિલ્મ ૧૫ ઓગસ્ટે ઓટીટી પર રિલીઝ કરી દેવાની હતી. પરંતુ ફિલ્મ મેકર્સે ૨૨ ઓગસ્ટ નક્કી કરી, કારણ કે દર્શકો હજુ પણ થિએટરમાં આ ફિલ્મ જોવા આવતા હતા. સૂત્રના જણાવ્યા અનુસાર,“ડિસ્ટ્રીબ્યુટર્સ થોડાં વધુ પૈસા કમાઈ શકે તે માટે ડિજીટલ પ્રીમિઅર થોડું પોસ્ટપોન કરવામાં આવ્યું. નહીંતર આ લોંગદ વીકેન્ડ અને તહેવારો ડિસ્ટ્રિબ્યુટર્સ માટે નીરસ રહી ગયા હોત.” નવી ફિલ્મો ચાલી નથી રહી તેથી તેલુગુ ડિસ્ટ્રિબ્યુટર્સ તહેવારોની મોસમમાં મહેશ બાબુની ‘મુરારી’ અને મેગાસ્ટાર ચિરંજીવીની ‘ઈન્દ્રા’ ૨૨ ઓગસ્ટે ફરી રિલીઝ થાય તેની રાહ જોઈ રહ્યા છે.

# SPORTS કોર્નર

## ભારતના પૂર્વ ફિલ્ડિંગ કોચને અફઘાનિસ્તાને સોંપી જવાબદારી

મુંબઈ, તા.૨૨

અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમે પોતાના કોચિંગ સેટઅપમાં મોટો ફેરફાર કર્યો છે. એશિયાની સૌથી ઝડપથી મજબૂત થઈ રહેલી ક્રિકેટ ટીમે પોતાની કોચિંગ ટીમમાં એક ભારતીય દિગ્ગજને સામેલ કર્યો છે. અફઘાન ટીમને આશા છે કે જે રીતે અજય જાડેજાએ ODI વર્લ્ડ કપમાં તેમની સાથે કામ કરીને તેમના પ્રદર્શનનું સ્તર ઊંચું કર્યું હતું એ જ રીતે આ ભારતીય પણ પોતાનું યોગદાન આપશે. અફઘાન ટીમે ભારતીય દિગ્ગજ ખેલાડી આર શ્રીધરને સહાયક કોચ બનાવ્યો છે. ૫૪ વર્ષીય આર શ્રીધરને અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમ દ્વારા ન્યૂઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકા સામેની સીરિઝ માટે સહાયક કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે, અફઘાનિસ્તાને ન્યુઝીલેન્ડ સાથે એક ટેસ્ટ રમવાની છે જ્યારે તેણે દક્ષિણ આફ્રિકા સાથે ૩ વનડે મેચોની સીરિઝ રમવાની છે. આ બંને સીરિઝ





ભારતમાં રમાશે. અફઘાનિસ્તાન ટીમની સોશિયલ મીડિયા પોસ્ટ માં એવું પણ કહેવામાં આવ્યું છે કે, અમે શ્રીધર સાથે લાંબા સમય સુધી કામ કરવા માંગશે. આનો અર્થ એ થયો કે જો બંને સિરીઝમાં અફઘાનિસ્તાનનું પ્રદર્શન સારું રહેશે તો શ્રીધરને લાંબા સમય સુધી અફઘાન ટીમના કોચિંગનો હિસ્સો બનાવવામાં આવી શકે છે.

આર શ્રીધર કોચિંગની દુનિયામાં મોટું નામ છે. તે ભારતીય ટીમ ને પણ કોચિંગ આપી ચૂક્યો છે. શ્રીધર ૨૦૧૪થી લઈને ૨૦૨૧ સુધી ભારતીય ટીમનો ફિલ્ડિંગ કોચ રહ્યો છે. લેવલ થ્રી સર્ટિફાઈડ કોચ શ્રીધર ભારતની અંડર-૧૯ ટીમનો સહાયક કોચ રહી ચૂક્યો છે. તે IPLમાં પંજાબ કિંગ્સ સાથે પણ કામ કરી ચૂક્યો છે.

ત્રિપુરા ક્રિકેટ બોર્ડનો અધ્યક્ષ રહી ચૂક્યો છે. આ સાથે જ તે નેશનલ ક્રિકેટ એકેડમીમાં સહાયક ફિલ્ડિંગ અને સ્પિન બોલિંગ કોચ રહી ચૂક્યો છે. જો ક્રિકેટ કરિયરની વાત કરીએ તો શ્રીધરે ૩૫ લિસ્ટ એ મેચોમાં ૫૭૪ રન બનાવવાની સાથે ૯૧ વિકેટ ઝડપી છે. બીજી તરફ તે ૧૫ લિસ્ટ એ મેચ પણ રમી ચૂક્યો છે. તે ઘરેલું ક્રિકેટમાં હૈદરાબાદ માટે રમતો હતો.

## રોનાલ્ડોએ youtube પર એન્ટ્રી કરતા જ તમામ રેકોર્ડ તોડી નાખ્યા




મુંબઈ, તા.૨૨

પ્રખ્યાત ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ યુટ્યુબ ચેનલ શરૂ કરી તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. શરૂઆતની ૯૦ મિનિટની અંદર જ તેની યુટ્યુબ ચેનલે ૧૦ લાખ સબ્સક્રાઈબર્સનો આંકડો પાર કરી લીધો છે. આ કોઈ પણ નવી યુટ્યુબ ચેનલ દ્વારા સૌથી ઝડપથી હાંસલ કરવામાં આવેલો આંકડો છે. બીજી તરફ ૨૨ ઓગષ્ટના રોજ સવારે ૧૦: ૩૦ સુધીમાં રોનાલ્ડોની યુટ્યુબ ચેનલે ૧ કરોડ ૩૩ લાખ સબ્સક્રાઈબર પૂરા કરી લીધા છે. બીજી તરફ લિયોનેલ મેસ્સી જેની સાથે ફૂટબોલના મેદાનમાં રોનાલ્ડોની હરીફાઈ જગ જાહેર છે. અત્યાર સુધીમાં તેના લગભગ ૨૩ લાખ યુટ્યુબ સબસ્ક્રાઈબર્સ છે. બીજી તરફ મેસ્સીએ ૧ સપ્ટેમ્બર ૨૦૨૧થી પોતાની ચેનલ પર માત્ર એક વીડિયો પોસ્ટ કર્યો છે. બીજી તરફ રોનાલ્ડોએ ૧૯ વીડિયો સાથે પોતાની શરૂઆત કરી છે. રોનાલ્ડોની ચેનલ ભલે ઝડપ થી આગળ વધી રહી હોય પરંતુ યુ ટ્યુબ પર સૌથી વધુ સબ્સક્રાઈબર્સના મામલે મિસ્ટર બીસ્ટ સૌથી આગળ છે. ઉલ્લેખનીય છે કે ૩૯ વર્ષીય રોનાલ્ડો પોતાના શાનદાર ફૂટબોલ કરિયરના અંતની નજીક છે. જેમાં તેણે ઈંગ્લેન્ડ, સ્પેન અને ઈટલીમાં સાત લીગ ટાઈટલ જીત્યા છે. બીજી તરફ તેના નામ પર પાંચ બેલન ડી પુરસ્કાર પણ છે. તેણે જુલાઈમાં કહ્યું હતું કે, યુરો ૨૦૨૪ પોર્ટુગલ સાથે તેની છેલ્લી ટૂર્નામેન્ટ હશે, પરંતુ તેણે નહોતું જણાવ્યું કે, તે ૨૦૨૬ વર્લ્ડ કપમાં પોતાના દેશનું પ્રતિનિધિત્વ કરશે કે નહીં.

## મોહમ્મદ શમીએ વાળ કપાવવા માટે ૧ લાખ રૂપિયા ખર્ચ્યા?

મુંબઈ, તા.૨૨

મોહમ્મદ શમીએ કમબેક પહેલા નવો લુક અપનાવ્યો છે. તેણે આલિમ હકીમ દ્વારા તેના વાળ કપાવ્યા છે. આલિમ પાસે કોહલી અને ધોનીએ પણ પોતાના વાળ કપાવ્યા છે. મોહમ્મદ શમી લાંબા સમયથી ટીમ ઈન્ડિયાની બહાર છે. પરંતુ હવે તેઓ પુનરાગમન માટે તૈયાર છે. શમી હાલમાં જ નવા લુકમાં જોવા મળ્યો હતો. તેણે આલીમ હકીમ પાસેથી વાળ કપાવ્યા છે. શમી પહેલા આલિમે વિરાટ કોહલી અને મહેન્દ્ર સિંહ ધોનીના વાળ પણ કાપી નાખ્યા હતા. એક રિપોર્ટ અનુસાર, તેઓ એક સેશન માટે લગભગ ૧ લાખ રૂપિયા ચાર્જ કરે છે. નવા વાળ કપાયા બાદ શમીએ સોશિયલ મીડિયા પર તસવીરો પણ શેર કરી છે. તેના ફોટા પર ઘણા ફેન્સે કોમેન્ટ પણ કરી છે.

આલીમ હકીમને દેશના મહાન સ્ટાઈલિશ માનવામાં આવે છે. શમી તેની પાસે વાળ કાપવા આવ્યો હતો. શમીએ તેના વાળ કપાવી લીધા છે. આ ફોટો તેણે



ઈન્સ્ટાગ્રામ પર પણ શેર કર્યો છે. શમીએ કેપ્શનમાં લખ્યું, “નવા લુક, સમાન હસ્ટલ.” સમાચાર લખ્યા ત્યાં સુધી તેની તસવીરોને ૫ લાખથી વધુ લોકોએ પસંદ કરી છે. ઘણા ચાહકોએ કોમેન્ટ પણ કરી છે.


આલીમ હકીમે ટીમ ઈન્ડિયાના ઘણા ખેલાડીઓને સ્ટાઈલ આપી છે. બ્રુટ ઈન્ડિયા સાથે વાત કરતા તેણે જણાવ્યું કે તે એક સેશન માટે લગભગ ૧ લાખ રૂપિયા ચાર્જ કરે છે. આલીમ વિરાટ કોહલીના હેરકટ બાદ ચર્ચામાં આવ્યો હતો. આ પછી યુવરાજ સિંહ, સૂર્યકુમાર યાદવ, બોલિવૂડ એક્ટર સુનીલ શેટ્ટી, રણવીર સિંહ, વિકી કૌશલ અને હાર્દિક પંડ્યા સહિત ઘણા લોકો તેની પાસે પહોંચ્યા છે.

તમને જણાવી દઈએ કે શમી ODI વર્લ્ડ કપ ૨૦૨૩ થી ટીમ ઈન્ડિયાની બહાર છે. તે ઘાયલ થયો હતો. શમીએ આ પછી સર્જરી કરાવી હતી અને હવે તે પુનરાગમન માટે સંપૂર્ણપણે તૈયાર છે. શમીએ ભારત માટે અત્યાર સુધી ૧૦૧ વનડે મેચ રમી છે. આ દરમિયાન ૧૯૫ વિકેટ લીધી છે. શમીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન એક ઈનિંગમાં ૫૭ રનમાં ૭ વિકેટ લેવાનું હતું. તેણે ૬૪ ટેસ્ટ મેચમાં ૨૨૯ વિકેટ લીધી છે.

# મુસ્લિમ મહિલાએ મોદી-યોગીના વખાણ કર્યા તો પતિએ મોં સળગાવ્યું

અયોધ્યા,તા.૨૨

અયોધ્યામાં એક મુસ્લિમ મહિલાને મોદી-યોગીની પ્રશંસા કરવી મોંઘી પડી. પતિએ પહેલા પત્નીને સળગાવી અને પછી તેને તીન તલાક આપી દીધા. પીડિતાએ મારપીટનો પણ આક્ષેપ કર્યો હતો. પીડિતાએ અયોધ્યા અને બહરાઈચ બંને જિલ્લાની પોલીસને કાર્યવાહી કરવા વિનંતી કરી છે. હજુ સુધી કોઈ કેસ નોંધાયો નથી. યુવતીએ વીડિયો વાયરલ કર્યો છે અને સીએમ યોગીને કાર્યવાહી કરવાની વિનંતી કરી છે. પહેલા તેને માર મારવામાં આવ્યો અને પછી ઘરની બહાર કાઢી મૂકી, સમાધાન બાદ તે તેને ઘરે લઈ ગયો અને ત્યાં ત્રણ તલાક આપ્યા. મરિયમ મોહમ્મદ શરીફ બહરાઈચની રહેવાસી છે. ૧૩ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ, તેણીના લગ્ન અયોધ્યા કોતવાલી નગર હેઠળ ના મોહલ્લા દિલ્હી દરવાજાના



રહેવાસી ઈસ્લામના પુત્ર અરશદ સાથે થયા હતા. મહિલાએ જણાવ્યું કે લગ્ન પછી જ્યારે હું મારા પતિ સાથે અયોધ્યા ગઈ અને લતા ચોક રોડની સુંદરતા અને તમામ વિકાસ કાર્યો જોયા તો મને ખૂબ સારું લાગ્યું. મને અયોધ્યાનું વાતાવરણ પણ ખૂબ ગમ્યું, જેના પર મેં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના વખાણ કર્યા અને કહ્યું કે યોગીજીએ ખરેખર અયોધ્યામાં ઘણું કામ કર્યું છે. આ બાબતે મારા પતિ ગુસ્સે થયા અને ત્યાંથી જ તેમણે મને પિયર મોકલી દીધી. તેમને મેં ઘણા ફોન કર્યા અને દરેક વખતે તેણે મને અયોધ્યા આવવાની ના પાડી. આમછતાં જ્યારે હું અયોધ્યા પહોંચી ત્યારે કેટલાક લોકોએ અમારા વચ્ચે સમાધાન કરાવ્યું.

આ દરમિયાન જ્યારે હું ફરીથી મારા સાસરે પહોંચી ત્યારે મારા પતિએ મને ત્રણ તલાક આપી માર માર્યો અને ઘરની બહાર કાઢી મૂકી. આ દરમિયાન સાસુ અને નણંદે મને રોકી હતી અને મને બહાર ન જવા દેવાનું કહ્યું હતું. બધાએ મારો હાથ પકડીને મારું ગળું દબાવવાનું શરૂ કર્યું જેના કારણે હું બેહોશ થવા લાગી. મારા સાસુના કહેવાથી પતિ અરશદ રસોડામાંથી સ્ટવ પર રાખેલી ગરમ દાળ લાવ્યો અને મારા ચહેરા પર ફેંકી દીધી. હું ખરાબ રીતે દાઝી ગઈ. મહિલાનો આરોપ છે કે તે ધક્કા ખાઈ રહી છે અને તેને ન્યાય નથી મળી રહ્યો.

# ટાટા મોટર્સની માઈક્રો એસયુવી ગાડી પંચ ટોપ શેલિંગ કાર બની

ટાટા મોટર્સની માઈક્રો એસયુવી ગાડીએ જબરો હાહાકાર મચાવી દીધો છે. બીજી બધી ગાડીઓની જાણે છૂટ્ટી કરી દીધી છે. આ માઈક્રો એસયુવી ભારતની સૌથી વધુ વેચાયેલી કાર બની ગઈ છે. તેણે મારુતિ સુઝૂકીની વેગનઆર જેવી ધૂરંધર કારને પણ પાછળ છોડી છે. જાન્યુઆરીથી જુલાઈ ૨૦૨૪ સુધીમાં આ ગાડીના ૧,૨૬,૦૦૦ થી પણ વધુ યુનિટ વેચાયા છે. જો કે જુલાઈ મહિનાના સેલમાં આ કાર ટોપ ૧૦માં ચોથા નંબરે ધકેલાઈ અને હુંડાઈ ક્રેટા ટોપ પર આવી ગઈ. આ માહિતી ઓટો માર્કેટ રિસર્ચ ફર્મ જાટો ડાયનેમિક્સના આંકડાથી જાણવા મળે છે. હાલના સમયમાં આ ગાડીની લોકપ્રિયતાને કારણે મારુતિ સુઝૂકીનો અનેક વર્ષોથી ટોપ પર રહેવાનો દબદબો પણ ખતમ થતો જોવા મળ્યો છે. આજકાલ ઓલ્ટર નેટિવ ફ્યૂલના વિકલ્પો વધી રહ્યા છે. જે હવે વેચાણમાં ટોપ ૫માં લગભગ અડધા ભાગ પર હાવી છે.

# ચંદ્રની માટી એક જ પ્રકારના ખડક, ફેરોઅન એનોર્થોસાઈટથી બનેલી છે,ડેટામાં જણાવાયું



બેંગલુરૂ,તા.૨૨

ચંદ્ર એક સમયે મેગ્માના મહાસાગરથી ઢંકાયેલો હતો. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) ના ચંદ્રયાન-૩ મિશનના ડેટા દ્વારા આ સિદ્ધાંતને મજબૂત બનાવવામાં આવ્યો છે. 'નેચર' રિસર્ચ મેગેઝિનમાં પ્રકાશિત થયેલા વિશ્લેષણમાં આ વાત કહેવામાં આવી છે. પૃથ્થકરણ ચંદ્ર પર માટીના માપ સાથે સંબંધિત છે, જે પ્રજ્ઞાન રોવર દ્વારા સમગ્ર સપાટી પર ૧૦૦ મીટર ના અંતરને આવરી લેતા બહુવિધ બિંદુઓ પર રેકોર્ડ કરવામાં આવ્યું છે. રોવરને વિક્રમ લેન્ડર દ્વારા તૈનાત કરવામાં આવ્યું હતું. લેન્ડરે ૨૩ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પાસે 'સોફ્ટ લેન્ડિંગ' કર્યું હતું. ઈસરો, બેંગલુરુ દ્વારા લેન્ડર અને રોવરનો સમાવેશ કરતું ચંદ્રયાન-૩ લોન્ચ કરવામાં આવ્યું હતું. નાસાના એપોલો અને સોવિયેત યુનિયનના લુના જેવા અગાઉ ના મિશન અનુક્રમે ચંદ્રના વિષુવવૃત્તીય અને મધ્ય-અક્ષાંશ પ્રદેશોમાંથી લેવામાં આવેલા માટી ના નમૂનાઓ પર આધાર રાખે છે, અભ્યાસ લેખકોએ જણાવ્યું હતું.

અમદાવાદ સ્થિત ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી ના લેખકો પણ અભ્યાસમાં સામેલ હતા. ચંદ્રના દક્ષિણ ધ્રુવ પરથી મેળવેલા ગુપ્ત માહિતીનું વિશ્લેષણ કરતા સંશોધકોએ શોધી કાઢ્યું છે કે ચંદ્રની માટી એક જ પ્રકારના ખડક, ફેરોન એનોર્થોસાઈટથી બનેલી છે.અભ્યાસના લેખકોએ જણાવ્યું હતું કે તેમના પરિણામો વિષુવ વૃત્તીય અને મધ્ય-અક્ષાંશ પ્રદેશોમાંથી લેવામાં આવેલા નમૂનાઓના વિશ્લેષણ સાથે સુસંગત હતા. વધુમાં, ભૌગોલિક રીતે દૂરના સ્થળોએથી લેવામાં આવેલા નમૂનાઓની સમાન રચના ચંદ્ર મેગ્મા મહાસાગરની પૂર્વધારણાને સમર્થન આપે છે, જે ચંદ્રના પ્રારંભિક વિકાસ માટે વ્યાપકપણે સ્વીકૃત દૃશ્ય છે, એમ તેમણે જણાવ્યું હતું. આ પૂર્વધારણા ચંદ્રની સપાટીના ઉપરના, મધ્ય અને આંતરિક ભાગો કેવી રીતે રચાય છે તેની સંભવિત સમજૂતી પૂરી પાડે છે. પૂર્વધારણા મુજબ, બે પ્રોટોપ્લેનેટ (ગ્રહની રચના પહેલાનો તબક્કો) વચ્ચેની અથડામણના પરિણામે ચંદ્રની રચના થઈ હતી. જ્યારે મોટો ગ્રહ પૃથ્વી બન્યો, ત્યારે નાનો ગ્રહ ચંદ્ર બન્યો. સિદ્ધાંત મુજબ, આના પરિણામે ચંદ્ર એટલો ગરમ થઈ ગયો કે તેનું સમગ્ર આવરણ પીગળીને 'મેગ્મા સમુદ્ર' બની ગયું. અધ્યયન કહે છે કે જેમ જેમ ચંદ્રની રચના થઈ રહી હતી, તેમ તેમ તે ઠંડુ થઈ ગયું અને ઓછી ઘનતાવાળા ફ્લોટજ સપાટી પર તરતા રહ્યા, જ્યારે ભારે ખનીજ તળિયે ડૂબી ગયા અને 'મેન્ટલ'ની રચના થઈ, જે 'પોપડો' (સપાટી નો ઉપરનો ભાગ) છે. ભાગ) નીચે સ્થિત છે. વિશ્લેષણમાં એ પણ બહાર આવ્યું છે કે પ્રજ્ઞાને ચંદ્રની જમીનમાં મેગ્નેશિયમ શોધી કાઢ્યું છે.

# સુરતમાં રૂપિયા ૧૦૦૦ કરોડના કૌભાંડમાં તપાસના આદેશ અપાયા

સુરત,તા.૨૨


સુમુલમાં રૂપિયા એક હજાર કરોડના કથિત કૌભાંડની ફરિયાદ બાદ તપાસનો આદેશ અપાયો છે. સુરતની સુમુલ ડેરીના વહીવટીમાં કરોડોના કૌભાંડ ની ગંધની ઉઠતાં ફરિયાદ કરવામાં આવી હતી,સહકારી આગેવાન દર્શન નાયક દ્વારા સુરતની સુમુલ ડેરીમાં રૂા. ૧હજાર કરોડનું કૌભાંડ થયા હોવાની ફરિયાદનો આક્ષેપ કરતો વિસ્તારથી પત્ર મુખ્ય પ્રધાનથી લઈ વડાપ્રધાન સુધીને લખાયો હતો. જે બાદ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગે તપાસના આદેશ આપ્યા છે. ધી સુરત-તાપી ડિસ્ટ્રીકટ કો- ઓપેરેટીવ મિલ્ક પ્રોડ્યુસર યુનિયન લિ.સહકારી સંસ્થાને દૂષિત, કલુસિત કે નુકશાન કરનાર વ્યક્તિઓ તેમજ સંસ્થામાં ચાલી રહેલા ભ્રષ્ટાચાર અન્વયે થયેલ ફરિયાદો ઉપર તાત્કાલિક અસરથી કાર્યવાહી કરવા બાબતે નિષ્પક્ષ કમિટીની રચના કરી તપાસ કરવા ગત ૧૩મી જૂને મુખ્યપ્રધાનને સહકારી આગેવાન દર્શન નાયકે પત્ર લખ્યો હતો.

# લો બોલો !! UP માં મંદિરમાં ઘંટ વગાડવાથી ફેલાયું ધ્વની પ્રદૂષણ

નોઈડા, તા.૨૨

ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડામાં સોસાયટીમાં મંદિરમાં ઘંટ વગાડવાથી થતા ધ્વનિ પ્રદૂષણ પર ઉત્તર પ્રદેશ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા નોટિસ મોકલવામાં આવી છે. આ નોટિસની કોપી સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. આ મામલે લોકો ભારે નારાજગી જોવા મળી રહી છે.

મળતા અહેવાલો અનુસાર, ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડામાં આવેલી ગૌર સૌંદર્યમ સોસાયટીમાં રહેતા એક રહીશે પોલ્યુશન કંટ્રોલ બોર્ડને ફરિયાદ કરી હતી કે, સોસાયટ-ીના મંદિરમાં વાગતા ઘંટના કારણે ઘણું ધ્વનિ પ્રદૂષણ થાય છે. આ મામલે UPPCBએ સોસાયટી ને નોટિસ ફટકારી છે. સોસાયટી માં રહેતા મુદિત બંસલે ૩૦મી જુલાઈએ UPPCBને ઈ-મેલ દ્વારા ફરિયાદ દાખલ કરી હતી. ત્યારબાદ પાંચમી ઓગસ્ટે પોલ્યુશન કંટ્રોલ



બોર્ડે મંદિરમાં વાગતા ઘંટથી થતા ધ્વનિ પ્રદૂષણનું નિરીક્ષણ કર્યું.

તપાસ દરમિયાન મંદિરના ઘંટ માંથી ૭૦ ડેસિબલનો અવાજ મળી આવ્યો હતો. સોસાયટીને આપવામાં આવેલી નોટિસ અનુસાર, ધ્વનિ પ્રદૂષણ નિયમ, ૨૦૦૦ની જોગવાઈઓનું પાલન સુનિશ્ચિત કરવું જોઈએ, જેથી લોકોને ઘંટના અવાજને કારણે સમસ્યાનો સામનો કરવો ન પડે. નોટિસ પર સોસાયટી પાસેથી જવાબ પણ માંગવામાં આવ્યો છે.

આ નોટિસ સોશિયલ મીડિયા પર સતત વાયરલ થઈ રહી છે, જેના પર લોકો પોતાની નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. લોકોનું કહેવું છે કે ઉત્તર પ્રદેશ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પ્રદૂષણને નિયંત્રિત કરવામાં નિષ્ફળ રહી છે. પ્રદુષણને બદલે મંદિરના ઘંટ પર નોટિસ આપી રહ્યા છે જે ખોટું છે. મંદિરના ઘંટ કારણે અવાજનું પ્રદૂષણ થતું નથી. સોસાયટી અન્ય રહીશોએ આ કાર્યવાહી પાછી ખેંચવાની માંગ કરી છે.

# ભારત વિરુદ્ધ ભડકાવવા માટે 'ફ્લડ બોમ્બ' પ્રોપગેન્ડા ચલાવાઈ રહ્યો છે...

નવી દિલ્હી, તા.૨૨

બાંગ્લાદેશમાં તાજેતરના વિનાશક પૂર પછી દેશમાં ભારત વિરોધી પ્રચાર જોર પકડી રહ્યો છે. કેટલાક સંગઠનોએ આરોપ લગાવ્યો છે કે ભારતે ત્રિપુરા ના તમ્બુર હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ-નો ડેમ ખોલ્યો હતો જેના કારણે બાંગ્લાદેશમાં અભૂતપૂર્વ પૂર આવ્યું હતું, જેના કારણે કેટલાક જિલ્લાઓમાં મોટાપાયે વિનાશ થયો હતો.આરોપ છે કે ત્રિપુરામાં સ્થિત તંબુર ડેમ અચાનક ખોલી દેવામાં આવ્યો હતો, જેના કારણે બાંગ્લાદેશની ઘણી નીચાણવાળી વસાહતો ડૂબી ગઈ હતી. આ આરોપો અનુસાર, ભારતે કોઈપણ પૂર્વ સૂચના વિના ડેમના દરવાજા ખોલી દીધા, જેના કારણે બાંગ્લાદેશનો મોટો હિસ્સો પૂરથી ભરાઈ ગયો. આ ઘટનાને લઈને બાંગ્લાદેશમાં ઘેરો ગુસ્સો છે અને સોશિયલ મીડિયા પર મોટા પાયે ભારત વિરુદ્ધ પ્રચાર કરવામાં આવી રહ્યો છે.સોશિયલ મીડિયા પર ફેલાતા સંદેશાઓ અને સ્થાનિક સંગઠનો દાવો કરી રહ્યા છે કે ભારતે બાંગ્લાદેશમાં તાજેતરના સત્તા પરિવર્તન સામે રાજકીય બદલો લેવા માટે આ પગલું ભર્યું છે. આરોપ લગાવવામાં આવી રહ્યો છે કે બાંગ્લાદેશના પૂર્વ વડા પ્રધાન શેખ હસીનાના પતન બાદ ભારતે જાણીજોઈને આ પૂર બનાવ્યું છે જેથી નવી સરકાર પર દબાણ આવે.જમાત-એ-ઈસ્લામી અને છાત્ર શિવિર જેવા સંગઠનોએ આ તકનો લાભ લઈને બાંગ્લાદેશમાં ભારત વિરોધી ભાવનાઓ ભડકાવી છે. આ સંગઠનોએ જનતામાં સંદેશો ફેલાવ્યો છે કે ભારત બાંગ્લાદેશ પ્રત્યે પ્રતિકૂળ વલણ અપનાવી રહ્યું છે અને આ પૂર તેના ષડયંત્રનો એક ભાગ છે. સોશિયલ મીડિયા પર ઝડપથી ફેલાઈ રહેલા આ સંદેશાઓએ લોકોમાં ઊંડી ચિંતા અને ગુસ્સો પેદા કર્યો છે.આ આરોપો પર ભારત તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપ વામાં આવી નથી. જો કે, નિષ્ણાતો કહે છે કે આવા પૂર સામાન્ય રીતે કુદરતી કારણોસર થાય છે અને તેને જાણી જોઈને કરવામાં આવેલું કૃત્ય તરીકે જોવું યોગ્ય નથી. ત્રિપુરા ના તંબુર ડેમમાંથી પાણી છોડવું એ ચોમાસાના વરસાદ દરમિયાન પાણીના સ્તરને નિયંત્રિત કરવા માટે એક નિયમિત કવાયત હોઈ શકે છે.

# સગર વિજય સુવાળા અને ૫૦ લોકોએ ભેગા મળી નેતા પર કર્યો હુમલો



અમદાવાદ , તા.૨૨

જાણીતા સિંગર વિજય સુવાળાનો એક વીડિયો વાયરલ થયો છે. જેમાં ફિલ્મી સ્ટાઈલમાં ગુંડાગર્દી જોવા મળે છે. દિનેશ દેસાઈ નામના જમીન દલાલની ઓફિસ પર ૫૦ જેટલા લોકોના ટોળાએ હોબાળો મચાવ્યો હતો. જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેને લઈને જમીન દલાલે ઓઢવ પોલીસ સ્ટેશનમાં વિજય સુવાળા અને તેમના ભાઈ યુવરાજ સુવાળા સહિત ૫૦ લોકો વિરૂદ્ધ ફરિયાદ દાખલ થઈ છે જેમાં ૧૩ લોકો સામે નામજોગ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર જાણીતા સિંગર વિજય સુવાળા અને તેમના ભાઈ તથા ૫૦ થી વધુ લોકોએ જમીન દલાલ દિનેશ દેસાઈની ઓફિસ પર જઈને ઉત્પાત મચાવ્યો હતો. ૫૦ લોકોના ટોળાએ ઓફિસ પર જઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાના આક્ષેપ કર્યા હતા. જોકે આ સમગ્ર ઘટનાનો એક વીડિયો પણ વાયરલ થયો છે. મળતી માહિતી અનુસાર જમીનની લેતી-દેતીમાં વિવાદ થતાં દિનેશ દેસાઈ પર હુમલો થયો હોવાનું જાણવા મળ્યું છે. જોકે મહત્વની વાત એ છે કે છઈછમાં જોડાયેલા વિજય સુવાળા રાતોરાત છોડીને ભાજપમાં જોડાયા હતા. તો બીજી તરફ દિનેશ દેસાઈ પણ ભાજપના જ નેતા છે.

# હડતાળને કારણે ૪ લાખ ઓટો-ટેક્સીઓ રસ્તા પર નહીં આવે

નવી દિલ્હી, તા.૨૨

ઓટો ટેક્સી ડ્રાઈવરોની બે દિવસીય હડતાળ વચ્ચે આજે રાજધાની દિલ્હીમાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. હકીકતમાં, દિલ્હી-એનસીઆરમાં ઓટો અને ટેક્સી ડ્રાઈવર યુનિયનોએ એપ આધારિત કેબ સેવાઓને કારણે તેમની આજીવિકા પર વધતી અસરના વિરોધમાં આજથી હડતાળની જાહેરાત કરી છે. આ હડતાળને કારણે ૬ લાખથી વધુ વાહનો રસ્તાઓ પર જોવા નહીં મળે.દિલ્હી-એનસીઆરના ૧૫થી વધુ યુનિયનો હડતાળમાં સામેલ છે. એક આંકડા મુજબ હડતાળને કારણે ચાર લાખ ટેક્સીઓ રસ્તા પર નહીં આવે. તે જ સમયે, હડતાળને કારણે ઓટો, ટેક્સી અને એપ આધારિત કેબ સેવાઓ સૌથી વધુ પ્રભાવિત થવાનો ભય છે.સંગઠનની સાથે તમામ ઓટો -ટેક્સી સંસ્થાઓના અધિકારીઓ આજે જંતર-મંતર પર તેમની માંગણીઓ સાથે બેસી જશે. આ વિરોધ પ્રદર્શન માટે દિલ્હી પોલીસ પાસેથી પરવાનગી લેવામાં આવી હતી.ટેક્સી ડ્રાઈવર્સ સેના યુનિયન, દિલ્હી ઓટો થ્રી-વ્હીલર ડ્રાઈવર્સ યુનિયન, રાજધાની ટૂરિસ્ટ ડ્રાઈવર્સ યુનિયન સહિત દિલ્હી-એનસીઆરના ૧૫ થી વધુ મુખ્ય ઓટો અને ટેક્સી ડ્રાઈવરોએ બે દિવસની સંયુક્ત હડતાળની જાહેરાત કરી છે. ૧ લાખ ઓટો અને ૪ લાખ ટેક્સીઓમાંથી ૧ લાખથી વધુ કેબ નહીં ચાલે, એટલે કે કુલ ૬ લાખથી વધુ વાહનો રસ્તાઓ પર જોવા નહીં મળે. ૨૨ ઓગસ્ટે જંતર-મંતર ખાતે પણ હડતાળિયાઓ વિરોધ પ્રદર્શન કરશે.ઓલ દિલ્હી ઓટો ટેક્સી ટ્રાન્સપોર્ટ કોંગ્રેસ યુનિયનના પ્રમુખ કિશન વર્માનું કહેવું છે કે એપ આધારિત કેબ સર્વિસથી ઓટો ટેક્સી ડ્રાઈવરોને નુકસાન થઈ રહ્યું છે. તો સાથે જ એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે એપ કંપનીઓ કેબ ડ્રાઈવરો પાસેથી જંગી કમિશન વસૂલી રહી છે.ગંભીર આરોપો લગાવતા કિશન વર્માએ દાવો કર્યો છે કે વાહનવ્યવહાર વિભાગ અને ટ્રાફિક પોલીસની મિલીભગતથી બાઈક ટેક્સી અને ઈ-રિક્ષાઓ ગેરકાયદેસર રીતે ચલાવવાને કારણે ટેક્સી ડ્રાઈવરોના રોજગાર પર ખરાબ અસર પડી રહી છે. તેમણે કહ્યું કે રાજ્ય સરકાર મનમાની રોકવામાં નિષ્ફળ ગઈ છે, તેથી હડતાળ પર જવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી.કિશન વર્માએ કહ્યું, 'ઘણા વર્ષોથી અમે એપ-આધારિત કંપનીઓ વિશે સરકારો અને વિભાગોને લખી રહ્યા છીએ, પરંતુ કોઈ સાંભળતું નથી.

# ભૂતિયા ઢીંગલીની ઈંગ્લેન્ડમાં ચર્ચા.. ફક્ત પરિણીત પુરુષોને જ પરેશાન કરે છે.. ૧૭ પુરુષોએ દાવો કર્યો

## ઈંગ્લેન્ડમાં એક ઢીંગલીની ચર્ચા છે, જે વાસ્તવમાં ભૂતિયા હોવાનું કહેવાય છે, ઘણા લોકોનો દાવો છે કે ઢીંગલીમાં દગો ખાનાર દુલ્હનનો આત્મા છે

ઈંગ્લેન્ડ, તા.૨૨

પેરાનોર્મલ ઈન્વેસ્ટિગેટર લી સ્ટીયરે eBay પરથી 'એલિઝાબેથ' નામની ઢીંગલી ખરીદી હતી. જેની કિંમત ૯૩ હજાર રૂપિયા હતી. સાઉથ યોર્ક્સના રોધરહૈમમાં (Rotherham, South Yorks) તેમની પાસે એક સંગ્રહાલય છે, જ્યાં તે ભૂતિયા વસ્તુઓનું પ્રદર્શન કરે છે. તેણે ઢીંગલી ખરીદીને તે જ મ્યુઝિયમમાં રાખી અને લોકો તેને જોવા આવવા લાગ્યા. પરંતુ લોકો એ ઢીંગલી વિશે વિચિત્ર દાવા કરવા લાગ્યા. હોલિવૂડ અને બોલિવૂડમાં આવી ઘણી ફિલ્મો બની છે, જેમાં ભૂતિયા ઢીંગલીની વાર્તાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને ભૂતિયા ઢીંગલી બતાવવામાં આવી છે. પરંતુ તે કાલ્પનિક વાર્તાઓ છે, જેને સત્ય સાથે કોઈ લેવાદેવા નથી. જો કે, આ દિવસોમાં ઈંગ્લેન્ડમાં એક ઢીંગલીની ચર્ચા છે, જે વાસ્તવમાં ભૂતિયા હોવાનું કહેવાય છે. લોકો દાવો કરે છે કે આ ઢીંગલી (World's most



haunted doll)ની અંદર દગો ખાનાર દુલ્હનનો આત્મા છે, તેથી જ તે ફક્ત પરિણીત પુરુષો ને જ પરેશાન કરે છે. ૧-૨ નહીં પરંતુ ૧૭ પુરુષોએ દાવો કર્યો છે કે આ ઢીંગલીના કારણે તેમને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ડેઈલી સ્ટાર ન્યૂઝ વેબસાઈટ અનુસાર, તેમણે દાવો કર્યો કે એક દિવસ તે મ્યુઝિયમમાં ઢીંગલી પાસે ઉભો હતો, ત્યારે અચાનક તેને તેની પીઠ પર જલનનો અનુભવ થયો. તેને લાગ્યું કે તેની પીઠ પર કોઈએ પેન્ટાગ્રામનો આકાર દોર્યો છે. મ્યુઝિયમમાં આવતા માણસો પણ આવો જ દાવો કરવા લાગ્યા ત્યારે નવાઈ લાગી. લી દાવો કરે છે કે તેમના સિવાય લગભગ ૧૬ લોકોએ તેમને એક યા બીજા સમયે ઉલ્લેખ કર્યો છે કે તેઓ પણ તેમની પીઠ પર જલનની લાગણી અનુભવી છે અને એવું લાગ્યું કે જાણે કોઈએ તેમની પીઠ પર કંઈક લખ્યું હોય. આશ્ચર્યજનક એ છે કે તે બધા પરિણીત પુરુષો હતા. લોકોનું માનવું છે કે કદાચ એ ઢીંગલીની અંદર કોઈ દુલ્હનની આત્મા છે જેની સાથે પુરુષોએ ખરાબ વર્તન કર્યું હશે, તેથી જ તે પરિણીત પુરુષોથી ચિડાઈ જાય છે. ઘણા લોકો એવું વિચારે છે કે કદાચ તેના લગ્નજીવનમાં ઘણી સમસ્યાઓ આવી હશે, જેના કારણે તે તેના પતિને નફરત કરતી હશે. મ્યુઝિયમની મુલાકાત લેનારા અન્ય ઘણા લોકોએ કહ્યું કે તેઓને ક્યારેક લાગ્યું કે કોઈએ તેમનો શર્ટ ખેંચ્યો છે અને કોઈએ કહ્યું કે તેમને સફેદ ડ્રેસમાં પડછાયો દેખાય છે.

# તમિલ સુપરસ્ટાર બનેલા નેતા થલાપથી વિજયે પાર્ટીનો ધ્વજ લૉન્ચ કર્યો



ચેન્નાઇ,તા.૨૨

તમિલ સુપરસ્ટાર થાલાપથી વિજયે ગુરુવારે ચેન્નાઈના પાનીયુરમાં પાર્ટી ના મુખ્યમથક ખાતે તેમના નવા સ્થાપિત રાજકીય પક્ષ, તમિલગા વેત્રી કઝગમ (ટીવીકે) ના ધ્વજનું અનાવરણ કર્યું હતું. પીળા અને લાલ ધ્વજનું અનાવરણ કર્યા બાદ વિજયે ટૂંકું ભાષણ આપ્યું હતું. ધ્વજમાં હાથીદાંતના બે ટસ્ક અને તારાઓથી ઘેરાયેલા વાગાઈના ફૂલનું પ્રતીક છે. સંગમ સમયગાળા દરમિયાન, તમિલ રાજાઓ વિજયના પ્રતીક તરીકે વગાઈના ફૂલોની માળા પહેરતા હતા.

પોતાના ભાષણમાં વિજયે કહ્યું, "આપણો ધ્વજ આપણા રાજ્યનું પ્રતીક બનશે. ધ્વજ સાથે, અમે અમારા પક્ષનું ગીત પણ રજૂ કરી રહ્યા છીએ. અમારો ધ્વજ આખા દેશમાં ફરશે અને તમિલનાડુ હવેથી વધુ સારું થશે. પાર્ટીના જનરલ સેક્રેટરી અને પુડુચેરીના ભૂતપૂર્વ ધારાસભ્ય, બસ્સી આનંદે સભાનું સ્વાગત કર્યું. વિજયની રાજનીતિમાં પ્રવેશ ચોક્કસપણે તમિલનાડુના વર્તમાન રાજકીય સમીકરણોને બદલી નાખશે. વિજય પોતે એક સ્ટાર છે અને તેની ફેન ક્લબ 'વિજય મક્કલ અયકામ'ના ૧૦ લાખ સભ્યો છે.

ફિલ્મ 'નલાઈયા થીરપુ' (૧૯૯૨) માં મુખ્ય અભિનેતા તરીકેની એન્ટ્રી બાદ તરત જ ફેન ક્લબની રચના થઈ હતી. વિજય મક્કલ અયકામ હવે ઓલ ઈન્ડિયા થલાપતિ વિજય મક્કલ અયકામ તરીકે નોંધાયેલ છે.

વિજય એ તમિલ સ્ટાર્સની યાદીમાં સામેલ થઈ ગયો છે જેમણે રાજકારણમાં પ્રવેશ કર્યો છે. આમાં અભિનેતા એમજી રામચંદ્રન,જેમણે છૈંછઉદ્બસ્દ્ભ ની સ્થાપના કરી હતી અને તમિલનાડુના સૌથી લોકપ્રિય મુખ્ય પ્રધાનોમાંના એક બન્યા હતા અને ડૉ જે જયલલિતાનો સમાવેશ થાય છે. તેમણે માત્ર રાજનીતિમાં જ ભવ્ય એન્ટ્રી નથી કરી પરંતુ રાજ્યના શક્તિશાળી મુખ્યમંત્રીઓની યાદીમાં પોતાનું નામ પણ નોંધાવ્યું છે.

# આર્કટિકમાં પરમાફ્રોસ્ટ ઓગળવાથી ઝેરી પારો પાણીમાં ઓગળવાની તૈયારીમાં..

અલાસ્કા, તા.૨૨

દુનિયાનો અંત જલ્દી જ આવવાનો છે, આ દુનિયા ક્યારેય તબાહ થઈ જશે તે કહેવાય નહિ, કારણ કે દુનિયાને તબાહ કરતો મોટો ટાઈમ બોમ્બ એક્ટિવ થઈ ગયો છે. આર્કટિકમાં પરમા ફ્રોસ્ટ ઓગળવાથી ઝેરી પારો પાણીમાં ઓગળી રહ્યો છે. આ એક ટાઈમ બોમ્બ છે જે આ પાણી આધારિત ફુડ ચેઈન અને નાગરિકો ને નોંધપાત્ર નુકસાન પહોંચાડી શકે છે. અમેરિકન વૈજ્ઞાનિકોએ અલાસ્કામાં યુકોન નદીના પાણીમાં સંશોધન બાદ આ ચેતવણી આપી છે. પાણીમાં ઓગળતો પારો હજારો વર્ષોથી પરમાફ્રોસ્ટમાં દટાયેલો હતો. આર્કટિકમાં એક વિશાળ મર્ક્યુરી બોમ્બ વિસ્ફોટ કરવા માટે તૈયાર હોઈ શકે છે તેવું USC ડોર્નસિફ કોલેજ ઓફ લેટર્સ, આર્ટસ એન્ડ સાયન્સમાં પૃથ્વી વિજ્ઞાન અને પર્યાવરણીય અભ્યાસના પ્રોફેસર જોશ વેસ્ટે જણાવ્યું હતું. યુનિવર્સિટી ઓફ સધર્ન કેલિફોર્નિયાના સંશોધકોએ અલાસ્કાની યુકોન નદીમાં કાંપના પરિવહનનો અભ્યાસ કર્યો. તેઓએ જોયું કે નદી રાજ્યના પશ્ચિમ તરફ વહેતી હોવાથી, તેના કિનારે પરમાફ્રોસ્ટનું ધોવાણ થઈ રહ્યું છે. જેના કારણે પાણીમાં પારો યુક્ત કાંપ ઉમેરાઈ રહ્યો છે. સંશોધકોએ નદીના કાંઠા અને રેતીના ટેકરાઓ તેમજ માટીના ઊંડા સ્તરોમાંથી કાંપમાં પારોનું વિશ્લેષણ કર્યું. યુકોન નદી તેના માર્ગને કેટલી ઝડપથી બદલી રહી છે તે જોવા માટે તેઓએ સેટે-લાઈટ ડેટાનો પણ અભ્યાસ કર્યો. જે નદીના કિનારો અને રેતીના ટેકરાઓ પર જમા થતા પારોથી ભરેલા કાંપના જથ્થાને અસર કરે છે. નદી પારો-સમૃદ્ધ કાંપના મોટા જથ્થાને ખૂબ જ ઝડપથી ખસેડી શકે છે તેવું રિસર્ચના સહ-લેખક ઈસાબેલ સ્મિથે જણાવ્યું હતું. ઝેરી ધાતુઓની હાજરી આર્કટિકના પર્યાવરણ અને અહીં રહેતા ૫૦ લાખ લોકોના સ્વાસ્થ્ય માટે મોટો ખતરો છે. પીવાના પાણી દ્વારા દૂષિત થવાનું જોખમ ઓછું હોવા છતાં, તે લાંબા ગાળે વિનાશક અસરો કરી શકે છે, ખાસ કરીને આર્કટિક સમુદાયો માટે જે શિકાર અને માછીમારી પર આધાર રાખે છે. આ ધાતુ (પારા) ના સંચયની અસર સમય જતાં વધવાની ધારણા છે, ખાસ કરીને માછલીઓ અને પ્રાણીઓ દ્વારા મનુષ્યો દ્વારા ખાવામાં આવે છે. સ્મિથે જણાવ્યું હતું કે 'દશકોના સંપર્કમાં, ખાસ કરીને પારા ના ઊંચા સ્તરે, પર્યાવરણ અને આ વિસ્તારોમાં રહેતા લોકોના સ્વાસ્થ્ય પર વિનાશક અસરો કરી શકે છે.' આર્કટિકને ઘણીવાર આબોહવા પરિવર્તનની ફ્રન્ટ-લાઈન કહેવામાં આવે છે. અત્યાર સુધીના સંશોધનો દર્શાવે છે કે ઉત્તર ધ્રુવના પીગળવાથી સમગ્ર ગ્રહ પર અસર થશે. આ વિસ્તાર અપેક્ષા કરતા વધુ ઝડપથી પીગળી રહ્યો છે અને તેના કારણે દિવસો લાંબા થઈ રહ્યા છે. તાજેતરના સંશોધનો એ પણ સૂચવે છે કે ગ્રીનલેન્ડ બરફની ચાદર અગાઉ માનવામાં આવતી હતી તેટલી સ્થિર નથી. તેના પીગળવાના કારણે ૪૦ કરોડ લોકોને પૂરનું જોખમ હોઈ શકે છે.

## અમેરિકન વૈજ્ઞાનિકોએ અલાસ્કામાં યુકોન નદીના પાણીમાં સંશોધન બાદ ચેતવણી આપી

## સંક્ષિપ્ત સમાચાર

### ગાંધીધામ સંકટ મોચન હનુમાન મંદિરનો પાંચમો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો



ગાંધીધામ તા.૨૨

અહીંની આહિર બ્રધર્સ વાડી સ્થિત સંકટ મોચન હનુમાન મંદિર મધ્યે પાંચમો વાર્ષિક પાટોત્સવનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ભાવિન રવજી આહીરના માર્ગદર્શન હેઠળ યોજાયેલા હોમ હવનમાં મુખ્ય યજમાન પદે કાલુરામ ધનારામ પઢીયાર અને ભાવેશ સુરેશ સાકરીયા સહ પરિવાર રહ્યા હતા અને વિધિ સંપન્ન કરાવી હતી, યજ્ઞના આચાર્ય પદે દેવેન કનકચંદ્ર વ્યાસ અને ઉપાચાર્ય પદે હિતેશ ચમન પંડ્યા રહ્યા હતા. સાંજે ગુરુદેવ ગયાપ્રસાદ શુક્લાજી તેમજ શ્રીમતી સૂરજ ઉમેશ શર્માના સ્વરમાં મારુતિ મંડળ સુંદરકાંડ પરિવાર દ્વારા સંગીતમય સુંદરકાંડનો પાઠ કરવામાં આવ્યો હતો. બપોરે અને રાત્રે મહા આરતી સાથે સમૂહ પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા આહિર બ્રધર્સ વાડી ગ્રુપ દ્વારા કરવામાં આવી હતી જેનો મોટી સંખ્યામાં ભાઈ બહેનોએ લાભ લીધો હતો.

### રાપરની શાળાઓમાં 'ગુરુવંદન છાત્ર અભિનંદન' કાર્યક્રમ યોજાયો




**ભારત વિકાસ પરિષદ દ્વારા શિક્ષકો અને વિધાર્થીઓ વચ્ચે માન સન્માન સ્થાપિત કરવા પ્રયાસ**

રાપર તા.૨૨

રાપર વિકાસ વાડી ગ્રુપ શાળા અને અનુભૂતિ વિધા મંદિર શાળા મધ્યે ભારત વિકાસ પરિષદ રાપર શાખા દ્વારા, ગુરુવંદન છાત્ર અભિનંદન કાર્યક્રમ યોજવામાં હતો. બંન્ને શાળાઓમાં આયોજીત કાર્યક્રમમાં દિપ પ્રાગટય અને રાષ્ટ્રગાન બાદ સંસ્થાના પૂર્વ પ્રમુખે આ કાર્યક્રમનો હેતુ સમજાવતા કહ્યું હતું કે, વર્તમાનમાં શિક્ષકો અને વિધાર્થીઓ વચ્ચેના વ્યવહારમાં ક્યાંક માન સન્માનનો લોપ થતો જાય છે, વ્યવહારમાં સંકલનનો અભાવ વધતો જાય છે આ પરિસ્થિતિ નિવારવા હેતુ સંસ્થાએ ગુરુવંદન છાત્ર અભિનંદન પ્રકલ્પ પ્રયોજયો છે, જયારે સંસ્થાના મહામંત્રીએ સંસ્થાની કાર્યપ્રણાલી અને સંસ્થાના કાર્યોની માહિતી પુરી પાડી હતી, સંસ્થા દ્વારા દરેક શાળાઓમાં આવા કાર્યક્રમોનું આયોજન કરાય છે. કાર્યક્રમમાં શાળાના વિધાર્થીઓએ શિક્ષકોનું પૂજન કર્યું હતું અને સંસ્કારિતાના સપથ લીધા હતા, આ પ્રસંગે સંસ્થા દ્વારા શ્રેષ્ઠ વિધાર્થીઓ અને શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. વિકાસ વાડી શાળાના આચાર્ય જીગ્નેશભાઈ અને શિક્ષકોએ અને અનુભૂતિ વિધા મંદિરના આચાર્ય સેજલબેન ગોસ્વામી અને શિક્ષકોએ સહયોગ આપ્યો હતો. આ પ્રકલ્પના સંયોજક કલ્પેશ ગીરી ગોસ્વામી અને સહસંયોજક કલ્પેશગીરી ગોસ્વામીએ જહેમત ઉઠાવી હતી.

### મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ બહાર પાડવામાં આવ્યો

**આગામી તા.૩૦ ઓગસ્ટ સુધી વાંધા કે સુચનો લેખિતમાં રજૂઆત કરી શકાશે**

ભુજ તા.૨૨

ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા તા.૦૧/૦૧/૨૦૨૫ની લાયકાતની તારીખના સંદર્ભે ફોટાવાળી મતદારયાદીનો ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ બહાર પાડવામાં આવ્યો છે. જે અંતર્ગત મતદાન મથકોની પ્રાથમિક સુધારાયાદી તૈયાર કરી બહાર પાડવામાં આવી છે, જે સંબંધિત મતદાન મથકો, ગ્રામ પંચાયત કચેરી, નગરપાલિકા કચેરી, મામલતદાર કચેરી, સંબંધિત પ્રાંત અધિકારી અને કલેક્ટર કચેરી, તેમજ કચ્છની ચૂંટણી શાખામાં જોવા મળી શકશે. મતદાન મથકોની આ પ્રાથમિક સુધારાયાદી સંબંધે કોઈ વાંધા અથવા સૂચનો હોય તો તા.૩૦/૮/૨૦૨૪ સુધીમાં મળી જાય તે રીતે લેખિતમાં કલેક્ટર કચેરી, ચૂંટણી શાખા, ભુજ કચ્છને મોકલી આપવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર કચ્છ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### મુન્દ્રાની જનસેવા દ્વારા વસાહતોમાં તાલપત્રી વિતરણનો પ્રારંભ



ભુજ તા.૨૨

દર ચોમાસાની સિઝનની જેમ હાલ ચોમાસાની સિઝનમાં મુન્દ્રાની જનસેવા દ્વારા ખુલ્લા ઝૂંપડામાં રહેતા જરૂરતમંદ પરિવારોને તાલપત્રી વિતરણનો પ્રારંભ કરાયો છે.આ વર્ષે હજુ પણ વરસાદની આગાહી છે ત્યારે અદાણી ગ્રુપનાં સહયોગથી આ સેવાકીય પ્રોજેક્ટ ચાલુ કરાયો છે.

અદાણી ગ્રુપ દ્વારા ચોમાસાની સિઝનમાં તાલપત્રી અને કડકડતી ઠંડી માં જરૂરતમંદ લોકો માટે ગરમ ધાબળાની સેવા નો સહયોગ મળતો રહે છે. ઉલ્લેખનીય છે કે ગત સપ્તાહમાં અદાણી ફાઉન્ડેશનની ૨૮મી વર્ષગાંઠ નિમિત્તે વિવિધ સેવાકીય કાર્યો હાથ ધરાયા હતા. આ તાલપત્રી વિતરણના પ્રારંભે અદાણી સમુહના જયદીપ શાહ, રમેશ આયડી તેમજ અદાણી ફાઉન્ડેશનનાં કિશોર ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.તેમજ જન સેવા ના રાજ સંઘવી, ભગીરથસિંહ ઝાલાએ સહયોગ આપ્યો હતો.

# 'ઝંડા ઉંચા રહે હમારા' કચ્છમાં સ્વતંત્ર દિવસની ગૌરવપુર્ણ ઉજવણી


ગંઢેર પ્રાથમિક શાળા


બેલા


તાલુકા પંચાયત


કચ્છ મહિલા કેન્દ્ર-ભુજ


નલિયા


મામલતદાર કચેરી


ભુજ હોમગાર્ડ


નાગરિક સંરક્ષણ કચેરી,ભુજ


કોઠારા


પ્રા. શાળા નંબર ૨


કુવાથડા પ્રાથમિક શાળા


મુન્દ્રા


નાની વમોટી


કચ્છ યુનવર્સિટી

ભુજ તા.૨૨

**કચ્છ યુનવર્સિટી :** સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરાઇ.આ તકે કચ્છ યુનિવર્સિટીમાં પ્રથમ વખત માતૃવંદના અંતર્ગત MSW માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની બહેન પટેલ હિમાની ચેતનના હસ્તે ધ્જવંદન કરવામાં આવ્યું હતું. જેમણે પોતાના વક્તવ્ય માં ભારતને ખરા અર્થ માં આઝાદી ત્યારે મળશે જ્યારે સમગ્ર ભારત ભ્રષ્ટાચાર મુક્ત બનશે,આ ઉપરાંત સ્વચ્છતા, રોજગાર, આત્મનિર્ભરતા, સોશિયલ મીડિયા, વગેરે બાબતો માટે આજની યુવા પેઢી એ પહેલ કરવી પડશે એમ જણાવ્યું હતું કચ્છ યુનિવર્સિટીના દીઘર્દ્રષ્ટા કુલપતિ એ જણાવ્યું હતું કે આવી જ રીતે હવે થી બંને રાષ્ટ્રીય પર્વો વખતે યુનિ.ના જુદા જુદા વિભાગોમાંથી હોશિયાર અને કર્મઠ વિદ્યાથીઓ પાસે ધ્વજવંદન કરાવવામાં આવશે. જેથી નવી નવી પ્રતિભાને તકો પૂરી પાડી શકાય. કુ.હિમાની પટેલએ મુન્દ્રાના વતની છે અને યુનિવર્સિટીના સમાજ કાર્ય વિભાગના સેમેસ્ટર ૧ માં અભ્યાસ કરતા ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ કચ્છની જુદી જુદી ૧૮ ગામોની પ્રાથમિક શાળાઓમાં ત્યાંના બાળકો અને ગ્રામજનો સાથે સ્વાતંત્ર્ય દિન ઉજવ્યો હતો.૧૫ વિધાર્થીઓ એ દેશભક્તિ ગીતો ઉત્સાહભેર રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં કચ્છ યુનવર્સિટીના કુલપતિ ડો. મોહન પટેલ, કુલસચિવ ડો. અનિલ ગોર તથા ટીચિંગ અને નોન ટિચિંગ તમામ સ્ટાફ અને વિધાર્થીઓ મળી ને કુલ ૧૯૦ સભ્યો હાજર રહ્યા હતા

**કચ્છ મહિલા કેન્દ્ર-ભુજ :** કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્ર-ભુજ તેમજ શ્રી ચંદ્ર જ્યોતિબા શુક્લ પ્રાથમિક શાળા નંબર-૧૩ ભુજનાં સંયુક્ત ઉપક્રમે ૭૮ મા સ્વાતંત્ર્ય પર્વની રંગે ચંગે ઉજવણી કરવામાં આવી હતી.૭૮ મા સ્વાતંત્ર્ય પર્વ પ્રસંગે શ્રી કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્ર-ભુજ તેમજ શ્રી ચંદ્ર જ્યોતિબા શુકલ પ્રાથમિક શાળા નંબર -૧૩ ભુજનાં સંયુક્ત ઉપક્રમે કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્ર ખાતે સંસ્થાના પ્રમુખ કમળા વ્યાસ તેમજ શાળા નંબર-૧૩ ભુજનાં આચાર્ય નિલેશ ગોરના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.'દીકરીને સલામ' અંતગૅત સંસ્થાની દીકરી સુનિતા હળપતિ ધ્વજવંદન માટે સાથે જોડાઈ હતી. સંસ્થાના ઉપપ્રમુખ કુન્જલત્તા ઠક્કર,મંત્રી દિપાલી શુક્લ,ખજાનચી જયશ્રી ત્રિપાઠી સંસ્થાના ટ્રસ્ટી બિન્દુ જોશી,સભ્ય એ.એ.શેખ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્ર-ભુજનાં અધિક્ષક અંકિતા મારૂ, પ્રોબેશન ઓફિસર કોમલ રામાનુજ,નારીગૃહ મેનેજર ભક્તિ ભટ્ટ,શિશુગૃહ મેનેજર મીનાક્ષી ચુડાસમા,એજ્યુકેટર વર્ષા પ્રજાપતિ, સંસ્થાના ગૃહ માતા શિવાની તેમજ સ્ટાફ જોડાઇ 'એક વૃક્ષ માં કે નામ' વાવીને વૃક્ષ ઉછેરનો સંકલ્પ લેવાની શીખ આપી હતી.સંસ્થા તથા દાતાઓ દ્વારા બાળકોને પ્રોત્સાહીત કરાયા હતા. કાર્યક્રમનું સંચાલન દુલારી ઠક્કરે કર્યુ હતુ

**ગંઢેર પ્રાથમિક શાળા :** ભુજ તાલુકાના અંતરિયાળ ગામન શ્રી ગંઢેર પ્રાથમિક શાળામાં સ્વાતંત્ર્ય પર્વ નિમિતે ગ્રામજનોની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કાર્યક્રમ ઉજવાયો હતો.આ સાથે શાળાના તમામ બાળકો માટે રમત ઉત્સવનો આયોજન કરાયું હતું. વિવિધ દેશી રમતોનું આનંદ માણીને વિજેતા થયેલા બાળકોને શાળાના આચાર્ય તથા ગામના આગેવાનોના હસ્તે ઇનામો આપીને પ્રોત્સાહિત કરાયા હતા.બાળકો દ્વારા સર્જન કરેલ ચિત્રોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.બાળકોની સર્જન શક્તિ નિહાળીને સૌ ખુશ થયા હતા.સમગ્ર આયોજન શાળાના આચાર્ય તેજલ ગોર તથા શાળા પરિવાર સંભાળ્યો હતો.

**નલિયા :** અબડાસા તાલુકાના મુખ્યમથક નલિયા સહિત વિવિધ ગામડાઓમાં ૭૮ માં સ્વાતંત્ર્ય પર્વ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં તાલુકા કક્ષાનો કાર્યક્રમ કોઠારા ખાતે યોજવામાં આવ્યો હતો જેમાં માં પ્રાંત અધિકારી વાઘેલાના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું તો નલિયા ખાતે મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર વ્યાસભાઇએ ધ્વજવંદન કર્યું હતું ,પ્રાથમિક શાળા નંબર ૨ માં રાતા તળાવના સ્થાપક મનજી બાપુ દ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. નલિયા તાલુકા પંચાયત કચેરી તાલુકા ખાતે વિસ્તરણ અધિકારી ભરત ડુડિયાના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું નલિયા બજાર ચોકમાં સરપંચ રામજી કોલી દ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. નાની વમોટી ખાતે ગામના સરપંચ દ્વારા કરવામાં આવ્યું હતું સાથે વાયોર ,મોથાળા, તેરા, બીટા, વાકું સહિતના ગામડાઓમાં સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે ૭૮ માં સ્વાતંત્ર્ય દિવસના પર્વની ઉજવણી કરવામાં આવી હતી

**બેલા :** ૭૮ મા સ્વાતંત્ર્ય દિન નિમિતે ધ્વજ વંદન કાર્યક્રમ આગેવાન કૌશિક બગડાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો.શાળા ના આચાર્ય પીરા દેસાઈ એ પ્રાસંગિક ઉદબોધન કર્યુ. આગેવાનોએ મહાપર્વ સ્વાતંત્ર્યસેનાની ઓની કુરબાની યાદ કરી ગામના આગેવાનો એ બાળકો ને ઈનામો આપી ને પ્રોત્સાહીત કર્યા વિસાસારવાંઢ પ્રા શાળામાથી સ્પ્રાધાત્મક પરીક્ષાઓ પાસ કરેલ વિદ્યાર્થીઓને વિશેષ સન્માનિત કરાયા હતા સમગ્ર કાર્યક્રમનુ સંચાલન શાળા ના શિક્ષક વિરમ આહીર દ્વારા કરવામાં આવ્યુ હતુ. ગ્રામજનો આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા

**કુવાથડા પ્રાથમિક શાળા :** હર ઘર તીરંગા કાર્યક્રમ અંતર્ગત ગામમાં રેલીનું આયોજન કરાયું હતું ત્યારે શાળાના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.રેલીમાં શાળાના આચાર્ય અજય સુથાર,કૌશલ પરમાર,ધર્મેશ પ્રજાપતિ,ગીતા પૈજા,કૃપા રાઠોડ જોડાયા હતા.

### હોમગાર્ડ કર્મીઓનુ વિશેષ સન્માન





ભુજ તા.૨૨

પુર્વ કચ્છ તથા પશ્ચિમ કચ્છમાં બહાદુરી પુર્વક કામ કરનાર હોમગાર્ડ કર્મીઓનુ વિશેષ સન્માન કરવામા આવ્યુ હતુ અંજાર તાલુકા હોમગાર્ડ યુનિટના સભ્યોએ બહાદુરી પૂર્વક કામગીરી બદલ મંત્રી બળવંતસિંહ રાજપૂત તથા પૂર્વ કચ્છ જિલ્લા પોલીસવડા સાગર બાગમારે, કચ્છ કલેકટર અમિત અરોરા અને જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ ભૂમિત વાઢેરના હસ્તે હોમગાર્ડ જયવીરસિંહ જાડેજા અને શૈલેષ વિશ્રામ પરમારને પ્રસંશા પત્ર આપવામાં આવ્યુ હતું.

તો પશ્ચિમ કચ્છના કુકમા યુનિટના સભ્યોએ રોકડ તથા દાગીના સહિત મધ્યપ્રદેશની ગેંગની ટુકડીના ચોરને બહાદુરી પૂર્વક પકડી પોલીસની સુપ્રત કર્યા બાદ અનેક ચોરીઓની કબુલાત આ ગેંગ દ્વારા કરવામાં આવી જેથી સ્વતંત્ર દિવસની ઉજવણી નિમિત્તે કચ્છ આવેલા મંત્રી બળવંતસિંહ રાજપૂતના હસ્તે હોમગાર્ડ સભ્યોને પ્રશંસા પત્ર આપવામાં આવ્યા હતા. હોમગાર્ડ કમાન્ડન્ટ મનિષ બારોટ સહિતના સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## જનકપુર ગામે સામાજીક સમરસતા સુત્રને સાર્થક કરતો લગ્નોત્સવ ઊજવાયો

ભુજ તા.૨૨

ભારત દેશનાં બંધારણ મુજબ વિવિધતામાં એકતા એટલે કે અનેક જાતિ, સંપ્રદાયના લોકો રહે છે, કચ્છના માંડવી તાલુકામાં આવેલ જનકપુર ગામમાં મુખ્ય પાટીદાર સમાજની સાથે મહેશ્વરી, રબારી, રાજગોર, અને મુસ્લિમ સમાજના લોકો જેમ દુધમાં સાકર ભળે તેવી રીતે એક બીજાની સાથે હળીમળીને રહે છે.



પાટીદાર સમાજ સાથે અન્ય સમાજો પણ તાલ મિલાવીને ચાલે છે. આજના માહોલમાં અમુક મુઠ્ઠીભર તત્વો, બે જાતિ વચ્ચેના ભાઈ ચારામાં વૈમનસ્ય ફેલાવનાર તત્વોને આ જનકપુર ગામે એક સંદેશ આપ્યો છે,સમાજમાં એક કહેવત છે કે "જેમના અન્ન ભેગા તેમના મન ભેગા" અહીં મહેશ્વરી મેઘવાળ સમાજના સાંઈયાભાઈ મહેશ્ર્વરીની બે દિકરીના લગ્ન પ્રસંગોમાં સાચી સમરસતાના દર્શન થયા, સમગ્ર જનકપુર ગામે સાથે બેસીને ભોજન સમારંભનો આનંદ માણ્યો હતો. આ લગ્ન મહોત્સવમાં કચ્છ સૌરાષ્ટ્રનાં નામાંકિત કલાકારો દ્વારા દાંડીયા રાસનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, લગ્ન પ્રસંગોમાં જનક પુર ગામના દરેક સમાજે આ સમગ્ર જનકપુર ગામનો અવસર છે એવું માનીને ખંભે ખભા મિલાવીને આ અવસરને વધાવ્યો હતો. જાતિ છોડો સમાજ જોડો,એ સુત્રને સાર્થક કરવા માટે પોતાની દિકરી રશ્મિતાબેન ના લગ્ન મારું મેઘવાળ સમાજ સાથે હિન્દુ શાસ્ત્રો વિધિ મુજબ કરાવ્યા હતા, જયારે બીજી દિકરી જોશનાબેન ના લગ્ન બારમતી પંથ મુજબ સંપન્ન થયા હતા. આ અવસરે નવદંપતીને આશીર્વાદ આપવા માટે નાનજી પટેલ (પ્રમુખ જનકપુર સનાતન પાટીદાર સમાજ), લક્ષ્મણ ભરાડિયા (પ્રમુખ ગુડથર મતિયા સેવા ટ્રસ્ટ), નરેન્દ્રસિંહ રાઠોડ પુજારી સોદેવપીર દાદા બાયઠ, જીતુભાઈ ભગત યુવક મંડળ, ચોપડા મંજુલાબેન નરશી સરપંચ જનકપુર, વિરમભાઈ કોલી સરપંચ બાડા, માવજી ફૂલિયા, વિરલ બોરનિયા કચ્છ સામાજીક સમરસતા મંચ, શાન્તિભાઈ પટેલ, કલ્યાણ ગઢવી પાચોટિયા, દેવજી ધુઆ દહીસરા, મણિલાલ ઠક્કર બાડા, જાકબ લંગા લાયજા, સહિત અનેક લોકો હાજર રહીને આશિર્વાદ સાથે શુભેચ્છા આપી હતી.

## આશાપુરા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના પ્રણેતાની જન્મ જયંતિ વિશિષ્ટ રીતે ઉજવાઈ

ભુજ તા.૨૧

આશાપુરા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના પ્રણેતા અને સ્વપ્નદ્રષ્ટા નવનીતલાલ રતનજી શાહની ૯૮મી જન્મ જયંતીના ઉપલક્ષમાં આશાપુરા ફાઉન્ડેશન દ્વારા એક દિવસીય કાર્યક્રમનું આયોજન કરાયું હતું, આ અવસરે આર્ષ અધ્યયન કેન્દ્રના પૂ.પ્રદિપ્તાનંદ સરસ્વતીજીએ ખાસ હાજરી આપી પ્રેરણાત્મક ઉદબોધન કર્યું હતું, જેનો લાભ સમગ્ર આશાપુરા પરિવારે લીધો હતો.



ભુજની મુકતજીવન સ્વામીબાપા મહિલા કોલેજના ઓડિટોરીયમમાં આશાપુરા ગ્રુપ ઓફ ઈન્ડટ્રીઝના બાપુજીની જન્મ જયંતીના ખાસ કાર્યક્રમમાં સ્ટાફ પરિવારના ૭૭ જેટલા સંતાનો કે જેઓ ધોરણ ૧૦,૧૨ અને મેડિકલ, એન્જીનિરિંગ જેવા અન્ય શૈક્ષણિક ક્ષેત્રે તેજસ્વી દેખાવ કર્યો છે તેઓ સૌની સાથે નેશનલ લેવલ હેન્ડબોલ હરિફાઈ -૨૦૨૩માં ખેલ પ્રતિભા પુરસ્કાર મેળવવા બદલ આશાપુરા પરિવારની દિકરી ઐશ્વર્યા ક્રોશને પણ સન્માનિત કરી નવાજવામાં આવ્યા હતા, આ ઉપરાંત ૩૬ જેટલાં બાળકોમાં છૂપાયેલાં હુન્નરને ઉજાગર કરવા ખાસ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં ભાગ લેનાર તમામને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા, સેવાક્યિ પ્રવતિ અંતર્ગત જી.કે જનરલ હોસ્પિટલના સહયોગથી રકતદાન શિબિરનું આયોજન કરાયું હતું, જેમાં આશાપુરા પરિવારના સભ્યોએ રકતદાન કરી આ અવસરને અમૂલ્ય બનાવ્યો હતો. બહુમૂલ્ય એવું ૧૨ જેટલી બોટલ રકત એકઠું થયું હતું, જે થેલેસેમિયાના દર્દીઓને પૂરું પડાયું હતું.

આ અવસરે શાહ પરિવારમાંથી ખાસ નિશીથભાઈ અને ચૈતાલીબેન સલોટ એ ઉપસ્થિત રહીને બાપુજી સાથેના સંસ્મરણોને વાગોળ્યાં હતાં અને બાળકો તથા આશાપુરા પરિવારને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. આખો દિવસ કાર્યક્રમોની હારમાળા સાથે બાપુજીની જન્મ જયંતીની ઉજવણી યાદગાર બની રહી હતી, આશાપુરા ગ્રૂપ ઓફ ઇન્ડસ્ટ્રીઝ પરિવારના ચેતન શાહ, દિનાબેન ચેતન શાહ તેમજ મનન શાહની પ્રેરણાથી આશાપુરા ગ્રુપના બરાયા, લેર, પધ્ધર, હમલા, આર.એન્ડ ડી. તેમજ આશાપુરા ફાઉન્ડેશનની ટીમે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી તથા ગ્રુપના દરેક ઉચ્ચ અધિકારી સહિતના કર્મચારીઓની મહેનતથી કાર્ય પાર પડયું હતું તેવું આશાપુરા ફાઉન્ડેશનની યાદીમાં જણાવાયું હતું.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

**વિક્રમ** લેન્ડરનું સલામત અને નરમ ઉતરાણ કરનાર અને દક્ષિણ ધ્રુવ નજીક ચંદ્રની સપાટી પર પ્રજ્ઞાન રોવરને તૈનાત કરનાર ચંદ્રયાન-૩ મિશનની સફળતાની ઉજવણી કરવા માટે ભારત સરકારે ચંદ્રયાન-૩ ૨૩ ઓગસ્ટ ને રાષ્ટ્રીય અવકાશ દિવસ તરીકે જાહેર કર્યો છે જેના ભાગ રૂપે સાયન્સ સેન્ટર ખાતે ૧૩ ઓગસ્ટ થી ૨૩ ઓગસ્ટ દરમિયાન અવકાશ વિષય ને અનુલક્ષીને વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.આ ઐતિહાસિક સિદ્ધિએ ભારતને અવકાશમાં પ્રવાસ કરતા રાષ્ટ્રોના ચુનંદા જૂથમાં સ્થાન આપ્યું છે, જેના કારણે ભારત ચંદ્ર પર ઉતરનાર ચોથો દેશ છે અને ચંદ્રના દક્ષિણ ધ્રુવ નજીક આવું કરનારો પ્રથમ દેશ છે.

આ સિદ્ધિની ઉજવણી જુલાઈ અને ઓગસ્ટ, ૨૦૨૪ દરમિયાન સમગ્ર દેશમાં થઈ રહી છે, જેનો ઉદ્દેશ સ્પેસ સાયન્સ અને ટેકનોલોજીના ક્ષેત્રમાં યુવા પેઢીને જોડવાનો અને પ્રેરણા આપવાનો છે.જેની થીમ ચન્દ્રને સ્પર્શ કરતી વખતે જીવનને સ્પર્શે છેઃ ભારતની અવકાશ યાત્રા ચંદ્રયાન-૩ ના વિક્રમ લૅન્ડરે ચંદ્રની સપાટી પર તાપમાનનું પ્રથમ વૈજ્ઞાનિક અવલોકન નોંધ્યું હતું. જેની માહિતી ૨૭ ઑગસ્ટ, ૨૦૨૩ ના રોજ ઇસરોએ તે વિશે માહિતી આપી હતી .વિક્રમ લૅન્ડર પરના ચંદ્ર સરફેસ થર્મોફિઝિકલ ઍક્સપેરિમેન્ટ એટલે કે ChaSTE(ચેસ્ટ) ઉપકરણે અહીંની જમીનનું તાપમાન માપ્યું. ઉપકરણમાં ચંદ્રની સપાટીથી ૧૦ સેમી નીચે પહોંચવાની અને તાપમાન રેકૉર્ડ કરવાની ક્ષમતા છે. ChaSTE દ્વારા મોકલવામાં આવેલા ડેટા અનુસાર, ચંદ્રની જમીનમાં ૧ સેમી નીચેનું તાપમાન ૫૦ ડિગ્રી સૅલ્સિયસથી વધુ છે અને માત્ર ૮ સેમી નીચેની જમાનમાં તાપમાન -૧૦ ડિગ્રી સૅલ્સિયસ છે.તેનો અર્થ એ કે માત્ર ૮ સેમી ઊંડાઇએ તાપમાનમાં ૬૦ ડિગ્રી સૅલ્સિયસનો તફાવત જોવા મળે છે.દક્ષિણ ધ્રુવ ક્ષેત્રમાં તાપમાનનું આ પહેલું અવલોકન છે.

## આજે રાષ્ટ્રીય અવકાશ દિવસ





જાણ્યું અજાણ્યું
ડૉ.મિહિર એમ.વોરા

ઇસરોના વૈજ્ઞાનિક બીએચએમ દારુકેશાએ સમાચાર માધ્યમમાં જણાવ્યુ હતુ કે "જો તમે પૃથ્વીની સપાટીથી બેથી ત્રણ સેમી નીચે જાઓ છો, તો તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો તફાવત જોવા મળે છે પરંતુ ચંદ્ર પર આ તફાવત ૫૦ ડિગ્રીથી વધુ છે. જે ખૂબ જ નોંધપાત્ર છે. ઉપકરણ આગામી દિવસમાં તાપમાનમાં થતા ફેરફારોને પણ રેકૉર્ડ કરીને તેનો રિપોર્ટ આપશે. ચંદ્ર પર ઑક્સિજન, સલ્ફર અને આયર્ન જેવાં તત્વો ચંદ્ર પર હોવાનું જણાવ્યું છે. પ્રજ્ઞાન રૉવરે ચંદ્રની સપાટી પર માટી ખોદીને આ વાતની પુષ્ટિ કરી છે. આપણે એ ન સમજવું જોઈએ કે ચંદ્ર પર આ તત્ત્વો અલગથી રહેલાં છે. આ તત્ત્વો ચંદ્ર પર અલગઅલગ સ્વરૂપમાં રહેલાં હોઈ શકે છે.

હાઈડ્રોજન ની હાજરી માટે અભ્યાસ કરવાની જરૂર છે. પ્રજ્ઞાન રૉવર આ વિશે આવનારા દિવસોમાં માહિતી મેળવી શકે છે.ઇસરોના ચંદ્રયાન-૧ સ્પેસક્રાફ્ટ મુજબ ચંદ્ર પર થીજી ગયેલાં પાણીની સંભાવના છે. જો આ પુરવાર થઈ જાય તો ચંદ્ર પણ પાણીની શોધ એ ખૂબ મહત્ત્વની શોધ બનશે. તે માનવતા માટે મોટી ઉપલબ્ધિ બશે. કારણ કે પાણીમાંથી ઑક્સિજન અને હાઇડ્રોજનનો શ્વાસ લેવા માટે અને સ્પેસક્રાફ્ટ્સના ઈંધણ તરીકે ઉપયોગની સંભાવના બનેલી રહેશે. જો એક વખત આ તબક્કે વૈજ્ઞાનિકો પહોંચે તો ચંદ્ર પર સ્પેસ સ્ટેશન અને માનવ વસાહતોની સંભાવના તરફ વધી શકાય. હાલ તો આ બાબતે કંઈ કહી શકાય નહીં.પ્રાથમિક માહિતી અનુસાર એલ્યુમિનિયમ, સલ્ફર, કેલ્શિયમ, આયર્ન, ક્રોમિયમ, ટાઈટેનિયમ, મૅન્ગેનીઝ, સિલિકન અને ઑક્સિજન હોવાનું નોંધાયું છે.હાઇડ્રોજનની ઉપસ્થિતિની તપાસ થઈ રહી છે.આ માહિતી પ્રજ્ઞાન રૉવર પર લાગેલા લેઝર ઈન્ડ્યુસ્ડ બ્રેકડાઉન સ્પેક્રોસ્કૉપી ઉપકરણ વડે નોંધવામાં આવી છે. આ ઉપકરણ ચંદ્રની સપાટી પરથી પરાવર્તિત પ્રકાશના વર્ણપટની તપાસ લેઝર વડે કરે છે અને તેનાથી ચંદ્રની સપાટી પર રહેલા ખનીજો વિશે અંદાજ લગાવી શકાય છે. આની પહેલાં પ્રજ્ઞાન રૉવરે પૃથ્વી પર રહેતા લોકો માટે સંદેશ મોકલ્યો હતો જેમાં તેણે જણાવ્યું હતું કે તે અને તેનો મિત્ર વિક્રમ (લૅન્ડર) એકદમ મજામાં છે.૨૭ ઑગસ્ટ, ૨૦૨૩ ના રોજ પ્રજ્ઞાનૉ રૉવરના માર્ગમાં ત્રણ મીટરનો ખાડો જોવા મળ્યો હતો. આ ખાડાનો વ્યાસ લગભગ ચાર મીટર જેટલો હતો. માર્ગમાં વચ્ચે ખાડો હોવાને કારણે રૉવરને બીજા માર્ગે જવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

ઈસરોએ માહિતી આપી હતી કે હવે પ્રજ્ઞાન તેના બીજા માર્ગે આગળ વધી રહ્યું છે.વિક્રમ લૅન્ડર ચંદ્ર પર ઊતર્યાના થોડા કલાકો બાદ પ્રજ્ઞાન રૉવર બહાર આવ્યું. તે પછી, ઈસરોએ ચંદ્ર પર 'શિવ શક્તિ' પૉઈન્ટની પરિક્રમા કરી રહેલા પ્રજ્ઞાન રૉવરનો વીડિયો જારી કર્યો હતો. ઈસરોએ જાહેરાત કરી કે ચંદ્રયાન-૩ મિશનનો બીજો ઉદ્દેશ્ય પૂર્ણ થયો. ચંદ્રયાન-૩ મિશનમાં ઈસરોએ ચંદ્ર પર સૉફ્ટ લૅન્ડિંગ, રૉવરનું પરિભ્રમણ અને વૈજ્ઞાનિક પ્રયોગોના ઉદ્દેશ્યો રાખ્યા હતા. આ પહેલીવાર છે જ્યારે ઈસરોએ પૃથ્વીની બહાર કોઈ ગ્રહ અથવા ઉપગ્રહની સપાટી પર આ પ્રકારનું રૉવર લૉન્ચ કર્યું હોય. તે ચંદ્રના દક્ષિણ ધ્રુવ ક્ષેત્રમાં નિયંત્રિત ભ્રમણકક્ષા કરનાર પ્રથમ અવકાશયાન પણ બની ગયું છે.ચંદ્રયાન-૩નું વિક્રમ લૅન્ડર ચંદ્ર પર તારીખ ૨૩ ઑગસ્ટના દિવસે ઊતર્યું હતું, ત્યાર બાદ લૅન્ડિંગ ઈમેજર કૅમેરાએ તસવીરો લીધી હતી.આ તસવીરોમાં ચંદ્રયાન-૩ જ્યાં ઊતર્યું તે જગ્યાને જોઈ શકાય છે, એટલે કે વિક્રમ લૅન્ડર જ્યાં ઊતર્યું અને વિક્રમ લૅન્ડરના પગ અને તેનો પડછાયો.ચંદ્રના દક્ષિણધ્રુવનો આ વિસ્તાર ઊબડખાબડ છે અને ખડકો ધરાવતી જમીનનો છે. પરંતુ લાગે છે કે વિક્રમ લૅન્ડરે ઊતરવા માટે ચંદ્ર પર સરખામણીમાં સમતલ છે.ચંદ્રયાન-૩ મિશન માંકામકારનાર વૈજ્ઞાનિક ના નામ માં મુખ્ય છે એસ. સોમનાથ,પી વીરમુથુવેલમ ,રોકેટ વુમન ઋતુ કરીધાલ,એસ ઉન્નીકૃષ્ણન નાયર,એમ શંકરન,એ રાજરાજન. વડાપ્રધાને ચંદ્ર પર બે પોઇન્ટને તિરંગા પોઇન્ટ (ચંદ્રયાન-૨ ના પદચિહ્ન) અને શિવશક્તિ પોઇન્ટ (ચંદ્રયાન- ૩નું લૅન્ડિંગ સ્પોટ) નામકરણ કર્યું હતું. આ નામો આધુનિકતાની ભાવનાને સ્વીકારતી વખતે આપણા ભૂતકાળના સારને સુંદર રીતે કેપ્ચર કરે છે. આ નામો માત્ર શીર્ષકો કરતાં વધુ છે. તેઓ એક એવો તંતુ સ્થાપિત કરે છે, જે આપણી વૈજ્ઞાનિક મહત્વાકાંક્ષાઓ સાથે આપણા સહસ્ત્રાબ્દી જૂના વારસાને જટિલ રીતે જોડે છે. ચંદ્રયાન-૩ની સફળતા એ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ,"જય વિજ્ઞાન, જય અનુસંધાનનો સૌથી મોટો પુરાવો છે.

અંતરિક્ષ ક્ષેત્ર હવે ભારતીય સ્વદેશી સ્ટાર્ટ-અપ્સ અને એમએસએમઇ માટે વધુ ખુલશે અને લાખો રોજગારીનું સર્જન કરશે તથા નવી શોધને અવકાશ આપશે. તે ભારતના યુવાનો માટે સંભાવનાઓની દુનિયા ખોલશે.ચંદ્રયાન-૩ મિશનની સફળતાથી જે જ્ઞાન પ્રાપ્ત થશે, તેનો ઉપયોગ માનવતાના લાભ અને પ્રગતિ માટે કરવામાં આવશે, ખાસ કરીને વૈશ્વિક દક્ષિણના દેશોના લાભ અને પ્રગતિ માટે કરવામાં આવશે જો કે વૈજ્ઞાનીકોએ હવે ચંદ્રયાન ૪-૫ માટેની ડીઝાઇન પણ તૈયાર કરી હોવાનુ ઇસરોના એક વરિષ્ઠ સંસોધકે જણાવ્યુ હતુ.

# અંજારના પિતા એ હૃદયપૂર્વક વ્હાલસોઈ દિકરીના અંગોનું દાન કર્યુ

**અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટના દિલીપ દેશમુખ (દાદા) દ્વારા દિકરીના પિતાને અંગદાન અંગે પ્રોત્સાહિત કરતા પિતાએ વ્હાલસોઈ દીકરીના અંગદાનનો નિર્ણય કર્યો સિવિલ હોસ્પિટલમાં ૧૬૧માં અંગદાન થકી એક લીવર, બે કીડની , બે આંખો(કોર્નિયા) તથા સ્કીનના અંગદાન સાથે કુલ ત્રણ અંગો અને ત્રણ પેશીઓનું દાન અપાયુ**

અમદાવાદ, તા.૨૨

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૧૬૧ મું અંગદાન થયું. છે આ સાથે અંગદાન જાગૃતિ માટે સતત લોકો જાગૃત બની રહ્યા છે. ત્યારે કચ્છ જિલ્લાના અંજાર તાલુકા સ્થિત મોમાયનગર ખાતે રહેતા જગદીશ રાજગોરની ૨૪ વર્ષીય દીકરી જીનલને બ્રેઈન સ્ટ્રોક થતા તારીખ ૧૯/૦૮/૨૦૨૪ ના રોજ સઘન સારવાર અર્થે કચ્છ થી સિવિલ હોસ્પિટલ,અમદાવાદમાં લાવવામાં આવી હતી.સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તારીખ ૨૧-૦૮-૨૦૨૪ના રોજ ડોક્ટરોએ જીનલને બ્રેઈન ડેડ જાહેર કરી હતી દર્દી જીનલ અને તેનું પરીવાર કચ્છનું હોવાથી અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટના દિલીપ દેશમુખ (દાદા) કે જેમની કર્મભુમી પણ કચ્છ રહી છે તેમને કોઇક રીતે આ અંગે જાણ થતા તેમણે સિવિલ હોસ્પિટલ આવી પોતે જીનલના પિતા સાથે વાત કરી તેમને અંગદાન વિશે સમજાવ્યા હતા વધુમાં અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રયાસોથી આજે ઘણા લોકો આ વિશે જાગ્રુત થયા છે જેના પરીણામે જ આ બ્રેઈન ડેડ દીકરી જીનલના પરીવારના નજીકના સગામાં અને પોલીસ વિભાગમાં કાર્યરત એવા સ્નેહાબેનના પ્રયાસો અને સમજણથી પિતા જગદીશ પોતાની દીકરીના બ્રેઈન ડેડ હોવાની વાતને સમજી અને સ્વીકારી શક્યા અને પોતાની દીકરી જેવી બીજી કોઇ




દીકરી કે અન્ય જરુરીયાતમંદની જીંદગી બચાવવા અંગદાન કરવાનો નિર્ણય લઇ શક્યા..અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુપ્રિટેન્ડન્ટ ડૉ.રાકેશ જોષી એ જણાવ્યું હતું કે, જીનલના અંગદાનથી મળેલ બે કિડની, એક લીવરને સિવિલ મેડીસીટી કેમ્પસની જ કીડની હોસ્પિટલ ના જરુરીયાતમંદ દર્દીઓમાં પ્રત્યા રોપણ કરવામાં આવશે. આંખોને સિવિલ મેડીસીટી કેમ્પસની એમ એન્ડ જે આંખની હોસ્પિટલમાં આઇ બેંકમાં સ્વીકારવામાં આવી હતી મળેલ સ્કીનને સિવિલ હોસ્પિટલ ની સ્કીન બેંકમાં રાખી દાઝેલા કે અન્ય જરુરીયાતમંદ દર્દીમાં ગ્રાફ્ટ કરવામાં આવશે.



આમ આ અંગદાન થી કુલ ત્રણ થી ચાર લોકોની જીંદગી બચાવવામા સફળતા મળશે. તેમજ બે લોકો ને આંખોની રોશની આપી તેમના જીવનમાં એક નવી ઉજાસ પાથરી શકવા પરિવાર સહભાગી થયો હતો સિવિલ હોસ્પિટલ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૧૬૧ અંગદાતાઓ થકી કુલ ૫૨૦ અંગો તેમજ પાંચ સ્કીન નું દાન મળેલ છે. જેના થકી ૫૦૪ વ્યકિતઓને જીવનદાન મળ્યુ છે. ગુજરાતમાં તાજેતરમાં અંગદાન અંગે જાગૃતિ આવી છે જેમાં કચ્છના લોકો પણ અંગદાન અંગે જાગૃત બન્યા છે. તાજેતરમાંજ સામે આવેલા આંકડામાં ગુજરાત અંગદાનમાં આગલ નિકળ્યુ છે. ત્યારે આવા કિસ્સામાં પરિવારની અંગદાન અંગે જાગૃતિ કેટલાયને નવી જીદંગી આપે છે. અને વધુમાં વધુ લોકો આ મુહીમમાં જોડાઇ રહ્યા છે.

CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE

# જુગારીઓનુ 'ધાણી પુજન' પોલીસનો કાયદાનો ચાંદલો

**ભુજના નાગોર નજીક ધમધમતી હરતીફરતી જુગાર કલ્બ પર દરોડો પાડી ભુજ એ-બી ડીવીઝન એ સ્યુક્ત દરોડો પાડી ૪૧.૭૨ લાખના મુદામાલ સાથે બે મહિલા સહિત ૧૮ ખેલી ઝડપ્યા પછ્છિમ કચ્છના ખુણેખુણે પહોંચી જતી મહત્વની લોકલ ક્રાઇમ બ્રાન્ચના હાથ આ જુગાર પકડવામાં ટુંકા પડ્યા**

ભુજ તા.૨૨

એક તરફ શિવભક્તો ભગવાન ભોળાનાથની ભક્તિમાં લીન છે ત્યા બીજી તરફ જુગારીઓ પત્તા-ધાણીની રમતમાં લીન છે. તેવામાં ભુજના પુજન ગોર સંચાલીત જુગાર ક્લબ પોલીસના હાથે ચડી છે. ભુજ શહેર એ ડીવીઝન પોલીસે બાતમી આધારે નાગોર રોડ, પાંજરા પોળ પાછળ બાવળોની ઝાડીઓ વચ્ચે ખુલ્લી જગ્યામાં બેટરી લાઇટના અજવાળે ધાણી પાસાનો જુગાર રમતા ૧૮ ખેલીઓને ૪૧.૭૨ લાખના મુદામાલ સાથે ઝડપી પાડ્યા હતા.ભુજ શહેર એ ડીવીઝન તથા બી.ડીવીઝન પો.સ્ટે.ના સર્વેલન્સ સ્ટાફના માણસોએ સંયુક્ત રીતે બાતમી આધારે કરેલી કાર્યવાહીમાં ઝાડીઓ વચ્ચે બેટરી લાઇટના અજવાળે જુગાર રમતા, કાસમ જુમા જુની સેન્ટર જેલ પાછળ ભુજ, પ્રેમલ કિરણ શાહ વાઇટ બિલ્ડીંગ પાસે ભુજ, હાજી નુરમામદ ગંઢ સિનુગ્રા, દિપ શાંતિલાલ વ્યાસ જયુબિલી હોસ્પિટલ શેરી ભુજ, સલીમ જુસબ મોખા દાદુપીર રોડ ભુજ, અબ્દુલ લતિફ મેમણ દાદુપીર રોડ ભુજ, પુંજન ગિરિશ ગોર આર. ટી.ઓ.રીલોકેશન ભુજ, મામદ હુસૈન જુણેજા સંજોગનગર ભુજ, ઈમરાન અબ્દુલકરીમ નાઇયા સંજોગનગર ભુજ, મીત કાંતીભાઇ ઠક્કર જેષ્ઠાનગર ભુજ, જયેશ કરસન વ્યાસ શિવહરિનગર ભુજ, હિરેન દિનેશ ઠક્કર ઓધવપાર્ક ભુજ, હનિફ સુલેમાન પારા સલાયા તા.માંડવી, હલીમાબાઇ હસમુખ ગોર શિવનગર ભુજ, સલમાબાઇ સલેમાન ગંઢ લીલાશાનગર ગાંધીધામ, સંદીપ



રમણલાલ શાહ વાણીયાવાડ ભુજ, રજાક મામદ જુણેજા ટાયબા ટાઉન શીપ ભુજ, અને હિરેન શાંતીલાલ ગોર કોડકી રોડ ભુજ, ને રોકડ રૂપીયા ૫,૨૩,૫૦૦, મોબાઇલ નંગ-૧૫ રૂ. ૧,૫૯,૦૦૦, ટુ વ્હીલર વાહન-૧૧ રૂ.૩,૬૦,૦૦૦, ફોરવ્હીલ વાહન-૦૬ રૂ.-૩૧,૦૦,૦૦૦, રીક્ષા-૧ કિ.રૂ.૩૦,૦૦૦, ધાણી પાસા નંગ-૦૮, લાકડાના પાટીયા નંગ-૩ એમ કુલ્લે રૂ.૪૧,૭૨,૫૦૦ ના મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી કામગીરીમાં ઇન્ચાર્જ પોલીસ ઈન્સપેક્ટર આર. સી.ગોહીલ સાથે હેડ.કોન્સ.મહિપાલ સિંહ જાડેજા,રણજીતસિંહ જાડેજા, દિગ્વિજયસિંહ ગોહિલ,ભરત ઠાકોર, મનુભાઈ નાડોદા, મનવીર જાડેજા, મહેશ પ્રજાપતિ કોન્સ.લાખાભાઈ બાંભવા, જીવરાજ ગઢવી, કુલદિપ સિંહ ઝાલા, દશરથ ચૌધરી, કૈલાશ ચૌધરી, વિક્રમસિંહ રાઠોડ, રણજીતસિંહ રાજપુત, વિશાલ સોની, અમીત પ્રજાપતિ, નરેશ પ્રજાપતિ, વુ.પો.હે.કોન્સ.લીલાબેન ચૌધરી, ભુજ શહેર બી.ડીવી.પો.સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફના એ.એસ.આઇ. નિલેશ ભટ્ટ, તથા મયુરસિંહ જાડેજા જોડાયા હતા. પુજન ગોર સહિત અનેક શહેરના નામચીન વ્યક્તિઓ આ જુગારમા ઝડપાયા હતા સાથે સોસીયલ મીડિયામાં જુગાર સાથે સટ્ટામાં નામચીન વ્યક્તિઓ પણ પકડાયા હોવાના દાવા સાથેના ફોટા પણ વાયરલ થયા હતા.

## શુ કોઇની મંજુરીથી ચાલુ હતી ક્લબ?

આમતો કચ્છમાં દારૂ-જુગારની બદી અને ગેરકાયેદસર પ્રવૃતિ પર લખવા જઇએ તો કેટલાય પુસ્તકો લખાય તેમ છે. કેમકે કડક અધિકારીઓની છાપ અને પોલીસની કાર્યવાહી વચ્ચે સુનીયોજીત રીતે કેટલાય કામો બિન્દાસ ચાલી રહ્યા છે. તેવામાં નાગોર નજીક પકડાયેલી આટલી મોટી કલબ અને નામચીન શખ્સોના કિસ્સામા સવાલ ચોક્કસ થાય કે શુ કોઇની મંજુરી સાથે આ ક્લબ ચાલુ કરાઇ હતી. કેમકે સ્થાનીક પોલીસ તથા પચ્છિમ કચ્છના ખુણે-ખુણે પહોંચી જતી મહત્વની લોકલ ક્રાઇમ બ્રાન્ચના હાથ પણ અહી ટુંકા પડ્યા હતા. સ્થાનીક માધ્યમોમાં થોડા દિવસ પહેલાજ આવી પ્રવૃતિઓ શરૂ થઇ હોવાના અહેવાલો પ્રકાશીત થયા હતા તેવામાં મહત્વની બ્રાન્ચની બાદબાકી વચ્ચે થયેલી આ કાર્યવાહી બંધ બારણે મંજુરી તરફ ઇશારા કરે છે. કેમકે દુર-દુરથી ખેલીઓ આવતા હોય અને પોલીસ અજાણ હોય તેવુ તો બનેજ નહી તેવામાં જુગાર મામલે પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઉંડી તપાસ કરે તો પડદા પાછળની કોની શુ ભુમીકા છે તે સામે આવે.

## એસ.પી. સાહેબ કેટલી ક્રોસ રેડ કરાવશો?

પચ્છિમ કચ્છ હોય કે પુર્વ કચ્છ અનેક સ્થળે સ્થાનીક લોકોથી લઇ માધ્યમોમાં દારૂ-જુગાર સહિતની બદીઓ ધમધમતી હોવાના આક્ષેપ તથા સચોટ પુરાવા સાથેના અહેવાલો પ્રકાશીત થાય છે. પરંતુ પોલીસની સ્પષ્ટ મીઠી મંજુરીથી આવી પ્રવૃતિઓ ફુલીફાલી છે. તેવામાં નાગોર નજીક ઝડપાયેલી જુગાર ક્લબમાં પણ મીઠી નજરની માહિતી સામે આવ્યા બાદ પોલીસવડાએ આ રેડ કરાવી હોવાનુ પોલીસ વિભાગમાં ચર્ચાઇ રહ્યુ છે. જો કે આવી ક્રોસ રેડ તો કેટલાય સ્થળો પર થાય તેમ છે કેમકે અનેક સામાજીક આગેવાનો વારંવાર તેના ખુલ્લા પુરાવા આપે છે તો પોલીસના મજબુત બાતમીદારના નેટવર્ક વચ્ચે કાઇ વસ્તુ પોલીસથી છાની રહે તેમ નથી તેવામાં સામાન્ય દારૂ જુગારની સાથે મીઠી નજરથી ધમધમતી આવી તમામ પ્રવૃતિ પર ક્રોસ રેડ થાય તો અનેક આવી પ્રવૃતિઓ ખુલ્લી થાય તેમ છે. જો કે જુગારના આ દરોડાથી મહત્વની બ્રાન્ચની કામગીરી સામે અનેક સવાલો ઉભા થઇ રહ્યા છે.

# અંજારના એ શ્રમીકની હત્યા ટુનટુને કરી હતી




અંજાર, તા.૨૨

અંજાર વિસ્તાર હાલ ચકચારી હત્યાને લઇને ચર્ચામાં છે તેવામાં સરજાહેર હત્યા કરનાર યુવકને ગણતરીની કલાકો માં દબોચ્યા બાદ વરસામેડી નજીક થયેલી એક શ્રમીકની હત્યાનો ભેદ પણ પોલીસે ઉકેલી નાંખ્યો છે. અંજારના વરસામેડી નજીકના અરહંતનગર વિસ્તારમાં શ્રમીક હત્યા કરી દેવાઇ હતી અજાણ્યા શખ્સે હત્યા કર્યાની કેફીયત પોલીસને સાથે રહેતા ટુન ટુને આપી હતી જો કે પોલીસે તમામ દિશામાં તપાસ કર્યા બાદ તેની સાથે રહેતો ટુનટુન પ્રસાદ જ નિકળ્યો છે. મંગળવારે શંભુની હત્યા કરી દેવાઇ હતી બાદમાં ટુનટુન તેને હોસ્પિટલ લઇ ગયો હતો અને અજાણ્યા બુકાનીધારી હત્યા કરી ફરાર થયા હોવાની કેફીયત આપી હતી દરમ્યાન પોલીસને શંકા જતા પોલીસે તપાસ કરતા ટુનટુને જ હત્યા કરી હોવાનુ સામે આવ્યુ છે. ટુનટુન ને શંભુ અવારનવાર માર મારતો અને રસોઇ પણ તે કાયમી બનાવતો હોવાની નજીવી બાબતનુ મનદુખ રાખી આ હત્યા કરાઇ હોવાનુ સામે આવ્યુ છે. અંજારમાં બે દિવસમાં બે હત્યાની ઘટનાએ ચકચાર સર્જી હતી પરંતુ પોલીસે બન્ને કેસમાં ભેદ ઉકેલી નાંખ્યા છે. ટુનટુન તેની સાથે રહેતા શ્રમીકની હત્યા કર્યા બાદ પોતે અજાણ્યા શખ્સ પર શંકા વ્યક્ત કરી હતી પરંતુ પોલીસને શંકા જતા પોલીસે તપાસ કરી હતી જેમાં તેજ હત્યારો નિકળ્યો હતો પોલીસ ઇન્સ્પેક્ટર એ.આર.ગોહિલ સહિતનો સ્ટાફ કાર્યવાહીમા જોડાયો હતો. શંભુની હત્યા ટુનટુને નજીવી બાબતે કરી હોવાની કબુલાત આપી હતી.

# પુર્વ કચ્છમા પોલીસની જુગારીઓ પર તવાઈ યથાવત : ૧૬ ઝડપાયા

**આદિપુર,ગાંધીધામ વિસ્તારમાં ગંજીપાના અને મટકાના જુગારીઓ પકડાયા તો ગાંધીધામ પોલીસે કાર્ગો ઝુપડા અને મીઠીરોહરમાં ૮ જુગારી પકડ્યા ભુજ સહિત જુગારીઓ પર પોલીસની તવાઈ યથાવત રહી છે**

ગાંધીધામ તા.૨૨

અહીંની બી ડીવીઝન પોલીસે બે જુદી જુદી કાર્યવાહીમાં મીઠી રોહર અને કાર્ગો ઝુપડપટ્ટીમાં ૮ જુગારીઓને ઝડપી પાડ્યા હતા, સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ નાઈટ પેટ્રોલીંગમાં હતા ત્યારે મળેલી બાતમી આધારે મીઠીરોહર ગામની અંદર જાહેરમાં રોડ લાઈટના અજવાળામાં ગંજીપાના વડે જુગાર રમતા ત્રણ આરોપીઓ ઇબ્રાહીમ લધા સોઢા, રમઝાન ઈસ્માઈલ ત્રાયા અને ઈસ્માઈલ જુમા સોઢા ઝડપાઇ ગયા હતા, તેમની પાસેથી રોકડા રૂ.૧૩,૮૦૦ અને ગંજીપાના કબ્જે કરાયા હતા, અન્ય એક કાર્યવાહી નાઈટ પેટ્રોલીંગ દરમ્યાન જ મળેલ બાતમી આધારે કાર્ગો ઝુપડા આઝાદનગર ખાતે આવેલ નટવાસ વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા પાંચ આરોપી ઓ જગદીશ ચોકીન નટ, મુસ્તુફા ઈમામશા દિવાન, ભરત ધારશી દેવી પુજક ઇસ્માઈલ રીયાઝહુશેન વિરા અને હરેશ છગન ગોહિલને પકડી પાડી તેમની પાસેથી રોકડા રૂ.૧૯,૨૦૦ કબ્જે કરી તમામ આરોપીઓ વિરૂધ્ધ જુગારધારાની કલમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. આ કામગીરી




ગાંધીધામ બી ડીવીઝન પોલીસ ઇન્સ. એસ.વી.ગોજીયા, સબ ઇન્સ.એલ. એન.વાઢીયા તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ કર્મચારીઓ દ્વારા કરવામા આવી હતી. જુગારની બદી નાબુદ કરવા ખાસ ડ્રાઇવ અંતર્ગત એલસીબી પી.આઈ. એન. એન. ચુડાસમા ની આગેવાનીમાં અલગ-અલગ ટીમો બનાવી ગાંધીધામ બી ડીવી. તથા આદિપુર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન મળેલ બાતમી આધારે આદિપુરમાં ગાયત્રી દાબેલી લારી પાસે મદનસિંહ સર્કલ ખાતે વરલી મટકાના આંક ફરકના હારજીતનો જુગાર રમાડતા ગુરમુખદાસ વિરૂમલદાસ સતવાણી (રહે.આદિપુર), ને રોકડા રૂ. ૧૪,૧૧૦ તથા ડાયરી/પેન સાથે તેમજ રિધ્ધી સિધ્ધી આર્કેડના સામેના ભાગે આવેલ સેકટર નં.૮ ગાંધીધામ ખાતે જાહેરમાં ગંજીપાના વડે રૂપિયા ની હારજીતનો જુગાર રમતા ૭ ઇસમો વિજય રમણીકલાલ પરમાર, વિમલ ઠાકરશી સચદે (ઠક્કર),અશોક રાયચંદ ઠક્કર, કૈલાશકુમાર હસ્તીમલ સુથાર,મનસુખ મલુ સોલંકી, કિરીટ રઘુનાથ પરમાર,અને દિનેશ કરશન ઝરૂ પર રેઈડ કરી પકડી પાડી તેમની પાસેથી રોકડા રૂ.૬૮,૫૦૦, મોબાઈલ ફોન-૭ કિ.રૂ. ૧,૧૦,૦૦૦ એમ કુલ્લ રૂ.૧,૭૮,૫૦૦ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા, આગળની કાર્યવાહી માટે આદિપુર તથા ગાંધીધામ બી ડીવીઝન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા હતા. આ કામગીરી લોકલ ક્રાઈમ બ્રાન્ચના ઇન્સપેક્ટર એન.એન.ચુડાસમા સબ ઈન્સપેક્ટર એમ.વી.જાડેજા તથા એલ.સી.બી. સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# વિધાનસભામાં હોબાળો : કોંગ્રેસના ધારાસભ્યો સસ્પેન્ડ

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રનો આજે બીજો દિવસ છે. ગૃહમાં ટૂંકી મુદતના પ્રશ્નો રદ થવા મામલે કોંગ્રેસે સવાલો ઉઠાવી બેનરો સાથે સુત્રોચ્ચાર કર્યા હતાં. ત્યાર બાદ વિપક્ષના ધારાસભ્યોએ વોકઆઉટ કર્યું હતું. બાદમાં વિધાનસભા અધ્યક્ષ દ્વારા ગૃહમાં મતદાન દ્વારા કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોને એક દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ ધારાસભ્યોના ટૂંકી મુદ્દતના પ્રશ્નો રદ થતાં પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હતો. અધ્યક્ષે જણાવ્યું હતું કે, નિયમ વગર કામ ન કરી શકાય, કાર્યવાહી વિધાનસભાના નિયમો પ્રમાણે ચાલે છે, હું ચર્ચા કરવાનો મોકો આપીશ. આ તરફ પ્રશ્નો રદ થતાં કોંગ્રેસના ધારાસભ્યોએ બેનર દર્શાવ્યા હતા. અધ્યક્ષે જણાવ્યું હતું કે, પહેલેથી નક્કી કરી બેનર બતાવો તે યોગ્ય નથી. વિધાનસભા અધ્યક્ષે સાર્જન્ટને બેનર લઈ લેવા સૂચના આપી હતી. જેને લઈને કોંગ્રેસના ધારાસભ્યોએ ગૃહમાંથી વોક આઉટ કર્યું હતું.

કોંગ્રેસના ધારાસભ્યોને એક દિવસ માટે સસ્પેન્ડ કરવા સંસદીય મંત્રી ઋષિકેશ પટેલે પ્રસ્તાવ મુક્યા બાદ અધ્યક્ષ દ્વારા કાર્યવાહી કરાઈ છે.ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગૃહમાં કહ્યું હતું કે, સંસદીય મંત્રીએ જે દરખાસ્ત મૂકી છે એને હું ટેકો જાહેર કરું છું. બીજું એ કહેવા માગુ છું કે, સરકારે કમટી બનાવી છે. આ કિસ્સો સરકારે પકડ્યો છે. સામાન્ય માણસની ચિઠ્ઠીને આધારે આખી તપાસ શરૂ કરી છે. આ ચર્ચા ગૃહમાંથી લાવવાથી કેટલાક લોકોને બચવાનો રસ્તો મળી શકે એમ છે. જાણી જોઈને આ રીતે ગૃહનો સમય બગાડવો અને પ્રજાના પ્રશ્નોની ચર્ચા રોકવાનો પ્રયાસ છે.

વિધાનસભા ગૃહમાં કોંગ્રેસના ધારાસભ્ય અમિત ચાવડાએ ટૂંકી મૂદતના પ્રશ્ન બાબતે કહ્યું હતું કે, આજે બે જ પ્રશ્ન દાખલ થયા છે. કોંગ્રેસનો એક પણ પ્રશ્ન દાખલ કરવામાં આવ્યો નથી. ત્યારે અધ્યક્ષ શંકર ચૌધરીએ કહ્યું હતું કે, ટૂંકી મૂદતના પ્રશ્ન જવાબ મંત્રીની સહમતીથી દાખલ કરવામાં આવે છે. અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, અમારા ૧૨ પ્રશ્ન છે એક પણ પ્રશ્ન દાખલ કરવામાં આવ્યો નથી. ગઈ કાલે અતિવૃષ્ટિનો પ્રશ્ન દાખલ કરવામાં આવ્યો ન હતો. ભાજપના ધારાસભ્ય રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, પ્રશ્નોત્તરી શરૂ થાય અને પૂર્ણ થયા બાદ જ પોઈન્ટ ઓફ ઓડર ઉઠાવી શકાય છે. કોનો પ્રશ્ન લેવો કે ન લેવો તે નિયમ પ્રમાણે નક્કી થાય છે. કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે જણાવ્યું હતું કે, ટૂંકી મૂદતના પ્રશ્નોથી પ્રજાના પ્રશ્નોને વાચા આપી શકાય. પ્રશ્નોના જવાબ આપવા માટે મંત્રીઓ કેમ ડરે છે. જવાબ આપવામાં મંત્રીઓ કેમ ભેદભાવ રાખે છે. ગઈ કાલે એક પ્રશ્નની ચર્ચા થઈ પણ આજે એક પણ પ્રશ્ન દાખલ કરવામાં આવ્યો નથી. મંત્રી બળવંતસિંહ રાજપુતે જણાવ્યું હતું કે, ગમે તે પ્રશ્ન હોય અમે જવાબ આપીએ છીએ. અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, અગ્નીકાંડ, દાહોદમાં નકલી કચેરી, ડ્રગ્સ, દુષ્કર્મ જેવા વિષય પર તાકીદ ચર્ચા થવી જોઈએ. વિધાનસભા અધક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું કે, ટૂંકી મૂદતના પ્રશ્નનો જવાબ મંત્રીએ આપવો પડશે એવો કોઈ અધિકાર નથી. એક પણ પ્રશ્ન કોંગ્રેસનો આવ્યો નથી એવું નથી એની એક મર્યાદા હોય છે.

## રાજ્ય સરકારે ૨૧૯૭૮ લોકોને ૨૬૨ કરોડની લોન આપી

ગુજરાતમાં વ્યાજખોરોની વિરૂધ્ધ કરવામાં આવેલી કાનૂની કાર્યવાહી સંદર્ભે વિધાનસભા ગૃહમાં પુછાયેલા ટુંકી મુદતના પ્રશ્નનો જવાબ આપતા ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ હતું કે, રાજ્યમાં અનેક સામાન્ય, મધ્યમ તથા ગરીબ વર્ગના પરિવારો ઘરનો પ્રસંગ સાચવવા, બાળકોના ભાવી સુરક્ષિત કરવા ઉચ્ચ શિક્ષણ માટે કે સંતાનોને વિદેશ મોકલવા સહિતના કારણોસર ક્યારેક ઉંચા વ્યાજે ધિરાણ લઇ વ્યાજખોરોના ચક્રવ્યુહમાં ફસાઇ જાય છે. વ્યાજખોરોની ચુંગાલમાંથી આવા પરિવારોને મુક્ત કરવા ગુજરાત પોલીસે વિશેષ ડ્રાઇવના આયોજન કર્યા હતા.૩૧મી જુલાઇ ૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે માસમાં ૫૬૫ વ્યાજખોરો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવામાં આવી છે. માણસ જ્યારે વ્યાજના વિષચક્રમાં ફસાઈ જાય છે ત્યારે પોતાના સગા-સબંધી અને મિત્રો અંતર રાખી લે છે લોકો દૂર ભાગે છે. તેવા સંજોગોમાં વડાપ્રધાન મોદીએ વિવિધ યોજનાઓ જેવી કે (૧) પ્રધાનમંત્રી મુદ્રા યોજના (૨) બાજપાઇ બેક્રેબલ લોન યોજના (૩) પી.એમ. સ્વનિધિ યોજના (૪) કિસાન સાથી યોજના (૫) પર્સલન લોન યોજના (૬) મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના (૭) વડાપ્રધાન રોજગાર નિર્માણ કાર્યક્રમ (૮) દંત્તોપંત ઠેગડી કારીગર વ્યાજ સહાય યોજના (૯) જ્યોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના (૧૦) માનવ કલ્યાણ યોજના (૧૧) ઔદ્યોગીક સહકારી મંડળીની પેકેજ યોજના હેઠળ લોકોને લોન અપાવી છે.